દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 218 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ ભાદ્રપદ સુદ-૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 12 September 2024, Thursday ■ REGD.No. MCS/058/2018-20
ગુરુવાર, ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦
લાડકી પૂર્તિ ૫ ૬ ૭ ૮
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ભારત સેમિકન્ડક્ટરનું પાવરહાઉસ બનશેઃ મોદી




સેમિકોન : ઉત્તર પ્રદેશના નોઈડામાં સેમિકોન ઈન્ડિયા ૨૦૨૪ના ઉદ્‌ઘાટન દરમિયાન ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ એક પ્રદર્શનમાં હાજરી આપી હતી. (પીટીઆઈ)




સેમિકન્ડક્ટર : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે ઉત્તર પ્રદેશના નોઈડામાં સેમિકોન ઈન્ડિયા ૨૦૨૪નું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ અવસરે કેન્દ્રના ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફર્મેશન ટેક્નોલોજીના પ્રધાન અશ્વિની વૈષ્ણવ, ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ અને બીજા મહાનુભાવો હાજર રહ્યા હતા.

ગ્રેટર નોઇડાઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સેમિકન્ડક્ટર્સના સ્થાનિક ઉત્પાદનમાં રોકાણને વેગ આપવાની બાબતને ધ્યાનમાં રાખીને બુધવારે જણાવ્યું હતું કે ભારત સેમિકન્ડક્ટરનું પાવરહાઉસ બનશે અને સપ્લાય ચેઇનની સ્થિતિસ્થાપકતા અર્થતંત્ર માટે મહત્ત્વપૂર્ણ છે.

સેમિકોન ૨૦૨૪ કોન્ફરન્સમાં બોલતા, વડા પ્રધાને ભારતના સુધારાવાદી શાસન, સ્થિર નીતિઓ અને સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગમાં રોકાણ માટે હિન્દુસ્તાનને યોગ્ય બજાર ગણાવતા જણાવ્યું હતું કે ''૨૧મી સદીના ભારતમાં, ચિપ્સ ક્યારેય ડાઉન થતી નથી. જ્યારે ચિપ્સ ડાઉન થાય, ત્યારે તમે ભારત પર મદાર રાખી શકો છો. તમે યોગ્ય સમયે યોગ્ય જગ્યાએ છો. મોબાઈલ મેન્યુફેક્ચરિંગ, ઈલેક્ટ્રોનિક્સ કે સેમિકન્ડક્ટર્સ હોય, અમારું ધ્યાન સ્પષ્ટ છે - અમે એવી દુનિયા બનાવવા માગીએ છીએ જે કટોકટીના સમયે અટકે નહીં અથવા થોભશે નહીં પરંતુ આગળ વધતી રહે.''

મોદીએ જણાવ્યું હતું કે જ્યારે ડિઝાઇનિંગની દુનિયામાં દેશનું યોગદાન ૨૦ ટકા છે, ત્યારે ભારત ૮૫૦૦૦ ટેક્નિશિયન, એન્જિનિયરો અને આર એન્ડ ડી નિષ્ણાતોનું સેમિકન્ડક્ટર વર્કફોર્સ બનાવી રહ્યું છે.

ભારત ત્રિ-પરિમાણીય શક્તિ ધરાવે છે - એક સુધારાવાદી સરકાર, વિકસતો ઉત્પાદન આધાર અને મહત્ત્વાકાંક્ષી બજાર જે ટેક્નોલોજીકલ વલણોથી વાકેફ છે તે સમજાવતા વડા પ્રધાને કહ્યું કે ૩ડી પાવરનો આ આધાર અન્યત્ર મળવો મુશ્કેલ છે.

સેમિકન્ડક્ટર માર્કેટ ૨૦૨૬ સુધીમાં ૬૩ અબજ ડૉલરને સ્પર્શે તેવી ધારણા છે, ભારતે ચિપમેકર્સ અને તેમના સપ્લાયર્સને આકર્ષવા અને વર્તમાન જરૂરિયાતોને પહોંચી વળવા તથા આયાત માટે તાઇવાન જેવા દેશો પર નિર્ભરતા ઘટાડવા માટે રૂ. ૭૬૦૦૦ કરોડનો કાર્યક્રમ બનાવ્યો છે. તે પ્રોગ્રામે દરરોજ લગભગ ૭૦ મિલિયન ચિપ્સના ઉત્પાદનમાં લગભગ રૂ. ૧.૫ લાખ કરોડનું રોકાણ ખેંચ્યું છે. ટાટા ગુજરાતના ધોલેરામાં રૂ. ૯૧૫૨૬ કરોડનો ભારતનો પ્રથમ ચિપમેકિંગ પ્લાન્ટ સ્થાપવા માટે તાઈવાનની પાવરચિપ સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ કોર્પ સાથે ભાગીદારી કરી રહી છે. અન્ય ચિપમેકિંગ પ્લાન્ટ ભારતમાં શરૂ થવાના છે. ભારતના (જુઓ પાનું ૨) ▶▶

## સેમિકન્ડક્ટરની નવી નીતિ ૩-૪ મહિનામાં અમલમાં આવશેઃ વૈષ્ણવ

નવી દિલ્હીઃ કેન્દ્રીય પ્રધાન અશ્વિની વૈષ્ણવે બુધવારે જણાવ્યું હતું કે, સરકારે સેમિકન્ડક્ટર પૉલિસીના બીજા તબક્કા, સેમિકોન ૨.૦ પર કામ કરવાનું શરૂ કરી દીધું છે, જે ૩-૪ મહિનામાં લાગુ થવાની ધારણા છે. સેમિકોન ઈન્ડિયા ૨૦૨૪માં બોલતા એમને કહ્યું કે ૩-૪ રાજ્યએ સેમિકન્ડક્ટર રોકાણ આકર્ષ્યા છે અને ઉત્તર પ્રદેશમાં ટૂંક સમયમાં એક યુનિટ શરૂ થશે.

''અમે હવે એવા તબક્કે છીએ જ્યારે સેમિકોન પ્રોજેક્ટનો પહેલો તબક્કો પૂર્ણ થઈ ગયો છે. હવે અમે સેમિકોન ૨.૦ તૈયાર કરી રહ્યા છીએ જે સેમિકોન ૧.૦નું વિસ્તૃત સ્વરૂપ હશે. તેને શરૂ કરવામાં અમને ૩-૪ મહિનાનો સમય લાગશે,'' એમ વૈષ્ણવે કહ્યું હતું. ■

## મલાઈકાના સાવકા પિતાના મોતનું રહસ્ય ઘૂંટાઇ રહ્યું છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ફિલ્મ અભિનેત્રી અને મૉડેલ મલાઇકા અરોરાના સાવકા પિતા અનિલ મહેતાએ બુધવારે સવારે બાંદ્રા વિસ્તારમાં ઇમારતના છઠ્ઠા માળેથી ઝંપલાવીને જીવન ટૂંકાવ્યું એ મામલે રહસ્ય ઘૂંટાઈ રહ્યું છે કારણ કે પોલીસ આને આપઘાત ગણાવે છે પરંતુ નજીકના સૂત્રો એવું માનવા તૈયાર નથી. સૂત્રોએ (જુઓ પાનું ૨) ▶▶

હું થાકી ગયો છું એવું મૃત્યુ પહેલા શું કામ કહ્યું હશે? ૧૨

## કપાસિયા-પામોલીનના ભાવમાં ભડકોઃ ડબ્બા દીઠ ૩૫-૩૫ રૂપિયાનો ઉછાળો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં તહેવારોની સિઝન ટાણે જ ખાદ્યતેલોમાં જોરદાર તેજી ભડકી છે. તાજેતરના ભારે વરસાદથી તેલીબીયા પાકને નુકસાન, વિદેશોની તેજી તથા સપ્લાય ખેંચની અસરથી કપાસિયા તેલ, પામોલીન, સોયાબીન, વનસ્પતિ ઘી, રાયડા તેલ સહિતના વિવિધ તેલના ભાવમાં ઉછાળો જોવા મળ્યો હતો.

તેલબજારના વેપારીઓએ જણાવ્યું હતું કે, કપાસિયા તેલ તથા પામોલીનમાં આજે એક જ દિવસમાં ડબ્બે ૩૫-૩૫ રૂપિયાનો ઉછાળો નોંધાયો છે. કપાસિયા તેલ નવા ડબ્બાનો ભાવ ૧૮૫૦ પર પહોંચી ગયો હતો. જ્યારે પામોલીનનો ૧૬૫૫ થી ૧૬૭૦ થયો હતો.

છેલ્લા એક સપ્તાહમાં કપાસિયા તેલમાં ડબ્બે રૂ.૭૫ તથા પામોલીનમાં ૬૦ રૂપિયા વધી ગયા છે. રાયડા તેલના ભાવમાં પણ ૫૦ રૂપિયાનો ભાવવધારો થયો છે. કોપરેલમાં ૧૨૦ રૂપિયાનો ભાવવધારે થયો છે. સનફ્લાવર, મકાઇના તેલમાં પણ તેજી થઇ છે.

જાણકારોના કહેવા પ્રમાણે ગુજરાતમાં તાજેતરના સળંગ ભારે વરસાદથી કપાસ જેવા પાકને નુકસાન હોવાની આશંકા છે. પ્રથમ ફાલ નિષ્ફળ જવાથી બીજા ફાલનો માલ બજારમાં આવતા મોડું થશે અને સપ્લાયને અસર થવાની ભીતિથી તેજી ભડકી છે. અન્ય ખાદ્યતેલોમાં ઉછાળા માટે પણ આ જ કારણ જવાબદાર છે. વૈશ્વિક બજારોમાં પણ વિવિધ કારણોસર તેજી હોવાથી ઘરઆંગણે પણ તેની અસર છે કારણ કે પામોલીન જેવાં તેલોની ભારતમાં જંગી આયાત થાય છે.

## ૭૦ વર્ષથી મોટા દરેકને પાંચ લાખનો મેડિકલ વીમો

નવી દિલ્હી : બુધવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ મળેલી પ્રધાનમંડળની બેઠકમાં ૭૦ વર્ષ કે તેનાથી મોટી વયના દરેક સિનિયર સિટીઝનનો તેમની આવકને ધ્યાનમાં રાખ્યા વિના આયુષ્માન ભારત પીએમ જન આરોગ્ય યોજનામાં સમાવેશ કરવાના નિર્ણયને બહાલી અપાઈ હતી.

૭૦ વર્ષના કે તેનાથી મોટી વયના નાગરિકોને રૂપિયા પાંચ લાખનો મેડિકલ વીમો ફ્રીમાં અપાશે અને તેના માટે નવા ખાસ કાર્ડ અપાશે. કેબિનેટે બુધવારે ભારતમાં ઈલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન આપવા ૧૯,૦૦૦ કરોડ રૂપિયાની બે વર્ષની પીએમ ઈ-ડ્રાઈવ સ્કીમને બહાલી આપી હતી. આ સ્કીમ માર્ચ સુધી ચાલનારા નવ વર્ષ જૂના ફેમ પ્રોગ્રામનું સ્થાન લેશે. માહિતી અને (જુઓ પાનું ૨) ▶▶

## શનિવારથી મિની વેકેશન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ : ૧૪મી સપ્ટેમ્બર, શનિવારથી મિની વેકેશન મળવાનું હોવાથી મુંબઈગરાઓએ બહાર ફરવાનો પ્લાન બનાવ્યો છે. ૧૪,૧૫ ૧૬ અને ૧૭ સપ્ટેમ્બર એમ ચાર દિવસની સળંગ રજા આવતી હોવાથી સરકારી કર્મચારીઓ, નોકરિયાતો સહિતના મુંબઈગરાઓએ બહારગામ જવાની યોજના બનાવી છે. ટ્રેન, બસ અને હોટેલનું બુકિંગ થઈ ગયું છે. અહીં (જુઓ પાનું ૨) ▶▶

## ભારતમાં લઘુમતીઓ સૌથી સુરક્ષિત છેઃ કેન્દ્રીય પ્રધાન રિજિજુ

નવી દિલ્હીઃ કેન્દ્રીય પ્રધાન કિરેન રિજિજુએ બુધવારે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની લઘુમતીઓ વિશેની ટિપ્પણી પર વિપક્ષના નેતા પર નિશાન સાધ્યું અને કહ્યું કે તેઓ (લઘુમતીઓ) ભારતમાં સૌથી સુરક્ષિત છે. એક સવાલના જવાબમાં અમેરિકામાં રાહુલ ગાંધીએ કહ્યું હતું કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) કેટલાક ધર્મો, ભાષાઓ અને સમુદાયોને અન્યની તુલનામાં ઓછા આંકે છે. હવે આ મામલે રિજિજુએ કહ્યું હતું કે , '' ગમે તેટલા પ્રયત્નો કરી લેવામાં આવે પણ ભારતને બદનામ કરી શકાશે નહીં, કારણ કે ભારતનું બંધારણ અને સંસ્કૃતિ લોકો વચ્ચે ભેદભાવ કરતી નથી.''

તેમણે કહ્યું કે જેઓ ભારત વિરોધી શક્તિઓની મદદથી ભારતને બદનામ કરવા માગે છે તેઓ સફળ નહીં થાય. લઘુમતીઓ મામલાના મંત્રી રિજિજુએ કહ્યું હતું કે ભારતના પાડોશમાં રહેનારા લઘુમતીઓ સાથે ત્યાં કાંઇક ખોટું થાય છે તો તેઓ અહીં આવે છે. તેમણે કહ્યું હતું કે, ''ભારતમાં લઘુમતીઓ સૌથી સુરક્ષિત છે.''

ગાંધીએ આરોપ લગાવ્યો હતો કે આરએસએસ કેટલાક ધર્મો, ભાષાઓ અને સમુદાયોને અન્ય કરતા ઓછા ગણે છે. તેમણે કહ્યું હતું કે ભારતમાં લડાઈ રાજનીતિ માટે નહીં પરંતુ આ જ વસ્તુ માટે લડવામાં આવી રહી છે.

લોકસભામાં વિપક્ષના નેતા ગાંધીએ સોમવારે વોશિંગ્ટનના વર્જિનિયા ઉપનગર હર્નડોનમાં ભારતીય અમેરિકન સમુદાયના લોકોને સંબોધિત કરતા કહ્યું હતું કે, સૌથી પહેલા તમારે સમજવું પડશે કે લડાઈ શા માટે છે. રિજિજુએ કહ્યું કે આ લડાઈ ૧૯૭૫માં ઈમરજન્સી દરમિયાન ભારતીય બંધારણ અને સંસદીય વ્યવસ્થા પર થઈ હતી. ચીન દ્વારા ભારતીય જમીન પર કબજો કરવા અંગે રાહુલ ગાંધીના દાવા સંબંધિત અન્ય એક પ્રશ્નના જવાબમાં રિજિજુએ કહ્યું કે વિદેશી ધરતી પર ભારતને બદનામ કરવું યોગ્ય નથી.

## રાહુલને દેશ વિરોધી જૂઠાણું ફેલાવવાની આદતઃ અમિત શાહ

નવી દિલ્હીઃ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ પોતાના અમેરિકન પ્રવાસ દરમિયાન અનામતને લઈને આપેલા નિવેદનને લઈને હોબાળો થઈ રહ્યો છે. દરમિયાન ગૃહમંત્રી અમિત શાહે પણ આજે રાહુલના નિવેદન પર પોતાની પ્રતિક્રિયા આપી છે. અમિત શાહે કહ્યું કે ભારતના ભાગલા પાડવાનું ષડયંત્ર રચી રહેલી શક્તિઓ સાથે ઉભા રહેવું અને રાષ્ટ્ર વિરોધી (જુઓ પાનું ૨) ▶▶

## ભરૂચ, નખત્રાણામાં કોમી તંગદિલી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં ૮ સપ્ટેમ્બરના રોજ ગણેશ પંડાલમાં પથ્થરમારો અને વડોદરામાં ગણેશોત્સવ દરમિયાન ધાર્મિક ઝંડા લગાવવા મુદ્દે વિવાદ સર્જાયો હતો. આ જ રીતે ૧૦ સપ્ટેમ્બરની મોડી રાત્રે એટલે કે ૧૧ સપ્ટેમ્બરે ભરુચમાં ધાર્મિક ઝંડા લગાવવા બાબતે બે કોમનાં ટોળાં આમને સામને આવી જતા મામલો તંગ બન્યો હતો. આમ રાજ્યના વિવિધ શહેરોમાં શાંતિ ડહોળવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

ભરૂચમાં ધાર્મિક ઝંડા લગાવવા બાબતે બે કોમનાં ટોળાં આમને સામને આવી જતા સ્થિતિ વણસી હતી. બંને સમુદાયના સભ્યો દ્વારા એકબીજા પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો, જેમાં ઇજાઓ અને મિલકતને નુકસાન થયું હતું. જો કે, પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી જતા મામલો તુરંત જ કાબૂમાં લીધો હતો.

આ મામલે પોલીસે ૨૦ લોકોના નામ સહિત ટોળા સામે ફરિયાદ નોંધી ૧૭ની ધરપકડ કરી લીધી છે. સ્થિતિ ફરી ન બગડે તે માટે સમગ્ર વિસ્તારમાં પોલીસના ધાડેધાડા ઉતારી દેવામાં આવ્યા છે. સવારના સમયે સમગ્ર વિસ્તારમાં પોલીસ દ્વારા ફૂટ પેટ્રોલિંગ હાથ ધરાયું (જુઓ પાનું ૨) ▶▶

## ગણેશજીની મૂર્તિ ખંડિત કરી મંદિર પર લીલો ધ્વજ લહેરાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃવીતેલા ચાર દિવસ દરમિયાન ગુજરાતમાં સતત ચોથી વાર કોમી શાંતિ ડહોળવાનો પ્રયાસ થયો છે. ગત ૮મી સપ્ટેમ્બરે સુરતમાં ગણેશ પંડાલમાં પથ્થરમારો અને વડોદરામાં ગણેશોત્સવની ઉજવણી વચ્ચે ધાર્મિક ઝંડા લગાવવાના વિવાદ બાદ ગત મંગળવારે પાકિસ્તાનને અડીને આવેલા સરહદી કચ્છના નખત્રાણા તાલુકાના કોટડા-જડોદર ગામે ગણપતિજીની મૂર્તિને ખંડિત કરી કોમી એખલાસ ડહોળવાની ચોંકાવનારી ઘટના સામે આવતાં ભારે ચકચાર પ્રસરી છે.

જાણવા મળતી વિગતો મુજબ, ત્રણ સગીરોએ કોટડા જડોદર ગામે સુરતની જેમ ભગવાન ગણેશજીની મૂર્તિ પર પથ્થરો ફેંક્યા હતા અને બાજુમાં આવેલા હિન્દુ મંદિર પર 'ચાંદ-તારા' વાળો લીલો ધ્વજ ફરકાવી દીધો હતો. તેમના પથ્થરમારામાં ગણપતિની (જુઓ પાનું ૨) ▶▶

## દિલ્હી સહિત ઉત્તર ભારતમાં ભૂકંપ

નવી દિલ્હી : પાકિસ્તાનમાં બુધવારે બપોરે ૧૨-૫૮ કલાકે ૫.૮ના પરિમાણવાળો ભૂકંપ આવતા દિલ્હી સહિત ઉત્તર ભારતમાં આંચકા અનુભવવામાં આવ્યા હતા. ભૂકંપનું કેન્દ્રબિંદુ પંજાબના અમૃતસરના ૪૧૫ કિલોમીટર પશ્ચિમે હતું. દરમિયાન ઈસ્લામાબાદના સંદેશાનુસાર આ ભૂકંપથી પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદ સહિત પાકિસ્તાનના બીજા (જુઓ પાનું ૨) ▶▶

## પાટા પર રીલ બનાવતી વખતે ટ્રેનની અડફેટે આવતા ત્રણનાં મોત

લખીમપુર ખેરી : ઉમરીયા ગામ પાસે બુધવારે સવારે પાટા પર વીડિયો રેકોર્ડ કરતી વખતે અહીં પેસેન્જર ટ્રેનની ટક્કરથી એક વ્યક્તિ અને તેની પત્ની અને ત્રણ વર્ષના પુત્રનું મૃત્યુ થયું હતું, એમ પોલીસે જણાવ્યું હતું.

મૃતકોની ઓળખ મોહમ્મદ અહમદ (૨૬), તેની પત્ની નજનીન (૨૪) અને તેમના ત્રણ વર્ષના પુત્ર અબ્દુલ્લા તરીકે થઈ છે, તેઓ સીતાપુર જિલ્લાના શેખ ટોલા, લહરપુરના રહેવાસી હતા.

ખેરી ટાઉન કોતવાલીના પ્રભારી અજીત કુમારના જણાવ્યા અનુસાર, પરિવાર રેલવે ટ્રેક પર રીલ રેકોર્ડ કરી રહ્યો હતો ત્યારે ટ્રેને તેમને ટક્કર મારી હતી. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા છે અને આગળની કાયદેસરની કાર્યવાહી ચાલી રહી છે, એમ પોલીસે જણાવ્યું હતું.

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ટ્રેનો ઊથલાવવાનાં કાવતરાંને હળવાશથી ન લેવાય

**છેલ્લા** કેટલાક દિવસોથી ભારતમાં રેલવેના ટ્રેક પર સિમેન્ટના બ્લોક કે મોટા પથ્થરો મૂકવાની ઘટનાઓ સતત નોંધાઈ રહી છે. આ ઘટનાઓના કારણે કોઈ મોટો અકસ્માત થયો નથી પણ ટ્રેનો ટકરાવાની ને રોકી દેવાની ઘટનાઓ ચોક્કસ બની રહી છે. છેલ્લી આવી ઘટનામાં રાજસ્થાનના અજમેરના લામાના પાસે રેલવે ટ્રેક પર બે જગ્યાએ મૂકેલા સિમેન્ટના બ્લોક ફૂલેરાથી અમદાવાદ જઈ રહેલી માલગાડી સાથે ટકરાતાં માલગાડી રોકી દેવી પડી. આ ઘટના રવિવારે રાત્રે લગભગ ૧૦.૩૦ વાગ્યે બની હતી અને અંધારું હોવાથી ડ્રાઈવરને સિમેન્ટના બ્લોક દેખાયા જ નહોતા.

આ બંને બ્લોક અલગ-અલગ ટ્રેક પર રાખવામાં આવ્યા હતા. એક બ્લોકનું વજન ૭૦ કિલો હોવાનું કહેવાય છે એ જોતાં કંઈ પણ થઈ શકે તેમ હતું. સદનસીબે કંઈ થયું નહીં પણ આ ઘટના ગંભીર છે. પોલીસે તપાસ માટે એસઆઈટીની રચના કરી છે અને આ ઘટનાને ટ્રેનને પાટા પરથી ઉતારી દેવાનું ષડયંત્ર માનીને તપાસ શરૂ કરી છે કેમ કે રાજસ્થાનમાં છેલ્લા ૧૭ દિવસમાં આ પ્રકારની ત્રીજી ઘટના બની છે. રાજસ્થાનમાં આ પહેલા ૨૮ ઓગસ્ટે બારાંના છબરામાં પાટા પર બાઇકનો સ્ક્રેપ મૂકવામાં આવ્યો હતો અને એન્જિન બાઇકના સ્ક્રેપ સાથે અથડાયું હતું. ૨૩ ઓગસ્ટે પાલીમાં અમદાવાદ-જોધપુર વંદે ભારત ટ્રેક પર મૂકવામાં આવેલા સિમેન્ટ બ્લોક સાથે ટકરાઈ હતી.

દેશનાં બીજાં રાજ્યોમાં પણ આ પ્રકારની ઘટનાઓ બની છે અને દેશમાં ત્રણ મહિનામાં આ પ્રકારની નવમી ઘટના છે. છેલ્લા ૨૪ દિવસમાં ઉત્તર પ્રદેશમાં ત્રણ વખત ટ્રેક બ્લોક કરી દેવાયા હોય એવું બન્યું છે. ૧૬ ઓગસ્ટે સાબરમતી એક્સપ્રેસ કાનપુરના ગોવિંદરપુરીમાં ટ્રેક પર મૂકવામાં આવેલા પથ્થર સાથે અથડાઈ હતી. ૨૪ ઓગસ્ટે ફર્રુખાબાદથી કાસગંજ જતી પેસેન્જર ટ્રેનના પાટા પર લાકડાનો મોટો ટુકડો મૂકવામાં આવ્યો હતો. સ્પીડ ઓછી હોવાને કારણે અકસ્માત થયો ન હતો.

ચાર દિવસ પહેલાં ૮ સપ્ટેમ્બરે કાસગંજ ટ્રેક પર તો ગેસ સિલિન્ડર મુકવામાં આવ્યું હતું.. ૮ સપ્ટેમ્બરની રાતે લગભગ ૦૮.૩૦ વાગે પ્રયાગરાજથી ભિવાની તરફ જતી કાલિંદી એક્સપ્રેસ ટ્રેન રેલવે લાઈન પર મૂકેલા એલપીજી સિલિન્ડર સાથે ટકરાઈ ગઈ હતી અને બ્લાસ્ટ પણ થયો હતો. યુપી પોલીસે આ ઘટનામાં આતંકવાદના એંગલની તપાસ શરૂ કરી છે. પ્રારંભિક તપાસમાં આ ઘટનામાં આતંકવાદી કનેક્શનના પુરાવા મળ્યા છે એ જોતાં આ ઘટનાઓને ગંભીરતાથી લેવાની જરૂર છે.

ઉત્તર પ્રદેશના કાનપુર અને રાજસ્થાનના અજમેર પછી મહારાષ્ટ્રના સોલાપુરમાં પણ ટ્રેનને ઉથલાવવાનું કાવતરું ઘડાયું હોવાનું લાગી રહ્યું છે. સોલાપુર જિલ્લાના કુર્ડુવાડી સ્ટેશનથી લગભગ એક કિલોમીટર દૂર રેલવે ટ્રેક પર સિમેન્ટનો મોટો પથ્થર મૂકી દેવાયો હતો. સદનસીબે લોકો પાયલટની સાવધાનીથી દુર્ઘટના ટળી ગઈ પણ આ ઘટનામાં પણ બીજી ઘટનાઓ જેવી જ મોડસ ઓપરેન્ડી છે એ જોતાં આતંકવાદીઓની સંડોવણીની શક્યતા નકારી ના શકાય.

કાનપુરની ઘટનામાં આઈબી, એનઆઈએ, યુપી એટીએસ સહિત ઘણી એજન્સીઓ કામે લાગી છે અને દરેક પાસાથી ષડયંત્રની તપાસ કરી રહી છે. તપાસ એજન્સીઓને કાનપુરમાં ટ્રેન ઉથલાવી દેવાના સંભવિત કાવતરામાં ઈસ્લામિક સ્ટેટ એટલે કે આઈએસઆઈએસના ખોરાસન મોડ્યુલની સંડોવણી હોવાની શંકા છે. આ મોડ્યુલ સાથે જોડાયેલા આતંકવાદીઓને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ દ્વારા આતંકી બનાવવામાં આવે છે અને સોશિયલ મીડિયા મારફતે બોમ્બ બનાવવા સહિતની ટ્રેનિંગ આપવામાં આવે છે.

યોગાનુયોગ આ ઘટનાઓ એવા સમયે બની રહી છે કે જ્યારે આઈએસના આતંકવાદી ફહતુલ્લા ઘોરીએ ઓડિયો ક્લિપ બહાર પાડીને ભારતમાં ટ્રેનોને ટાર્ગેટ કરવા કટ્ટરવાદીઓને કહેલું, ઘોરીએ ભારતમાં સ્લીપર સેલ તરીકે કામ કરતા આતંકીઓને ટ્રેનોને ઉથલાવીને આતંકવાદ ફેલાવવાની સલાહ આપી હતી. ભારતમાં આતંકવાદી નેટવર્ક તો સક્રિય છે જ એ જોતાં ઘોરીની સલાહ માનીને આતંકવાદીઓના પીઠ્ઠુ ભારતમાં ટ્રેનોને ઉથલાવવા માટે ઉધામા કરી રહ્યા હોય એ શક્ય છે.

યુપી એટીએસને આતંકી સંગઠન આઈએસના ખોરાસન મોડ્યૂલનો હાથ હોવાની શંકા એટલે છે કે આ મોડ્યૂલ યુવકોને કટ્ટરપંથી બનાવીને હુમલાને અંજામ આપે છે. ૨૦૧૭માં મધ્ય પ્રદેશમાં આવા હુમલા થઈ ચૂક્યા છે. આ મોડ્યુલનો એક આતંકી સૈફુલ્લાહ લખનઊમાં એન્કાઉન્ટરમાં માર્યો પણ ગયો હતો. તેની પાસેથી પણ સિલિન્ડર અને આઈઈડી મળ્યું હતું તેથી તેની સાથે છેડા અડતા હોવાની શક્યતા નકારી ના શકાય.

આતંકવાદી ફરહતુલ્લા ઘોરીએ સ્લીપર સેલની મદદથી ભારતમાં ટ્રેનોને ઉથલાલવાની હાકલ કરતો વીડિયો લગભગ ત્રણ અઠવાડિયા પહેલા ટેલિગ્રામ પર રિલીઝ કરવામાં આવ્યો હતો. વીડિયોમાં ઘોરી પ્રેશર કૂકરનો ઉપયોગ કરીને બોમ્બ વિસ્ફોટ કરવાની વિવિધ પદ્ધતિઓ વિશે વાત કરતો જોવા મળે છે. આ સિવાય પેટ્રોલ અને ગેસની પાઈપલાઈન ઉડાડવાની પણ વાતો કરી રહ્યો છે. વીડિયોમાં ઘોરી હુંકાર કરે છે કે, ભારત સરકાર એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) અને નેશનલ ઈન્ટેલિજન્સ એજન્સી (NIA) દ્વારા મારી મિલકતોને ટાર્ગેટ કરીને સ્લીપર સેલને નબળું પાડી રહ્યાં છે પણ અમે પાછા આવીશું અને સરકારને હલાવી દઈશું.

ઘોરીની ધમકીને એટલે ગંભીરતાથી લેવી જોઈએ કે, ઘોરી ખતરનાક આતંકવાદી છે. ફરહતુલ્લા ઘોરીને અબુ સુફયાન, સરદાર સાહેબ અને ફારુ તરીકે પણ ઓળખવામાં આવે છે. મોટા આતંકવાદી હુમલાઓમાં સંડોવાયેલા ઘોરીનો ગુજરાતમાં ૨૦૦૨માં થયેલા અક્ષરધામ મંદિર હુમલામાં પણ હાથ હતો. આ હુમલામાં ૩૩થી વધુ લોકો માર્યા ગયાં હતાં અને ૮૦ લોકો ઘાયલ થયા હતા. હૈદરાબાદમાં ટાસ્ક ફોર્સની ઓફિસ પર ૨૦૦૫માં થયેલા આત્મઘાતી હુમલા પાછળ પણ તેનો હાથ હતો. ૧ માર્ચે બેંગલુરુના રામેશ્વરમ કેફેમાં થયેલા બોમ્બ બ્લાસ્ટની જવાબદારી પણ ફરહતુલ્લા ઘોરીએ સ્વીકારી હતી. ભારતમાં ભાગેડુ જાહેર થયા બાદ પાકિસ્તાનમાં રહેતા ઘોરીએ પાકિસ્તાનની ઇન્ટર-સર્વિસ ઇન્ટેલિજન્સ (ISI)ની મદદથી સ્લીપર સેલ બનાવ્યું છે અને તેમના માધ્યમથી બેંગ્લોરમાં રામેશ્વરમ કેફેમાં બ્લાસ્ટ કરાવ્યો હતો.

ફરહતુલ્લા ઘોરી અને તેના જમાઈ શાહિદ ફૈઝલ દક્ષિણ ભારતમાં સ્લીપર સેલનું મજબૂત નેટવર્ક વિકસાવ્યું હોવાનું કહેવાય છે. ફૈઝલ રામેશ્વરમ કાફે બ્લાસ્ટના બંને આરોપી અબ્દુલ મતીન અહેમદ તાહા અને મુસાવીર હુસૈન શાજીબનો હેન્ડલર ઘોરી હતો. બંને ઈસ્લામિક સ્ટેટ (IS) મોડ્યુલના આતંકવાદીઓ છે. આ મોડ્યુલના આતંકી શારિકે નવેમ્બર ૨૦૨૨માં મેંગલુરુમાં વિસ્ફોટ કર્યો હતો.

ઘોરીનો ખતરો એ રીતે પણ મોટો છે કે, દિલ્હી પોલીસે ગયા વર્ષે દિલ્હી અને ઉત્તર પ્રદેશમાંથી ત્રણ મોસ્ટ-વોન્ટેડ આતંકવાદીની ધરપકડ કરી ત્યારે તેમણે કબૂલ્યું હતું કે, ઘોરી ઓનલાઈન જેહાદી ભરતીનું કરે છે અને ઘોરી ભારતમાં ઘણા આતંકીઓનો હેન્ડલર છે. થોડા મહિના પહેલા દિલ્હી પોલીસે પૂણેમાં આઈએસઆઈએસ મોડ્યુલના અનેક આતંકવાદીઓની ધરપકડ પણ કરી હતી. આ સંજોગોમાં એજન્સીઓ કોઈ મોટી ટ્રેન દુર્ઘટનાને અંજામ આપે એ પહેલાં તેમના પર તૂટી પડી સફાયો કરી નાખવો જોઈએ. ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

(ઉત્તરાયણ સૌર શરદઋતુ), ગુરુવાર, તા. ૧૨-૯-૨૦૨૪,
જયેષ્ઠા ગૌરી વિસર્જન, ભાગવત સપ્તાહ પ્રારંભ

- ભારતીય દિનાંક ૨૧, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, ભાદ્રપદ સુદ-૯
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ભાદ્રપદ, તિથિ સુદ-૯
- પારસી શહેનશાહી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૮મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૯મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬
- નક્ષત્ર મૂળ રાત્રે ક. ૨૧-૫૨ સુધી, પછી પૂર્વાષાઢા.
- ચંદ્ર ધનુમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૨૬ અમદાવાદ ક. ૦૬ મિ. ૨૫, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૩, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૬, સ્ટા. ટા.
- : મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :
- ભરતી : સાંજે ક. ૧૭-૦૦,
- ઓટઃ બપોરે ક. ૧૨-૧૮, મધ્યરાત્રે ક. ૦૦-૨૪
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, ''રાક્ષસ'' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, ''ક્રોધી'' નામ સંવત્સર, ભાદ્રપદ શુક્લ - નવમી. ભાગવત સપ્તાહ પ્રારંભ, અદુઃખ નવમી, રામદેવપીર નવરાત્રિ સમાપ્તિ, જયેષ્ઠા ગૌરી વિસર્જન, હરિ નવમી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ મૂળ જન્મનક્ષત્ર શાંતિ પૂજા, ગુરુ-કેતુ ગ્રહદેવતાનું પૂજન, ઔષધ ઉપચાર, પ્રયાણ મધ્યમ, સર્વશાંતિ પૂજા, નિત્ય થતાં મિલકત લેવડદેવડનાં કાર્યો, ધાન્ય ભરવું, પ્રાણી પાળવા, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર સ્તોત્ર પાઠ વાંચન, શ્રીસુક્ત, પુરુસુક્ત ગણેશ અથર્વશીર્ષમ અભિષેક.
- શ્રી ગણેશ મહિમાઃ ગણેશજીનું સુંદર સ્વરૂપ ખૂબ જ સૂક્ષ્મ, સંવાદ ધરાવે છે એટલે કે ગણપતિના મુખથી લઈને વાહનનું મહત્ત્વ વૈજ્ઞાનિક, તાર્કિક, સંદેશયુક્ત છે. ગણપતિને હાથીનું મુખ સર્વવિદિત છે. મુખમાં જીહ્વા, દાંત, નાક ને આંખ - આ બધા અંગોની વિશેષતા શ્રી ગણેશજીની મહત્તાની સિદ્ધિ દર્શાવે છે. ગણપતિ વિઘ્ન, વિનાશક, વિઘ્ન વિનાયક પણ કહેવાય છે.
- આચમનઃ સૂર્ય-ગુરુ ચતુષ્કોણ રાજકારણમાં સાવધાની દાખવવી, ચંદ્ર-મંગળ પ્રતિયુતિ મિત્રો સાથેના વ્યવહારમાં સંભાળવું, ચંદ્ર-બુધ ત્રિકોણ ભાષા શીખવામાં સરળતા અનુભવાય. ચંદ્ર-રાહુ ચતુષ્કોણ નાણાવ્યવહારમાં સાવચેતી દાખવવી જરૂરી છે.

ખગોળ જ્યોતિષઃ સૂર્ય-ગુરુ ચતુષ્કોણ, ચંદ્ર-મંગળ પ્રતિયુતિ, ચંદ્ર-બુધ ત્રિકોણ, ચંદ્ર-રાહુ ચતુષ્કોણ. ચંદ્ર વિષુવવૃત્તથી મહત્તમ દક્ષિણે ૨૮ અંશ ૨૯ કળાના અંતરે રહે છે.

ગ્રહગોચરઃ સૂર્ય-સિંહ, મંગળ-મિથુન, માર્ગી બુધ-કર્ક, ગુરુ-વૃષભ, શુક્ર-કન્યા, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચ્યૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# એકેશ્વરવાદનો ઈલાહી પયગામ સૌપ્રથમ કોણે આપ્યો?

**જગતકર્તાએ** આ વિશ્વનું સર્જન કર્યું ત્યારે દરેક વસ્તુઓની જોડી બનાવી. દાખલા તરીકે સ્ત્રી અને પુરુષ, સુખ સાથે દુઃખ, આશા સાથે નિરાશા, સત્ય અને અસત્ય વગેરે વગેરે, પરંતુ પોતે એક અને માત્ર એકલો જ રહ્યો. તેનો કોઈ જોડીદાર નથી અલ્લાહ સર્વત્ર છે અને તે નિરાકાર છે. તે ન નર છે, ન નારી છે તે સમસ્ત મખ્લુક-સર્જનનો માલિક છે, સર્વસર્જનહાર શક્તિમાન છે એટલે તેનો કોઈ જોડીદાર નથી.

સુજ્ઞ વાચક મિત્રો! શાંતચિત્તે, ગંભીરતાપૂર્વક વિચાર કરો તો સ્પષ્ટ થવા પામશે કે અલ્લાહનો કોઈ જ જોડીદાર નથી અને માત્ર અકેલો જ છે. અને જે બુનિયાદ પર દીને ઈસ્લામનો સ્તંભ નખાયો તે આ તૌહીદ એટલે કે અલ્લાહ-ઈશ્વર એક છે પર જ સ્થપાયો. માનવજાતના આદ્યપિતા હઝરત આદમ અલયહિસ્સલ્લામ (અ.સ.)થી લઈને લગભગ એક લાખ અને ચોવીસ હજાર જેટલા પયગંબરો (સંદેશવાહકો) આવ્યા અને સૌથી છેલ્લે તમામ મખ્લુક (સર્જન) પર બેહદ રહેમત (કૃપા-બરકત) લઈને આ ધરતી પર પધાર્યા તે અંતિમ પયગંબર કે જેઓ અલ્લાહના રસૂલ છે તે હઝરત મુહંમદ સલ્લલ્લાહો અલૈયહિ વસલ્લમ (સ.અ.વ.) આ એકેશ્વરવાદના અલ્લાહના બુનિયાદી સંદેશને કાયમ કર્યો. પ્રારંભથી જ એ પયગામ દુનિયા પર અલ્લાહ મોકલતો રહ્યો કે, 'હું એકલો જ છું અને મારી જ ઈબાદત (પ્રાર્થના-સ્તુતિ) કરતા રહો.' આખરી નબી હઝરત મુહંમદ (સ.અ.વ) પણ આ વાતના સ્પષ્ટ અર્થમાં તૌહીદનો કલમો લઈને આવ્યા કે, 'લા ઈલાહા ઈલલ્લાહ, મોહમ્મદુન રસુલિલ્લાહ' (મારા સિવાય કોઈ ખુદા નથી અને મોહંમદ (સ.અ.વ.) મારા રસુલ છે.)

પયગંબરે ઈસ્લામ હુઝૂરે અનવર (સ.અ.વ.) મે જ્યારે અલ્લાહના આ પયગામનું એલાન (જાહેરાત) કરી ત્યારે અજ્ઞાન આરબ જગતમાં એક પ્રકારની હલચલ થઈ ગઈ. એક ખુદાનું તત્ત્વજ્ઞાન આરબોના દીમાગમાં ઊતરતું ન હતું. ખુદાની બનાવેલ શક્તિઓ અને કરામતો જેવા કે સૂર્ય, ચંદ્ર, તારા, પહાડો, સમંદર વગેરે સામે તેઓ ઝુકી જતાં અને અંધશ્રદ્ધામાં ગળાડૂબ રહેતા. આવા ઘોર અજ્ઞાનતાના સમયમાં હુઝૂરે અનવર (સ.અ.વ.)નું આ ધરતી પર આગમન થયું અને આરબ જગતમાં એક મહાન ક્રાંતિ સર્જાણી.

વહાલા વાચકો! ઈસ્લામની બુનિયાદ 'કલ્મે તૌહીદ' હોઈને કોઈપણ વ્યક્તિ અલ્લાહ એક હોવાનો કલ્મો પડે એટલે તે શરીઅત (ઈસ્લામી નિયમો) પ્રમાણે ઈસ્લામના દાયરામાં દાખલ થઈ શકે. પરંતુ દિલથી-સાચા હૃદય-મનથી એ તૌહીદના તત્ત્વજ્ઞાનને સમજીને માન્ય ન રાખે ત્યાં સુધી એ સાચો મુસલમાન બન્યો કહેવાય નહીં. નામના અને કામના મુસલમાનો વચ્ચેના ભેદને સમજી લેવો ઘટે.

યાદ રહે! અલ્લાહ તઆલાએ ઈન્સાન પર કોઈ જબરદસ્તી કરેલ નથી કે આંખ બંધ કરીને મને માનો-અનુસરો અને મારી ઈબાદત કરો. અલ્લાહતઆલા એ તો ઈન્સાન જાતને આપેલ અજોડ ને'મત (દેણગી)નો ઉપયોગ કરવાની દા'વત (આમંત્રણ) આપી છે. રબતઆલા કુરાન શરીફમાં એક કરતા વધુ આયતોમાં ફરમાવે છે કે, આ જગતમાં મેં જે સર્જન કર્યું છે તે મારા વજુદની નિશાનીઓ છે, તેને ધ્યાનથી જુઓ. તેના પર બુદ્ધિપૂર્વક વિચારો અને તમને વિશ્વાસ પેદા થાય કે આવી દુનિયા સર્જનહાર-સર્વોપરી શક્તિ સિવાય કોઈ બનાવી ન શકે પછી જ તમો મારા વજુદ-અસ્તિત્વને માનો.

કુદરતના અસ્તિત્વ સંબંધી આધુનિક વિજ્ઞાનની વિચારધારા કેવી છે તથા આધુનિક જ્ઞાનમાં ઉછરેલી પેઢી અદૃશ્ય સત્યોને સમજવા કેટલી કામિયાબ થઈ છે તે વિશે લેખના આવતા અંકના બીજા ભાગમાં રોશની નાખીશું. ઈન્શા અલ્લાહ.

-જાફરઅલી ઈ. વિરાણી

* * *

**તૌબા (પ્રાયશ્ચિત) અને ક્ષમા કરવા માટે દુઆ**

...હું અલ્લાહતઆલાથી માફી માગું છું જેના સિવાય કોઈ જ પૂજનીય નથી અને તે જ સદાય જીવંત અને સદાય કાયમ રહેવાવાળો છે અને તેની જ સમક્ષ તૌબા (પશ્ચાતાપ) કરું છું.

* * *

**સાપ્તાહિક સંદેશઃ**

પવિત્ર કુરાન ફરમાવે છે કે માબાપના હુકમનો આનદર ન કરો. તેઓની સાથે નરમીથી (નમ્રતાથી) વર્તાવ કરો. તેઓ ગુસ્સે થાય તો ઉફ ન કહો. તેમની જેટલી સેવા કરશો તેનો ભરપૂર બદલો મળશે. ■

# કંડલા બંદર દ્વારા ૧૩ નંબરની જેટીના વિકાસ અને સંચાલન માટે અદાણી પોર્ટ સાથે કરાર કરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: દેશના મહાબંદર કંડલા હસ્તકના તુણા ટેકરા ખાતે અદાણી પોર્ટ જેટીનું સંચાલન કરાઈ રહ્યું છે ત્યારે હવે કંડલા બંદર ખાતેની ૧૩ નંબરની જેટીના સંચાલન માટે દીનદયાળ પોર્ટ ઓથોરીટી અને અદાણી પોર્ટ વચ્ચે સત્તાવાર કરાર થયા હતા.

ડીપીએ ખાતે કન્ટેનર કાર્ગો સહિત મલ્ટિપર્પસ કાગો હેન્ડલિંગ કરવા માટે ૧૩ નંબરની કાર્ગો જેટીનો વિકાસ કરવા અને સંચાલન માટે અદાણી સ્પેશિયલ ઈકોનોમિક ઝોનના કલીન કાર્ગો કન્ટેનર ટર્મિનલ સાથે કરાર ઉપર હસ્તાક્ષર કરાયા હતા. આ જેટીના સંચાલન માટે ખાનગી ઉદ્યોગ ભાગીદારને પસંદ કરવા માટે ડીપીએ દ્વારા ઓપન ટેન્ડર જારી કરાયું હતું.

ડી.પી.એ.ચેરમેન સુશીલકુમાર સિંઘ અને એ.પી.એસ.ઈ.ઝેડ.ના સી.ઈ.ઓ. સુજલ શાહની હાજરીમાં આ કરાર ઉપર હસ્તાક્ષર કરાયા હતા.

લોજિસ્ટિક ખર્ચ ઘટાડવા અને હેન્ડલિંગની કાર્યક્ષમતામાં સુધારો કરવાનો આ પ્રકલ્પનો મુખ્ય હેતુ છે. આ પ્રકલ્પ નેશનલ ઈન્ફ્રાસ્ટ્રકચર પાઈપલાઈનનો એક ભાગ હોઈ, ભારત સરકારની પી.એમ.ગતિશક્તિ માસ્ટર પ્લાન જેવી પહેલને પણ પૂરક બનાવશે, તેમજ ગ્રીન પોર્ટની માર્ગદર્શિકાઓનું પણ પાલન કરવામાં આવશે તેવી લાગણી ડીપીએ કચેરી ખાતે યોજાયેલા સમારોહમાં વ્યક્ત કરવામાં આવી હતી આ કાર્ગો બર્થની ક્ષમતા પ્રતિ વર્ષ ૫.૭૦ મિલિયન મેટ્રિક ટન રહેશે. આ બર્થ ઉપર ૩૦૦ એમ.એમ.ની લંબાઈ સાથે ૭૫૦૦૦ ડી.ડબલ્યુ.ટી. સુધીના જહાજોને સમાવી શકાશે. આ ટર્મિનલ ભારતના ઉત્તર, પશ્ચિમ અને મધ્ય ભાગમાં કાર્ગોની અવરજવરમાં મહત્ત્વનો ભાગ ભજવશે તેવું જનસંપર્ક અધિકારી ઓમપ્રકાશ દાદલાણીએ જણાવ્યું હતું. ■

## પહેલા પાનાનું ચાલુ

### ભારત સેમિકન્ડક્ટરનું

ઇલેક્ટ્રોનિક્સ સેક્ટરનું મૂલ્ય હવે ૧૫૦ અબજ ડૉલરથી વધુ છે, વડા પ્રધાને દેશના ઇલેક્ટ્રોનિક્સ સેક્ટરને ૫૦૦ અબજ ડૉલર સુધી વધારવા અને આ દાયકાના અંત સુધીમાં ૬૦ લાખ નોકરીઓનું સર્જન કરવાના મોટા લક્ષ્યની રૂપરેખા આપી છે.

તેમણે કહ્યું કે આ વૃદ્ધિનો સીધો ફાયદો ભારતના સેમિકન્ડક્ટર સેક્ટરને થશે. ''અમારું લક્ષ્ય એ છે કે ભારતમાં ૧૦૦ ટકા ઇલેક્ટ્રોનિક ઉત્પાદન થવું જોઈએ. ભારત સેમિકન્ડક્ટર ચિપ્સ અને ફિનિશ્ડ પ્રોડક્ટ પણ બનાવશે.'' ■

### ગણેશજીની મૂતિ

સૂંઢ ખંડિત થઇ ગઈ હતી જેને પરત સાંધી દેવામાં આવી હતી.

આ અત્યંત સંવેદનશીલ મામલા અંગે પૂર્વ કચ્છના પોલીસ વડા સાગર વાઘમારેએ જણાવ્યું હતું કે, નખત્રાણા તાલુકાના કોટડા જડોદર ગામમાં ઊભા કરાયેલા પંડાલમાં વિઘ્નહર્તાની મૂર્તિ ખંડિત થવા અંગે અને પંડાલની બાજુમાં આવેલા નાનકડા મંદિર પર લીલો ધ્વજ ફરકાવ્યો હોવાની માહિતી તેમને મળી હતી. બનાવ સ્થળે ધસી ગયેલી એલસીબી અને એસઓજી સહિત સમગ્ર જિલ્લાની પોલીસે ગણતરીના કલાકોમાં દુંદાળા દેવની મૂર્તિને પથ્થરો મારી મારીને ખંડિત કરનારા ત્રણ વિકૃત માનસિકતા ધરાવનારા સગીર અને અન્યોની અટકાયત કરી છે.

નખત્રાણા પોલીસ મથકમાં ગુનો દાખલ થઈ ગયો છે. કુલ ૮ આરોપી છે અને તેમાંથી ૭ની ધરપકડ કરવામાં આવી છે. સગીર પર જુવેનાઇલ એક્ટ મુજબ કાર્યવાહી કરવામાં આવશે. કચ્છની તાસીર પ્રમાણે હાલ શાંતિનો માહોલ છે જોકે સલામતી ખાતર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયેલો હોવાનું વાઘમારે ઉમેર્યું હતું અને લોકોને શાંતિ અને ભાઈચારો જાળવી રાખવા તેમણે અપીલ કરી હતી. ■

### ભરૂચ, નખત્રાણામાં

હતું. ભરૂચ પોલીસે લોકોને અફવા ન ફેલાવવા અપીલ કરી હતી. ભરૂચ પમિમાં આવેલા ગોકુલનગર વિસ્તારમાં હિન્દુ અને મુસ્લિમ સમાજના લોકો વસવાટ કરે છે. હાલ ગણેશોત્સવ ચાલી રહ્યો છે અને આગામી દિવસોમાં ઈદ-એ- મિલાદનો તહેવાર આવી રહ્યો છે, ત્યારે આ વિસ્તારમાં લોકો ધાર્મિક ઝંડા અને તોરણ લગાવી રહ્યા હતા. એકબીજાનાં ઘર પાસે તોરણો નહીં લગાવવા અપીલ કર્યા બાદ પણ ઝંડા-તોરણ લગાવાતા મામલો બિચક્યો હતો અને જોતજોતામાં ટોળાં એકઠાં થઈ ગયાં હતાં. ઉગ્ર બોલાચાલી બાદ ટોળાં વચ્ચે મારામારીનાં દૃશ્યો પણ જોવા મળ્યાં હતાં.

આ બનાવની જાણ થતાં જ ભરૂચ જિલ્લા એસપીએ સ્થળ પર પહોંચી હેડક્વાર્ટર ડીવાયએસપી, એલસીબી, એસઓજી,બી ડિવિઝન, તાલુકા પોલીસના પીઆઈ, પીઆઈ, પીએસઆઈ સહિતનો પોલીસ કાફલો ખડકી ત્યાં ટોળે થયેલા તમામ લોકોને વિખેરી પરિસ્થિતિ પર તાત્કાલિક કાબૂ મેળવ્યો હતો. જોકે ત્યારબાદ કેટલાક તોફાની તત્ત્વોની અટકાયત કરીને તમામ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટનામાં બે કે ત્રણ લોકોને ઇજાઓ પહોંચતા હોસ્પિટલમાં દાખલ કરાયા હતા, ભરુચમાં થયેલી અથડામણના કારણે શહેરમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સર્જાઈ છે.

આ સમગ્ર મામલે ભરૂચ એસપીએ જણાવ્યું હતું કે, ભરુચ શહેરમાં ગતરાત્રિએ ઝંડા લગાવવા બાબતે બે કોમના ટોળા સામસામે આવી ગયા હતા અને માહોલ ઉગ્ર બન્યો હતો. જો કે, પોલીસ તાત્કાલિક પહોંચી જતા સ્થિતિ કંટ્રોલમાં આવી હતી. રજૂઆતો અને સીસીટીવીની ચકાસણીના આધારે પોલીસે ગુનો નોંધ્યો છે. જેમાં ૨૦ લોકોના નામ છે અન્ય ટોળા સામે ગુનો નોંધવામાં આવ્યો છે. જેમાં મોટાભાગના આરોપીઓની ધરપકડ કરી લેવામાં આવી છે. શાંતિ સમિતિની બેઠક બોલાવવામાં આવી છે અને સ્થિતિ ન બગડે તે માટે બંને કોમના આગેવાનોને અપીલ કરવામાં આવી છે. લોકોને અપીલ છે કે, માહોલ ખરાબ થાય તેવા મેસેજ, ફોટો કે વીડિયો લોકો સોશિયલ મીડિયા મારફત ન ફેલાવે. પોલીસની સોશિયલ મીડિયા પર નજર છે. જો કોઈ ગ્રુપમાં આવા મેસેજ ફરતા થશે તો તેની સામે કાર્યવાહી કરાશે. ■

### ૭૦ વર્ષથી મોટા

પ્રસારણ ખાતાના પ્રધાન અશ્વિની વૈષ્ણવે પત્રકારોને કહ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ મળેલી પ્રધાનમંડળની બેઠકમાં ઈનોવેટિવ વેહિકલ એન્હાસમેન્ટ (પીએમ ઈ-ડ્રાઈવ) સ્કીમમાં પીએમ ઈલેક્ટ્રિક ડ્રાઈવ રીવોલ્યુશનનો નિર્ણય લેવામાં આવ્યો હતો. સ્કીમ ૨૪.૭૯ લાખ ટુ-વ્હિલર્સ, ૩.૧૬ લાખ ઈ-થ્રી વ્હિલર્સ અને ૧૪,૦૨૮ ઈ-બસને ટેકો આપશે. પીએમ ઈ-ડ્રાઈવ ૮૮,૫૦૦ ચાર્જિંગ સાઈટને પણ ટેકો આપશે. ઈલેક્ટ્રિક ટુ-વ્હિલર્સ, ઈલેક્ટ્રિક થ્રી વ્હિલર્સ, ઈ-એમ્બ્યુલન્સ, ઈ-ટ્રક અને બીજા નવા ઈલેક્ટ્રિક વાહનો અપનાવનારને રૂ. ૩,૬૭૯ કરોડની સબસિડી / ડિમાન્ડ ઈન્સેન્ટિવ આપશે. (એજન્સી) ■

### મલાઈકાના

જણાવ્યું હતું કે એ વાત સાચી છે કે મલાઇકાના સાવકા પિતા બુધવારે સવારના મૃત્યુ પામ્યા હતા, પણ તેમણે આત્મહત્યા કરી નથી. તે એક અકસ્માત છે.

જોકે ઝોન-૯ના ડીસીપી રાજતિલક રોશને જણાવ્યું હતું કે અમે તપાસ કરી રહ્યા છીએ અને એમાં તમામ પાસાંઓ વિગતે આવરી લેવાયાં છે. પ્રથમદર્શી રીતે આ આત્મહત્યાનો મામલો લાગે છે. ■

### શનિવારથી

ઉલ્લેખનીય છે કે ૧૪ તારીખે બીજો શનિવાર હોવાથી બૅન્કો અને ઓફિસો બંધ રહેશે. ૧૫ સપ્ટેમ્બરે રવિવારની રજા છે, જ્યારે ૧૬ સપ્ટેમ્બરે ઈદ-એ-મિલાદની જાહેર રજા છે. ૧૭ સપ્ટેમ્બરે ગણેશોત્સવનો છેલ્લો દિવસ એટલે કે અનંત ચતુર્દશી હોવાથી જાહેર રજા છે.

આ મિનિ વેકેશન પછીનો ૧૮મી સપ્ટેમ્બરનો દિવસ પણ મહત્ત્વનો છે. સાલ ૨૦૨૪નું બીજું અને અંતિમ ચંદ્રગ્રહણ ૧૮ સપ્ટેમ્બરે છે. આ આંશિક ચંદ્રગ્રહણ હશે. વિજ્ઞાન પ્રમાણે જ્યારે સૂર્ય અને ચંદ્રમા વચ્ચે પૃથ્વી આવી જાય ત્યારે ચંદ્રગ્રહણ થાય છે. પુરાણો પ્રમાણે રાહુ અને કેતુ સૂર્ય અને ચંદ્રને ગ્રસી જાય છે એટલે ગ્રહણ થાય છે. આ ગ્રહણ ભારતમાં દેખાવાનું નથી. આ ગ્રહણ યુરોપ, આફ્રિકા, ઉત્તર-દક્ષિણ અમેરિકાનાં ક્ષેત્રોમાં દેખાશે. ભારતમાં ચંદ્રગ્રહણના સમયે ચંદ્ર અસ્ત થઈ ગયો હોવાથી એ ભારતમાં દેખાવાનું નથી. આ ચંદ્રગ્રહણ ભાદ્રપદ મહિનાની પૂર્ણિમા એટલે કે ૧૮ સપ્ટેમ્બરે થવાનું છે. વહેલી સવારે ૬-૧૧ કલાકે શરૂ થશે અને સવારે ૧૦-૧૭ કલાકે સમાપ્ત થશે. કુલ સમયગાળો ચાર કલાક છ મિનિટનો છે

આ સાથે અહીં એની પણ નોંધ લેવી ઘટે કે ૧૮ સપ્ટેમ્બરે બુધવારથી જ પિતૃ પક્ષના શ્રાદ્ધ શરૂ થાય છે. એકમનું શ્રાદ્ધ બુધવારે જ છે. સામાન્ય રીતે આ સમય અશુભ ગણાય છે અને આમાં કોઈ શુભ કે નવાં કાર્યો કરવામાં આવતાં નથી. ■

### દિલ્હી સહિત

વિસ્તારો હચમચી ગયા હતા. ભૂકંપના આંચકા પંજાબ અને ખૈબર પખ્તુનવાલા પ્રાંતોમાં પણ અનુભવવામાં આવ્યા હતા. પાકિસ્તાન સ્ટાન્ડર્ડ સમય મૂજબ આ ભૂકંપ બપોરના ૧૨-૨૮ કલાકે ૫.૭ના પરિમાણનો હતો, એવી માહિતી પાકિસ્તાનના હવામાન ખાતાએ આપી હતી. (એજન્સી)

### રાહુલને દેશ વિરોધી

નિવેદનો કરવા એ રાહુલ ગાંધી અને કૉંગ્રેસની આદત બની ગઈ છે.

બીજેપીના વરિષ્ઠ નેતાએ અનામત સંબંધિત ટિપ્પણીઓને લઈને રાહુલ ગાંધી પર પણ નિશાન સાધ્યું હતું. અમિત શાહે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પરની એક પોસ્ટમાં કહ્યું હતું કે, અનામત ખતમ કરવાની વાત કરીને રાહુલ ગાંધીએ ફરી એકવાર કૉંગ્રેસનો અનામત વિરોધી ચહેરો બેનકાબ કરી દીધો છે. તેમણે કહ્યું કે રાહુલનું નિવેદન કૉંગ્રેસની પ્રાદેશિકતા, ધર્મ અને ભાષાના આધારે ભાગલા પાડવાની રાજનીતિનો પર્દાફાશ કરે છે.

કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું હતું કે મનના વિચારો હંમેશાં કોઈના કોઈ માધ્યમથી બહાર આવે છે. હું રાહુલ ગાંધીને કહેવા માંગુ છું કે જ્યાં સુધી ભાજપ છે ત્યાં સુધી કોઇ અનામત ખતમ કરી શકશે નહી અને કોઈ દેશની સુરક્ષા સાથે રમત રમી શકશે નહીં. બીજેપી નેતાએ કહ્યું હતું કે, ''તેઓ જમ્મુ અને કાશ્મીરમાં નેશનલ કોન્ફરન્સના રાષ્ટ્રવિરોધી એજન્ડાને સમર્થન કરે છે. વિદેશમાં ભારત વિરોધી ટિપ્પણીઓ કરે છે. રાહુલે દેશની સુરક્ષાને જોખમમાં મુકી છે.'' ■

# કચ્છમાં ભેદી તાવથી વધુ એકનાં મોત સાથે મૃતકોનો આંકડો ૧૭ પર પહોંચ્યો

## ભુજમાં ખાસ આઈસોલેશન વોર્ડ ઊભો કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ:સરહદી અબડાસા અને લખપત તાલુકામાં ફેલાયેલા ગંભીર પ્રકારના ભેદી રોગચાળાની અસર હેઠળ જત સમાજના બે લોકોનાં મોત થયાના બાર કલાક બાદ વધુ એક આધેડનું મોત થતાં પરિસ્થિતિ વધુ ગંભીર બનવા પામી છે.

મંગળવારે રાત્રે સમીક્ષા કરવા કચ્છ દોડી આવેલા રાજ્યના આરોગ્ય મંત્રી આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ, જિલ્લાના પ્રભારી મંત્રી પ્રફુલ પાનશેરીઆ,આરોગ્ય સચિવ ધનંજય દ્વિવેદી અને અમદાવાદની બી.જે.મેડિકલ કોલેજના સિનિયર તબીબ ડો. કમલેશ ઉપાધ્યાય સાથે બેઠકો યોજીને અસરગ્રસ્ત વિસ્તારોમાં ભ્રમણ કરી રહ્યા છે તેવામાં અબડાસાની ભારાવાંઢના ૪૨ વર્ષીય અલાના જતે છેલ્લા શ્વાસ લીધા હતા. આ અંગે આરોગ્ય તંત્ર પાસેથી જાણવા મળેલી સત્તાવાર માહિતી પ્રમાણે, મરણ જનાર ૪૨ વર્ષિય અલાના જત અને તેનો ૧૫ વર્ષીય કિશોર વયનો પુત્ર સોમવારે ભુજની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

આ દરમ્યાન પુત્રનુ મૃત્યુ નીપજ્યાં બાદ ભાંગી પડેલા અલાના જત સારવાર પડતી મૂકીને પરત ઘરે ચાલ્યો ગયો હતો. તેના ટ્રેસિંગ માટે આરોગ્ય તંત્રની ટીમ તપાસ કરી રહી હતી ત્યાં આજે નિવાસસ્થાને જ અલાના જતે દમ તોડી દીધો હતો. તંત્ર હજુ લેબોરેટરીના રિપોર્ટની રાહ જોઈ રહ્યું છે ત્યારે વીતેલા ૨૪ કલાકમાં ભારાવાંઢના પિતા પુત્ર અને ૩૬ વર્ષિય મીસુબેન અબુબકર જત અલાના જતનાં મૃત્યુ સાથે કુલ મરણાંક ૧૭ પર પહોંચ્યો છે જે હજુ વધવાની આશંકા પ્રબળ બની રહી છે. ■

# હવે અમદાવાદથી ગાંધીનગર સુધી દોડશે મેટ્રો: ૧૬મીએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે શુભારંભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ગાંધીનગર:ગુજરાત સરકાર અને ભારત સરકાર સાથે ભાગીદારીમાં ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા મેટ્રો રેલ નેટવર્કના બીજા તબક્કાનો ૧૬મી સપ્ટેમ્બરથી પ્રારંભ થશે. આ રુટમાં અમદાવાદ અને ગાંધીનગરના મહત્ત્વનાં સ્થળો જેમ કે જીએનએલયુ, પીડીઇયુ, ગિફ્ટ સિટી, રાયસણ, રાંદેસણ, ધોલાકુંઆ સર્કલ, ઇન્ફોસિટી તેમજ સેક્ટર-૧ના વિસ્તારને આવરી લેવાશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે મેટ્રો રેલના બીજા તબક્કાના રૂટનો ૧૬ સપ્ટેમ્બરે સેક્ટર-૧થી શુભારંભ કરવામાં આવશે. મેટ્રો રેલવેનો બીજો તબક્કો શરૂ થવાથી અમદાવાદ અને ગાંધીનગર વચ્ચેની કનેક્ટિવિટી મજબૂત બનશે.

આ ફેઝમાં મેટ્રોની કનેક્ટિવિટી મોટેરાથી ગાંધીનગર સુધી મળશે, જેમાં ફેઝનો એક કોરિડોર ગિફ્ટ સિટી સુધી જશે. તેના લીધે કર્મચારીઓ અને પ્રવાસીઓને વધુ એક્સેસ મળવાથી સ્થાનિક અર્થવ્યવસ્થાને પણ વેગ મળશે. આ ફેઝ ૨૧ કિલોમીટરનો છે જેમાં શરૂઆતમાં ગાંધીનગરના આઠ સ્ટેશન પર મેટ્રો દોડશે. આવનારા સમયમાં મેટ્રો સચિવાલય, અક્ષરધામ, જૂના સચિવાલય, સેક્ટર ૧૬, સેક્ટર ૨૪ અને મહાત્મા મંદિર સુધી જશે.

મેટ્રો રેલના વિસ્તરણનું એક મહત્ત્વનું પાસું સમય અને ખર્ચની બચત છે. સમયાંતરે ટ્રાફિકમાં થતા વધારા અને મોંઘા પરિવહન સામે મેટ્રો એક વાજબી અને વિશ્વસનીય પરિવહન વિકલ્પ બની રહશે. એક ઉદાહરણથી સમજીએ તો, એપીએમસી(વાસણા)થી ગાંધીનગર સેક્ટર-૧ સુધીની ૩૩.૫ કિ.મીની મેટ્રો યાત્રા માત્ર ૬૫ મિનિટમાં પૂર્ણ થાય છે જેનો ખર્ચ માત્ર રૂ.૩૫ રહેશે.

તેની સરખામણીએ, ટેક્સીથી આ મુસાફરીનો સમય ૮૦ મિનિટ જેટલો થાય છે જેનું ભાડું રૂ. ૪૧૫થી પણ વધારે થાય છે. ઓટો રિક્શામાં આ ભાડું રૂ.૩૭૫ જેટલું રહે છે જેમાં સમય મેટ્રોની આસપાસ અને તેનાથી વધારે રહે છે. સમય અને ખર્ચની બચત થવાથી રોજિંદા મુસાફરો, વિદ્યાર્થીઓ અને ગાંધીનગર અને ગિફ્ટ સિટીની આસપાસના વિસ્તારમાં કામ કરતા કર્મચારીઓ માટે મેટ્રો પરિવહન પસંદગીનો વિકલ્પ બની રહેશે. આ સેવા શરૂ થવાથી અમદાવાદના વ્યસ્ત રસ્તાઓ પર ટ્રાફિકને હળવો કરવામાં મદદ મળશે, જે પ્રદૂષણને દૂર કરવામાં મહત્ત્વપૂર્ણ બની રહેશે.

આ મેટ્રો રેલ વિસ્તરણથી અમદાવાદ અને ગાંધીનગરના મહત્ત્વનાં સ્થળો પર કનેક્ટિવિટી મળશે. મેટ્રોના બીજા ફેઝનો રૂટ ૨૧ કિ.મીનો છે, જે મોટેરાથી ગાંધીનગરના સેક્ટર-૧ને જોડશે. મોટેરાથી મેટ્રો સીધી ગાંધીનગરના આઠ સ્ટેશન પર દોડશે જેમાં જીએનએલયુ, પીડીઇયુ, ગિફ્ટ સિટી, રાયસણ, રાંદેસણ, ધોલાકુંઆ સર્કલ, ઇન્ફોસિટી અને સેક્ટર-૧નો સમાવેશ થાય છે.

મેટ્રોના ફેઝ-૨ પ્રોજેક્ટનો કુલ ખર્ચ રૂ. ૫,૩૮૪ કરોડ છે, જેમાં એએફડી અને કેએફડબલ્યુ જેવી આંતરરાષ્ટ્રીય એજન્સીઓમાંથી ફન્ડિંગ લેવામાં આવ્યું છે. ■

# કચ્છમાં ભાદરવી તાપનું આક્રમણ શરૂ: ભુજમાં ૩૫ ડિગ્રી મહત્તમ તાપમાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ:સેકન્ડ સમર તરીકે ઓળખાતા ભાદરવા મહિનાનો પ્રારંભ થઇ ચુક્યો છે ત્યારે રણપ્રદેશ કચ્છ સહિત રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં તાજેતરમાં વરસેલા આફતરૂપી વરસાદે વિરામ લેતાં ભાદરવી તાપે આક્રમણ શરૂ કરી દેતાં જનજીવન પ્રભાવિત થઇ રહ્યું છે.

કચ્છના મોટાભાગનાં મથકોમાં મહત્તમ તાપમાનનો આંક ૩૫થી ૩૭ ડિગ્રી વચ્ચે પહોંચી ગયો છે અને આજે ૩૫ ડિગ્રી સે. તાપમાન સાથે ભુજ શહેરે રાજ્યના સૌથી ગરમ મથકોમાં પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે. સ્વચ્છ આકાશ વચ્ચે અકળાવનારી ગરમીની તીવ્રતા વધુ પ્રમાણમાં અનુભવાઈ રહી છે. કંડલા(એરપોર્ટ) ખાતે પણ ઉષ્ણતામાનનો પારો ૩૪ ડિગ્રીએ પહોંચતાં અંજાર-ગાંધીધામ વિસ્તાર પણ અકળવનારા તાપમાં શેકાયા હતા.

આ ઉપરાંત અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયામાં ૩૪ ડિગ્રી તાપમાન રહેતાં અહીં ગરમીની આણ અનુભવવા મળી હતી. લઘુતમ પારો પણ ઊંચકાઈને ૨૬થી ૨૮ ડિગ્રી વચ્ચે પહોંચી જતાં સૂર્યાસ્ત બાદ વર્તાતા ભારે ઉકળાટથી જનજીવન હાલ અકળાઈ રહ્યું છે. શ્રાવણીયા તહેવાર સંપન્ન થયા અને આસો નવરાત્રી પર્વ નજીક આવી રહ્યું છે ત્યારે અચાનક વાતાવરણમાં વધી ગયેલી ગરમીથી લોકો પણ આશ્ચર્યમાં મુકાયા છે.

આગામી શ્રાદ્ધ પર્વનું કાઉન્ટડાઉન શરૂ થઇ ચૂક્યું છે તેવામાં અચાનક ગરમીનો પ્રકોપ વધી જતાં બપોરના સમયે પ્રણાલીગત બજારોમાં સન્નાટો પ્રસરેલો જોવા મળી રહ્યો છે. સાંજના પાંચ વાગ્યા બાદ લોકો બહાર જવાનું પસંદ કરી રહ્યા છે. ■

# ૧૪ વર્ષના સગીરને માર મારનાર જામનગર પોલીસ પર હાઇ કોર્ટ લાલઘુમ: ગુનો દાખલ કરો

અમદાવાદ: જામનગરમાં કાયદાના સંઘર્ષમાં આવનારા સગીરને પોલીસે માર મારતા ભોગ બનનારની માતાએ હાઈ કોર્ટમાં અરજી કરી હતી. જેમાં પ્રાથમિક સુનાવણીમાં હાઈ કોર્ટે સરકારી વકીલનો ઉધડો લેતા જણાવ્યું હતું કે, હાર્ડકોર અપરાધીઓ સામે પોલીસ બળ વાપરે તે યોગ્ય, પરંતુ ૧૪ વર્ષના છોકરાને મારી શકાય નહિ. કોર્ટે એવી પણ ટકોર કરી હતી કે, આજે ૧૪ વર્ષીય સગીર પર અત્યાચાર થયો છે, આવતીકાલે તમારા કે મારા બાળક સાથે પણ આવું થશે. બીજી તરફ સરકારી તરફે એવો બચાવ રજૂ કરવામાં આવ્યો હતો કે, ભોગ બનનાર અને પરિવારનો ગુનાઈત ઈતિહાસ છે અને આ મામલે એસ.પી. તપાસ કરી રહ્યા છે. આ અંગે આગામી દિવસોમાં વધુ સુનાવણી યોજવામાં આવશે. હાઈ કોર્ટમાં એક ૧૪ વર્ષના સગીરને પોલીસ દ્વારા માર મારવાના કિસ્સામાં તેની માતા મારફતે હાઈ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે. જેમાં એવી રજૂઆત કરવામાં આવી છે કે, સગીર ધોરણ ૮માં અભ્યાસ કરે છે. આ ઘટના અંગે મળતી વિગતો મુજબ હોળીના દિવસે કેટલાક લોકો સામે ઝઘડો અને મારામારીની ફરિયાદ જામનગરના ઇ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી, સગીરના પરિવાર સહિત કુલ ૧૫ લોકો સામે માર્ચ મહિનામાં વિવિધ કલમ હેઠળ ફરિયાદ નોંધાઈ હતી.

તે દિવસે મોટેથી હોર્ન વગાડવા બાબતે બે પક્ષો વચ્ચે ઝઘડો થયો હતો. જેમાં એક પક્ષ બીજા પક્ષ ઉપર તીક્ષણ હથિયારથી હુમલો કર્યો હતો. જેમાં કુલ ચાર વ્યક્તિઓ ગંભીર રીતે ઘવાયા હતા. ચાર પૈકી કેટલાક લોહી લુહાણ અને કેટલાકને ફેક્ચર પણ થયું હતું. મહિલાઓએ પણ મરચું ઉડાડીને ભોગ બનનારાઓને માર માર્યો હતો. ભોગ બનનાર પૈકી એક હોમગાર્ડ જવાન પણ હતો. આ કેસમાં હુમલો કરનારા સગીરના પિતાની ધરપકડ કરવામાં આવી હતી. આ ઉપરાંત તેના કેટલાક કુટુંબીજનોની પણ ધરપકડ કરવામાં આવી હતી. જ્યારે સગીરને જુવેનાઈલ આરોપી બનાવાયો હતો. આક્ષેપ મુજબ સગીરને તેની માતા દ્વારા પોલીસે પોલીસ સ્ટેશન બોલાવ્યો હતો. જ્યાં પહેલા તેને બેસાડી રાખ્યો હતો. ત્યારબાદ સગીરને પોલીસ સ્ટેશનના જુદા જુદા રૂમમાં બોલાવીને માર માર્યો હતો. તેમજ તેના આધાર કાર્ડ જેવા ઓરિજનલ દસ્તાવેજો લઈ લીધા હતા. ■

# રાજ્યમાં ૮,૧૦૦થી વધુ; લાકડા આધારિત સુધારેલી 'સ્મશાન ભઠ્ઠી' લગાવાઇ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: હિન્દુ પરંપરામાં મનુષ્યના મૃત્યુ પછી કરાતા અગ્નિ સંસ્કાર વિધિ માટે મોટી સંખ્યામાં સૂકા લાકડાની જરૂર પડે છે. આ પરંપરા જળવાઇ રહે અને તેની સાથે લાકડાની પણ બચત થાય, વૃક્ષો કપાતા અટકે તેવા અભિગમ- હેતુથી ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી દ્વારા સ્મશાનગૃહોમાં લાકડા આધારિત સુધારેલ સ્મશાન ભઠ્ઠી' લગાવવાની સહાય યોજના અમલી બનાવી છે. વૃક્ષો બચાવવાના ઉમદા હેતુથી આ સહાય યોજના હેઠળ અત્યાર સુધીમાં રાજ્યના વિવિધ ગામો-શહેરોમાં અંદાજે ૮,૧૦૦થી વધુ 'સુધારેલ સ્મશાન ભઠ્ઠી'ઓ લગાવવામાં આવી છે.

કલાઈમેટ ચેન્જ વિભાગના રાજ્ય કક્ષાના પ્રધાન મુકેશભાઇ પટેલે યોજનાની વધુ વિગતો આપતાં કહ્યું હતું કે, આ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં રાજ્યના તમામ જિલ્લાઓને સમાવી લેવામાં આવ્યા છે. આ સુધારેલ સ્મશાન ભઠ્ઠીના ઉપયોગથી મૃતદેહના અગ્નિસંસ્કાર પાછળ વપરાતા લાકડામાં આશરે ૪૦ થી ૫૦ ટકા જેટલી બચત સાથે મૃતદેહના દહન સમયમાં પણ ઘટાડો થાય છે. ઊર્જા વિકાસ એજન્સી દ્વારા ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકા, મહાનગર સેવાસદન હસ્તકના સ્મશાન ગૃહોમાં વર્ષ ૨૦૧૫-૧૬થી આ યોજના અમલી છે.

આ યોજનાનો લાભ લેવા માટે રૂ. ૧,૦૦૦ નો લોક ફાળો ટોકન સ્વરૂપે લેવામાં આવે છે જ્યારે બાકીની રકમ રાજ્ય સરકાર દ્વારા ચૂકવવામાં આવે છે. આ સ્મશાન ભઠ્ઠીની નિભાવણી અને જાળવણીની જવાબદારી સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકા, અને મહાનગર પાલિકાની રહે છે એવું તેમણે ઉમેર્યુ હતું. ■

# અમદાવાદમાં ડબલ મર્ડરના આરોપીને ફાંસીની સજા: પ્રેમિકાના પતિ અને સાસુની હત્યા કરી હતી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં વર્ષ ૨૦૧૭માં થયેલા ડબલ મર્ડરના કેસમાં આરોપી સામે અમદાવાદ સિટી સિવિલ સેશન્સ કોર્ટમાં ટ્રાયલ ચાલી હતી. આ કેસમાં ૩૮ સાક્ષી અને ૩૮ પુરાવા તપાસીને એડિશનલ સેશન્સ જજે આરોપીને ફાંસીની સજા ફટકારી હતી.

કોર્ટે દેહાંત દંડની સજા ફરમાવતા નોંધ્યું હતું કે, આ એક ઘાતકી કૃત્ય છે. અનૈતિક સંબંધોએ બે નિર્દોષ વ્યક્તિના જીવ લઈ લીધા છે. જો આરોપીને ફાંસી નહીં કરાય તો સમાજમાં આવા ગુનાઓ વધશે, ગુનેગારોમાં કાયદાનો ડર જરૂરી છે. આરોપીએ પશુ તુલ્ય કૃત્ય કર્યું છે. જ્યારે રેરેસ્ટ ઓફ રેરની કેટેગરીમાં આવે છે. જો કે આરોપીને દેહાંત દંડ માટે હાઇ કોર્ટની બહાલી જરૂરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદમાં હૉસ્પિટલના કમ્પાઉન્ડર બળદેવ ઠાકોર નામના શખ્સે પ્રેમિકાના પતિ અને સાસુને માથામાં કુહાડીના ઘા મારી પતાવી દીધા હતા. આથી આરોપી બળદેવ ઠાકોર સામે ઓઢવ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.

આ કેસની વિગત એવી છે કે, ફરિયાદીએ પોતાના એક સગાને ઓઢવ ખાતે આવેલું પોતાનું મકાન ભાડે આપ્યું હતું. આ ભાડૂઆતે છૂટાછેડા લીધેલી એક ૨૬ વર્ષીય યુવતી સાથે લગ્ન કર્યા હતા. આ યુવતીને અગાઉના લગ્નથી એક પુત્રી પણ હતી. આ યુવતી પોતાના સાસુની દવા લેવા માટે તેમની સાથે એક હૉસ્પિટલમાં જતી હતી. જ્યાં કમ્પાઉન્ડર તરીકે કામ કરતા આરોપી બળદેવ ઠાકોર સાથે યુવતીને પ્રેમ સંબંધ બંધાઈ ગયો હતો. ત્યારબાદ બંને વચ્ચે અનૈતિક સંબંધો અને શરીર સંબંધો બંધાવા માંડ્યા હતા. જેની જાણ તેના પતિ અને સાસુને થતા ઘરમાં ઝઘડા થતા હતા. આથી યુવતીને તેના પતિ અને સાસુએ તેની દીકરી સાથે વતન મહારાષ્ટ્ર મોકલી દીધી હતી. આ વાતથી ઉશ્કેરાયેલા તેના પ્રેમી બળદેવ ઠાકોરે ઘરમાં પ્રવેશીને પહેલા પોતાની પ્રેમિકાની સાસુ અને ત્યારબાદ તેના પતિના માથામાં કુહાડીના ઘા મારીને તેમની હત્યા કરી નાખી હતી.

પોતાના ઘરમાંથી ખરાબ વાસ આવી રહી છે, તેવી જાણ થતાં મકાન માલિક ત્યાં પહોંચ્યા હતા. પોલીસ પણ ત્યાં આવી પહોંચી હતી. પોલીસે મકાનનો દરવાજો ખોલીને જોતા મકાનમાં જુદી જુદી જગ્યાએ લોહીના ડાઘા અને લોહી મળી આવ્યું હતું. જ્યારે એક જગ્યાએ પ્લાસ્ટિકના થેલામાં એક સ્ત્રી અને પુરુષની વિકૃત તેમજ કીડા પડેલી લાશ મળી આવી હતી. મૃતક ભાડૂઆતના મોટા ભાઈ આવ્યા હતા અને તેને પોતાના ભાઈ અને માતાની લાશ ઓળખી બતાવી હતી.

આરોપી જ્યારે હત્યા કર્યા બાદ ઘરની બહાર નીકળ્યો ત્યારે શ્વાન ભસતા હતા. તે જ સમયે એક સાક્ષીએ આરોપીને મૃતકના ઘરની બહાર નીકળતા જોયો હતો. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં પણ મૃતકોને માથામાં વાગવાથી હેમરેજના લીધે મોત થયું હોવાનું બહાર આવ્યું હતું. ■

# રાજ્યમાં મગફળીનું વિક્રમી ૧૯,૧૦,૪૯૨ હેક્ટરમાં વાવેતર: ખરીફ પાકનું એકંદરે ૯૬.૬૦ ટકા વાવેતર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ:ગુજરાતમાં આ વર્ષે ખાસ કરીને સૌરાષ્ટ્રમાં વહેલાસર અને પ્રમાણમાં સારો વરસાદ થતા મગફળીનું ૧૯,૧૦,૪૯૨ હેક્ટરમાં વાવેતર થયું છે. ૨૦૨૩માં ૧૬,૩૫,૨૬૬ હેક્ટરમાં મગફળીનું વાવેતર થયું હતું આમ ગત વર્ષ કરતાં પણ આ વર્ષે મગફળીનું વધારે વાવેતર થયું છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ખરીફ પાકેનું ૯૬.૬૦ ટકા એટલે કે ૮૨,૬૭,૯૬૭ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયુ છે. જોકે ૨૦૨૩માં કુલ ૮૪,૮૬,૦૨૦ હેક્ટરમાં વાવેતર થયું હતું. ચાલુ વર્ષે ૮,૮૫,૦૦૦ હેક્ટરમાં ડાંગરનું વાવેતર થયુ છે. કૃષિ વિભાગના પ્રાથમિક અહેવાલ અનુસાર ૨૦૨૩માં ૮,૭૧,૨૮૦ હેક્ટરમાં ડાંગરનું વાવેતર થયું છે. તથા ચાલુ વર્ષે ૧.૬૭ લાખ હેક્ટરમાં બાજરીનું વાવેતર તથા ગયા વર્ષે ૧.૯૭ લાખ હેક્ટરમાં બાજરીનું વાવેતર થયુ હતુ, ચાલુ વર્ષે ૧૯,૦૧૫ હેક્ટરમાં જુવારનું વાવેતર તથા મકાઇનું વાવેતર ૨.૮૨ લાખથી વધી ૨.૮૫ લાખ હેક્ટર થયુ છે. મગનું વાવેતર ૬૪,૦૦૦થી ઘટી ૫૪,૦૦૦ હેક્ટર થયુ છે. એરંડાનું વાવેતર ૬.૮૬ લાખથી ઘટી ૫.૪૭ લાખ હેક્ટર તથા કપાસનું વાવેતર ૨૬.૭૯ લાખથી ઘટી ૨૩.૬૨ લાખ હેક્ટર અને શાકભાજીનું વાવેતર ૨.૫૩ લાખ હેક્ટર વાવેતર થયુ છે. ચાલુ વર્ષે મગફળીનું વાવેતર ૧૯,૧૦,૪૯૨ હેક્ટરમાં વાવેતર થયું છે જે ૨૦૨૩માં ૧૬,૩૫,૨૬૬ હેક્ટરમાં થયું હતું. ચાલુ વર્ષે ડાંગરનું વાવેતર ૮,૮૫ હજારથી વધુ હેક્ટરમાં થયું છે જે ગત વર્ષે ૮,૭૧,૨૮૦ જેટલા હેક્ટરમાં થયું હતું. બાજરાનું વાવેતર ગત વર્ષ કરતાં ઓછું થયું છે ૧.૯૭ લાખ હેક્ટરમાં વાવેતર થયું હતું તે ઘટીને ચાલુ કરશે ૧.૬૭ લાખ હેક્ટરમાં થયું છે. જુવારનું ૧૯૦૧૫ હેક્ટરમાં વાવેતર થયું છે તથા મકાઈનું વાવેતર ચાલુ વર્ષે ૨.૮૫ લાખ હેક્ટરમાં થયું છે જે ગત વર્ષે ૨.૮૨ લાખ હેક્ટર હતું. ચાલુ વર્ષે મગના વાવેતરમાં ઘટાડો થયો છે ગત વર્ષે ૬૪૦૦૦ હેક્ટરમાં વાવેતર હતું જે ચાલુ વર્ષે ઘટી ૫૪૦૦૦ હેક્ટરમાં થયું છે તેમજ ચાલુ વર્ષે એરંડાનું વાવેતર ૫.૪૭ લાખ હેક્ટરમાં થયું છે તે ગત વર્ષે ૬.૮૬ લાખ હેક્ટરમાં થયુ હતુ. ■

# ટ્રાફિક સમસ્યા-માર્ગ અકસ્માત માટે ગુજરાતમાં ખાસ હેલ્પલાઈન શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યમાં બનતા માર્ગ અકસ્માતો અને ટ્રાફિક જામની સમસ્યાના નિવારણ માટે ગુજરાત પોલીસ દ્વારા નાગરિકો માટે એક વિશેષ હેલ્પલાઈન-૧૮૦૦૨૩૩૧૧૨૨ સેવા શરૂ કરવામાં આવી છે. રાજ્યના કોઈ પણ ખૂણે સર્જાયેલી માર્ગ અકસ્માતની ઘટના, ટ્રાફિક જામની સમસ્યા કે અન્ય કોઈપણ ટ્રાફિક સંબંધિત મુશ્કેલીની માહિતી નાગરિકો એક જ ફોન કોલથી આ નવી હેલ્પલાઈનમાં આપી શકશે. જે માહિતી તાત્કાલિક સંબંધિત વિસ્તારના પોલીસ અધિકારીને પહોંચાડી તે સમસ્યાનું નિવારણ લવાશે. ટ્રાફિક સંબંધિત આ હેલ્પલાઇન ઉપરાંત ગુજરાત પોલીસે નાગરિકો માટે અન્ય ત્રણ સુવિધા પણ ઉપલબ્ધ કરાવી છે. જેમાં (૧) વેબસાઈટ (૨) ઈમેઈલ આઈડી અને (૩) સ્માર્ટફોન યુઝર્સ માટે વિશેષ એપ્લિકેશનની સેવાનો સમાવેશ નાગરિકોની સરળતા માટે કરાયો છે. આ તમામ માધ્યમો મારફતે નાગરિકો તરફથી મળેલી ટ્રાફિક સંબંધિત ફરિયાદોનું નિવારણ કરવા માટે ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા સતત મોનિટરિંગ કરાશે. જેના થકી હવે ગુજરાતના નાગરિકો તેમની ટ્રાફિક સમસ્યાઓના ઝડપી અને વધુ અસરકારક ઉકેલ મેળવી શકશે.

રાજ્યના કોઇ પણ ખૂણે કોઇ નાગરિકને માર્ગ અકસ્માત કે ટ્રાફિક જામ સંબંધિત કોઇ સમસ્યાનો સામનો કરવો પડે કે આવા કોઇ દૃશ્ય દેખાય તો તેનો ફોટો વેબસાઇટમાં અપલોડ કરી તે કયા લોકેશનની સમસ્યા છે તેની માહિતી આપી શકશે. ■

# આજથી અંબાજી ભાદરવી પૂનમનો મેળો શરૂ: માઈભક્તોને શ્રેષ્ઠ સુવિધાઓ માટે તંત્ર સજ્જ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શક્તિપીઠ અંબાજી ખાતે દર વર્ષે ભાદરવી પૂનમે યોજાતા પરંપરાગત મેળામાં લાખો શ્રદ્ધાળુઓ ઉમટે છે કે જેમાં મોટાભાગે પગપાળા યાત્રાળુઓ હોય છે. આ વર્ષે તા. ૧૨ થી ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૪ દરમિયાન યોજાનાર આ ભવ્ય મેળામાં અંદાજે ૩૦ લાખથી વધારે યાત્રાળુઓ પહોંચે તેવી શક્યતા છે.

આવતીકાલથી શરૂ થતાં ભાદરવી પૂનમના મહામેળા માટે વહીવટી તંત્ર અને અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા તમામ પ્રકારની તૈયારીઓ પરિપૂર્ણ કરી દીધી છે. લાખોની સંખ્યામાં આવતા યાત્રાળુઓને કોઈપણ અગવડતા ન સર્જાય અને સરળતાથી અંબાજીમાં આવી અને માતાજીના દર્શન કરી શકે તેવી અનેક વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી છે. યાત્રાળુઓ માટે એક ક્યુઆર કોડ પણ તૈયાર કરવામાં આવ્યું છે જેને સ્કેન કરવાથી સુવિધા અંગેની તમામ માહિતી લોકેશન સાથે મળી રહેશે. મંદિર ટ્રસ્ટ અને વહીવટી તંત્ર દ્વારા યાત્રાળુઓની સુરક્ષા સલામતી સાથે પીવાના પાણી, ટોયલેટ, ભોજન સહિતની અનેકો સુવિધાઓ ઉભી કરવામાં આવી છે.

અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા અંબાજી ખાતે ત્રણ જગ્યાએ નિઃશુલ્ક ભોજનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તમામ ભક્તો નિશુલ્ક ભોજનનો લાભ લઈ શકશે. અંબાજીમાં આવી ભક્તો અંબિકા ભોજનાલય, દિવાલી બા સદન ખાતે અને ગબ્બર તળેટી ખાતે આ ત્રણ જગ્યા પર ટ્રસ્ટ દ્વારા નિઃશુલ્ક ભોજનની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે.

અંબાજી પગપાળા યાત્રાળુઓ માટે આ વર્ષે ચાર અલગ-અલગ સ્થળોએ વોટરપ્રૂફ ડોમ બનાવવામાં આવ્યા છે. દાંતાથી અંબાજી આવતા પાન્છા ખોડીયાર-બ્રહ્માની માર્બલ સામે વીર મહારાજ વચ્ચેની ખુલ્લી જગ્યામાં, હડાદથી અંબાજી તરફ આવતા કામાક્ષી મંદિરની સામે આવેલ ખુલ્લી જગ્યામાં, જૂની કોલેજ ખાતે આવેલ ખુલ્લી જગ્યામાં, માંગલ્ય વનની પાછળના ભાગની જગ્યામાં ડોમ યાત્રાળુઓની સુવિધાને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યા છે. આ ડોમમાં યાત્રાળુઓ માટે અંદાજે ૧૨૦૦ બેડની સુવિધા, અન્ય એક મલ્ટી પર્પઝ ડોમની સુવિધા, શૌચાલય, સીસીટીવી કેમેરા, મોબાઇલ ચાર્જિંગની વ્યવસ્થા, હાઉસકીપિંગ સર્વિસ, સાઈનેજિસ, ફ્લોર કાર્પેટ, ફ્લેગ પોલ, પીવાના પાણીની વ્યવસ્થા, ઈલેક્ટ્રિફિકેશનની વ્યવસ્થા, અગ્નિશામક સાધનો, સમાન મુકવાની વ્યવસ્થા વગેરે કરવામાં આવી છે. ■

# અમદાવાદ રેલવે સ્ટેશન જવાનો આ રસ્તો ૩ વર્ષ માટે બંધ રહેશે: ત્રણ વિકલ્પો અપાયા

અમદાવાદ: અમદાવાદ શહેરમાં કાલુપુર રેલવે સ્ટેશન જવાનો એક રસ્તો ૩ વર્ષ માટે બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જોકે લોકોને ત્રણ વિકલ્પો આપવામાં આવ્યા છે. શહેર પોલીસ કમિશનર દ્વારા કાલુપુર ખાતે અમદાવાદ રેલ્વે સ્ટેશન તરફ જતો મુખ્ય માર્ગ ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૪થી ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૭ સુધી ત્રણ વર્ષના સમયગાળા માટે બંધ કરવાની જાહેરાત કરવામાં આવી છે. નોટિફિકેશન અનુસાર, સારંગપુર સર્કલથી કાલુપુર રેલ્વે સ્ટેશન સુધીના ૨૦૦ મીટરના રસ્તાની એક બાજુ વાહનવ્યવહાર માટે બંધ રહેશે, જ્યારે સામેની બાજુની લેનને વન-વેમાં ફેરવવામાં આવશે. જોકે લોકોને ત્રણ વિકલ્પો આપવામાં આવ્યા છે. સારંગપુર સર્કલથી કાલુપુર રેલવે સ્ટેશન તથા કાલપુર તરફ જનાર ટ્રાફિક સારંગપુર સર્કલ થઈ સીંધી બજાર થઈ પાંચકુવા થઈ જમણી બાજુ રેલવે સ્ટેશનની એન્ટ્રી ગેટ સુધી જઈ શકાશે. તેમજ કાલુપુર જનાર ટ્રાફિક મોતી મહેલ હોટલ વાળા રોડ તરફ જઈ શકશે. ■

# શાકભાજીની મોંઘવારીએ લોકોનો ભરડો લીધો: ઊંચા ભાવથી વેપારીઓ પણ સ્તબ્ધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યમાં તાજેતરમાં થયેલા ધોધમાર વરસાદમાં શાકભાજીનો પાક ધોવાતા શાકભાજીના ભાવ ધરખમ વધારો થયો છે. સામાન્ય રીતે ભાદરવા મહિનામાં શાકભાજીની અઢળક આવકના કારણે ભાવ ઓછા હોય છે, તેનાથી તદ્દન વિપરીત ચિત્ર હાલ સર્જાયું છે અને શાકભાજીના આસમાને પહોંચેલી કિંમતોથી વેપારીઓ પણ સ્તબ્ધ છે. બજારમાં શાકભાજી કરતા મોસંબી-સફરજન સહિતના ફ્રૂટ સસ્તા મળતા હોવાની સ્થિતિ સર્જાઇ છે. શાકભાજીના ભાવમાં અસામાન્ય વધારા માટે વેપારીઓ જન્માષ્ટમીના તહેવારોમાં વરસેલો ભારે સળંગ વરસાદને જવાબદાર ઠરાવે છે. ખેતરોમાં નવો પાક ધોવાઇ ગયો હોવાથી શાકભાજીમાં તેજી આવી છે, હાલત એવી છે કે લોકલ સેન્ટરોમાંથી શાકભાજીની ખાસ આવક નથી. અત્યારે કદાચ કોઇ પણ શાકભાજી સસ્તા નથી. કોબીજમાં પણ હોલસેલ ભાવ ૨૦૦ થી ૪૦૦ છે. જે સામાન્ય રીતે ૧૦૦થી પણ નીચે રહેતો હોય છે. ફ્લાવર, ભીંડો, ગુવાર, ચોળાશિંગ, વાલોર, ટીંડોળા, કારેલા, સરગવો, તુરિયા, ગલકા જેવા તમામ શાકના હોલસેલ ભાવ પણ પ્રતિકિલો ૫૦થી વધુ છે અને તેમાં પણ ઘણું બગડેલું નીકળતું હોવાથી રિટેઇલમાં ૧૦૦થી નીચું ન મળે તે માટે સ્પષ્ટ છે. મરચાંના પાકને પણ મોટું નુકશાન થયું છે. કોથમરી, મેથી, પાલક, લીંબુંનો હોલસેલ ભાવ પણ ૧૦૦ થી ૨૦૦ કે તેથી પણ વધુ છે. ■

# ખેડૂતોનો વિરોધ ભક્તિપીઠ અને ઔદ્યોગિક કૉરિડોરને રખડાવશે

મુંબઈઃ કેન્દ્રીય પરિવહન પ્રધાન નીતિન ગડકરીના નેતૃત્વમાં મહારાષ્ટ્ર સહિત આખા ભારતમાં રસ્તા-ઇન્ફ્રાસ્ટ્રક્ચરનાં કામો જોરમાં છે ત્યારે મહારાષ્ટ્રમાં બે અત્યંત મહત્ત્વના પરિવહન ક્ષેત્રના પ્રાજેક્ટ ખોટકાઇ જાય તેવી ભીતિ છે.

ખેડૂતો માટે પ્રોજેક્ટ માટે જરૂરી જમીન આપવા ઇનકાર કરવામાં આવ્યો હોવાના કારણે આ પ્રોજેક્ટનું કામ અટવાયેલું હોવાનું જાણવા મળ્યું છે, જેના કારણે એમએસઆરડીસી(મહારાષ્ટ્ર રોડ ટ્રાન્સપોર્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન) દ્વારા હાથ ધરવામાં આવેલા નાગપુર-ગોવા શક્તિપીઠ હાઇ-વે, પુણે-નાશિક ઇન્ડસ્ટ્રિયલ કોરિડોર અને સિંદખેડ રાજા-શેગાવ ભક્તિપીઠ હાઇ-વે આ ત્રણ મહત્ત્વના પ્રોજેક્ટ્સનું કામ અટકી પડ્યુ છે. સ્થાનિકો અને ખેડૂતો દ્વારા આ પ્રોજેક્ટ્સનો વિરોધ કરવામાં આવતો હોવાના કારણે પ્રોજેક્ટના આડે મુશ્કેલી આવી રહી હોવાના કારણે સરકારે એમએસઆરડીસીને પ્રોજેક્ટ માટે જમીન હસ્તગત કરવાની પ્રક્રિયા રદ કરવાની સૂચના આપી છે. સરકારની આ સૂચનાને પગલે ૧.૨૫ લાખ કરોડ રૂપિયાના આ પ્રોજેક્ટ ઠપ્પ થઇ ગયા છે.

સમૃદ્ધિ હાઇ-વેના ધોરણે જ નાગપુર-ગોવા શક્તિપીઠ હાઇ-વે તૈયાર કરવાનો પ્રોજેક્ટ એમએસઆરડીસીએ હાથમાં લીધો હતો અને ૮૦૫ કિલોમીટરના આ હાઇ-વેની યોજના તૈયાર હોઇ તેની માટે જરૂરી પરવાનગીઓ લેવાનું કામ શરૂ થયું હતું અને અધ્યાદેશ બહાર પાડીને જમીન હસ્તગત કરવાનું કામ પણ શરૂ હતું.

આ ઉપરાંત પુણે-નાશિક હાઇ-સ્પીડ કોરિડોર માટે 'ઇન્ડસ્ટ્રીયલ કોરિડોર' તૈયાર કરવાનો નિર્ણય પણ લેવામાં આવ્યો હતો. ૨૧૩ કિલોમીટરનો આ ફાસ્ટ કોરિડોર બને તો બે શહેરો વચ્ચેનો પ્રવાસ ફક્ત બે કલાકમાં ખેડી શકાય. જોકે આ પ્રોજેક્ટ માટે જમીન હસ્તગત કરવાની પ્રક્રિયા શરૂ થઇ ગઇ હોવા છતાં હવે આ પ્રોજેક્ટ પાછળ ઠેલાય તેવી શક્યતા છે.

એમએસઆરડીસી દ્વારા ઉક્ત બંને પ્રોજેક્ટ સિવાય સિંદખેડરાજા-શેગાવ દરમિયાન સમૃદ્ધિ હાઇ-વેનો વિસ્તાર કરવાનો નિર્ણય લઇને ૧૦૯ કિલોમીટર લાંબો 'ભક્તિપીઠ' મહામાર્ગ તૈયાર કરવાનો પ્રસ્તાવ પણ તૈયાર થનાર હતો. ચાર લેનના આ પ્રોજેક્ટને સરકારની મંજૂરી મળી ત્યાર બાદ જમીન હસ્તગત કરવાની પ્રક્રિયા શરૂ થઇ હતી. જોકે સ્થાનિકોએ કરેલા વિરોધના પગલે આ પ્રોજેક્ટ પણ અટવાયેલો છે.

# લાતુરની હૉસ્પિટલનો અજબ કિસ્સોઃ સીઝેરીયનમાં કપડું પેટમાં રહી ગયું

મુંબઈઃ મહારાષ્ટ્રના લાતુર જિલ્લામાં આવેલી સરકારી હોસ્પિટલમાં સીઝેરિયન કરાવ્યા બાદ પત્નીના પેટમાં પાટાપિંડી કરવા માટેનું જાળીવાળું કપડું રહી ગયું હોવાનો આરોપ પતિએ કર્યા બાદ આરોગ્ય અધિકારીએ તપાસનો આદેશ આપ્યો છે. તપાસના તારણોને આધારે યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે, એવું એક અધિકારીએ જણાવ્યું હતું.

હબીબા વસીમ જેવલેએ તેની ફરિયાદમાં જણાવ્યું હતું કે એપ્રિલ મહિનામાં ઔસા વિસ્તારની હોસ્પિટલમાં તેમની પત્નીનું સીઝેરિયન કરવામાં આવ્યું હતું અને ત્યાર બાદ તેને રજા આપવામાં આવી હતી. જોકે સતત પેટમાં દુખાવાની ફરિયાદ કર્યા બાદ પત્નીને લઇને તે ત્રણ અઠવાડિયાં બાદ પાછો હોસ્પિટલમાં આવ્યો હતો. પત્નીને લાતુરની સરકારી મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં રિફર કરવામાં આવી હતી, જ્યાં તેને ૨૦ દિવસ સારવાર આપવામાં આવી હતી.

ચાર મહિના સુધી પેટમાં દુખાવાની સતત ફરિયાદ બાદ તેને ધારાશિવની એક ખાનગી હોસ્પિટલમાં લઇ જવામાં આવી હતી, જ્યાં સ્કેન કરવામાં આવતા જાળીનો ટુકડો ફસાયો હોવાનું જાણવા મળ્યું હતું. જેવલેએ ત્યાર બાદ ઔસા સિવિલ હોસ્પિટલનાં ઈન્ચાર્જ ડો. સુનીતા પાટીલને ફરિયાદ કરી હતી અને સીઝેરિયન કરનાર ડોક્ટર અને નર્સને સસ્પેન્ડ કરવાની માગ કરી હતી.

આ અંગેની જાણ વરિષ્ઠ અધિકારીઓને કરવામાં આવી છે અને જેવલેએ કરેલા આરોપો માટે એક તપાસ સમિતિની રચના કરવામાં આવી છે. આ ઘટના અંગે ડોક્ટર અને નર્સને નોટિસ આપવામાં આવી હોવાનું પાટીલે જણાવ્યું હતું.

# ધારાવી પુનર્વિકાસના ટેકામાં સ્થાનિકોનો આનંદોત્સવ




મુંબઈઃ ધારાવી પુનર્વિકાસના સમર્થનમાં બુધવારે સાંજે ધારાવી પુનર્વિકાસ સંઘ દ્વારા શક્તિ વિનાયક મંદિર ખાતેના ૯૦ ફૂટ રોડ પર આનંદોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ નિમિત્તે તમામ સ્થાનિક રહેવાસીઓએ પેંડા વહેંચીને ધારાવી પુનર્વિકાસ પ્રકલ્પને સમર્થન આપવા તથા કામ ઝડપથી પૂર્ણ કરવા માટે નારાબાજી પણ કરી હતી. તેથી આ પ્રકલ્પનો વિરોધ કરનારાઓ બહારની વ્યક્તિઓ હોવાનું પણ કહેવાઇ રહ્યું છે. રાજ્યની મહાયુતિ સરકાર દ્વારા ધારાવી પુનર્વિકાસ પ્રકલ્પ હાથ ધરવામાં આવ્યો છે. આ માટે ધારાવીના વિવિધ વિભાગમાં સર્વેક્ષણ પણ શરૂ કરવામાં આવ્યો છે. બીજી તરફ અમુક ગણતરીના આંદોલનકારીઓ દ્વારા આ પ્રકલ્પનો વિરોધ કરવામાં આવ્યો હતો, પરંતુ જેઓ વિરોધ કરી રહ્યા હતા તેઓ બહારથી આવેલા લોકો હોવાનું સ્થાનિક રહેવાસીઓનું કહેવું છે. ધારાવી પ્રકલ્પની સામેના આંદોલનના વિરોધમાં બુધવારે સાંજે ૯૦ ફૂટ રોડ પર આનંદોત્સવ ઉજવવામાં આવ્યો હતો.

# મરાઠાઓને અનામત એકનાથ શિંદે જ અપાવી શકશેઃ મનોજ જરાંગે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લાંબા સમયથી મરાઠા અનામતનો મુદ્દો મહારાષ્ટ્રમાં સળગી રહ્યો છે અને આ મામલે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી ચાલી રહી છે ત્યારે મરાઠા સમાજને અનામત આપવા માટે કોઇ સક્ષમ હોય તો તે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદે છે, તેવો વિશ્વાસ મરાઠા સમુદાયને અનામત આપવા માટે ચળવળ ચલાવી રહેલા મનોજ જરાંગે પાટીલે વ્યક્ત કર્યો છે. જરાંગેએ મરાઠા સમાજને શિંદે પર ભરોસો હોવાનું જણાવતા કહ્યું હતું કે મુખ્ય પ્રધાન એકનાથ શિંદે જ મરાઠા સમાજને અનામત અપાવી શકે એમ છે. તે સાહસી છે. તેમનામાં કામ કરવાની ક્ષમતા છે.

અત્યાર સુધી સરકાર પ્રત્યે નારજગીનું વલણ ધરાવનારા મનોજ જરાંગેએ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની પ્રશંસા કરી તેમનામાં વિશ્વાસ મૂક્યો હતો. જરાંગેએ એકનાથ શિંદે પર વ્યક્ત કરેલા વિશ્વાસ અને શિંદેએ અનામતને અકબંધ રાખવાના આપેલા નિવેદનને ઘણું જ સૂચક માનવામાં આવી રહ્યું છે. ■

## અનામતને સંપૂર્ણ સહકાર કરે છે મહાયુતિ

આ દરમ્યાન અનામત વિશે પુછાતા મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ જણાવ્યું હતું કે મહાયુતિની સરકાર અનામતને પૂરો ટેકો આપે છે અને જ્યાં સુધી હું શિવસેનાનો ખરો સિપાહી તરીકે હયાત છું ત્યાં સુધી તો તેઓ કોઈ કાળે અનામતને હટવા નહીં દે. ■

# જીએનએસએસ છે? તો હાઇ-વે પર ૨૦ કિ.મી. ટોલ નહીં

મુંબઈઃ પરિવહન ખાતાએ ૨૦૦૮ના નેશનલ હાઇ-વે એક્ટમાં સુધારો કર્યો હોવાને પગલે હવે 'ગ્લોબલ નેવિગેશન સેટેલાઇટ સિસ્ટમ' એટલે કે જીએનએસએસ ધરાવતા વાહનોને મોટી રાહત મળશે. જીએનએસએસ ધરાવતા ખાનગી વાહનોને નેશનલ હાઇ-વે પર દરરોજનો વીસ કિલોમીટરનો પ્રવાસ મફત કરવા મળશે. પરિવહન વિભાગના આદેશ મુજબ હવે જીએનએસએસ સિસ્ટમ ધરાવતા વાહનોને જ આ સુવિધા મળશે. આ વાહનોને નેશનલ હાઇ-વે પર તેમણે કરેલા પ્રવાસ બદલ ચૂકવવાની કુલ રકમમાંથી ૨૦ કિલોમીટરના પ્રવાસના ચાર્જને બાદ કરીને જ રકમ ચૂકવવાની રહેશે. ■

# ડૉક્ટરને ખોટા કેસમાં ફસાવવાની ધમકી આપીને ૨૬ લાખ રૂપિયા પડાવ્યા

થાણેઃ નવી મુંબઇના ડોક્ટરને મની લોન્ડરિંગ અને આતંકવાદના ખોટા કેસમાં ફસાવવાની ધમકી આપીને સાયબર ગુનેગારોએ ૨૬.૫૨ લાખ રૂપિયા પડાવ્યા હતા.

ઘણસોલીમાં રહેનારા ડોક્ટરને ૨૬ ઑગસ્ટે આરોપીઓએ કૉલ કર્યો હતો અને પોતાની ઓળખ કસ્ટમ્સ ઓફિસર તરીકે આપી હતી. નવી મુંબઈના સાયબર પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર ગજાનન કદમના જણાવ્યા અનુસાર આરોપીઓએ ડોક્ટરને કહ્યું હતું કે તેણે દુબઇમાં જે પાર્સલ મોકલ્યું હતું તેમાં પોલીસ યુનિફોર્મ અને ડ્રગ્સ સહિત વાંધાજનક સામાન હતો.

આરોપીઓએ ડોક્ટરને એમ પણ કહ્યું હતું કે તેઓ તેનો કેસ મુંબઈના અંધેરી વિસ્તારમાં પોલીસ સ્ટેશનમાં મોકલી રહ્યા છે. તેનું બેન્ક એકાઉન્ટ આતંકવાદી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલું છે અને તેના દ્વારા કાળાં નાણાંને ધોળાં કરે છે, એવો દાવો આરોપીઓએ કર્યો હતો.

રાજદ્રોહ બદલ ધરપકડ કરવામાં આવશે એવી તેમણે ડોક્ટરને ધમકી આપી હતી અને પતાવટ કરવા તથા મની લોન્ડરિંગના મુદ્દાઓથી દૂર કરવા માટે ડોક્ટરને વિવિધ બેન્ક ખાતાંઓમાં રૂ૨૬.૫૨ લાખ રૂપિયા ઓનલાઇન ટ્રાન્સફર કરવા દબાણ કર્યું હતું.

દરમિયાન આરોપી વધુ પૈસાની માગણી કરવા લાગ્યા હતા. આથી પોતે છેતરાયો હોવાનું ધ્યાનમાં આવતાં ડોક્ટરે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ પ્રકરણે અજાણ્યા શખસો સામે ગુનો દાખલ કરી તેમની શોધ આદરી હતી. (પીટીઆઇ)

# યુવતીની મારપીટ કરનાર ત્રણની શોધ

થાણેઃ દિવા વિસ્તારમાં એક હોસ્પિટલ નજીક રવિવાર રાતે એક ૨૧ વર્ષીય યુવતીનો વિનયભંગ કરી તેને ધક્કે ચઢાવવા માટે પોલીસે ત્રણ વ્યક્તિ સામે ગુનો નોંધ્યો હતો. ગણપતિ વિસર્જન દરમિયાન આરોપીઓએ યુવતીની છેડતી કરી હતી. રવિવારે મોડી રાતે આરોપીઓએ યુવતીને તેના સંબંધીના ઘર નજીક પકડી લીધી હતી અને કથિત તેની મારપીટ કરી હતી. આ ઘટનામાં પીડિતાનું સોનાનું મંગલસૂત્ર પણ ખોવાઇ ગયું હતું. સંબંધિત કલમો હેઠળ આરોપીઓ સામે ગુનો નોંધી તેમની શોધ શરૂ કરાઇ હોવાનું પોલીસે જણાવ્યું હતું. (પીટીઆઇ)

# હિન્દુ મરણ

કરાચીવાળા શેઠ શ્રી રાજેશ તન્ના હાલ મુલુન્ડ તા. ૧૦.૦૯.૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તેઓ સ્વ. ગીરધરલાલ તન્ના અને સ્વ. રમાબેનના પુત્ર મહેશભાઈ તન્નાના ભાઈ. શ્રીમતી રીનાબેનના પતિ. ચિ. વિવેક તન્ના, ચિ. રીતુ તન્નાના પપ્પા. સ્વ. દેવશીભાઈ ડુંગરશીભાઈ સોની આમના જમાઈ. હરેન્દ્ર દેવશી સોનીના બનેવી. પ્રાર્થનાસભા સ્થળ - મુક્તેશ્વર મહાદેવ મંદિર, મુલુન્ડ વેસ્ટ. તા. ૧૨-૯-૨૪ સાંજના ૪ થી ૬.

**નવગામ વિસાનાગર વણિક**

કુકરવાડા નિવાસી હાલ-કાંદિવલી મુકુંદલાલ (ઉં.વ. ૮૮) તે સ્વ. મણીબેન તથા સ્વ. કુબેરદાસ કચરાદાસ શાહના પુત્ર. તે રજનીકાબેનના પતિ. તે વ્રજેશ, જતીન તથા હેમંતના પિતાશ્રી. ફાલ્ગુની તથા કાજલના સસરા. માણસાનિવાસી સ્વ. કાંતિલાલ બલદેવદાસ ચોકસીના જમાઈ તા. ૧૦-૯-૨૪ના મંગળવારે શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૩-૯-૨૪ના શુક્રવારે ૬થી ૭ સ્થળઃ હાલાઈ લોહાણા બાળાશ્રમ હોલ, મથુરાદાસ એક્સટેન્સન રોડ, અતુલ ટાવરની બાજુમાં કાંદિવલી (પશ્ચિમ).

**નવાગામ ભાટિયા**

ધ્રોલ નિવાસી હાલ મુંબઈ ગં.સ્વ. ઉષા દિલીપ વેદ (ઉં.વ. ૭૦) તે ગો.વા. નરભેરામ હીરજી વેદના પુત્રવધૂ. તે કાલાવડ નિવાસી ગો.વા. લાલજી લીલાધર ઉદેશીના દીકરી. ગો.વા. જ્યોતિબેન જમનાદાસ રાયગગલા, અ.સૌ. વીણાબેન વિનોદભાઈ વેદ અને ગો.વા. પ્રમિલાબેન સુરેશભાઈ વેદના ભાભી. જતીન અને મેઘાના માતુશ્રી. અ.સૌ. વંદના અને પરાગ અશ્વિનભાઈ આશરના સાસુમા. જીગર અને રિયાંશના દાદી. તા. ૧૧-૯-૨૪ના મુંબઈ મુકામે શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૩-૯-૨૪ના શુક્રવારે ૫.૦૦થી ૭.૦૦ સ્થળઃ શ્રી સ્વામીનારાયણ મંદિર હોલ, યોગિનગર, બોરીવલી (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

**પોરેચા દશા મોઢ માંડલીયા વણિક**

પોરબંદર નિવાસી, હાલ-મુંબઈ સ્વ. શ્રી હિંમતલાલ છોટાલાલ દામાણી તથા શ્રીમતી નલીનીબેનના સુપુત્ર ચિ. મિનેશભાઈ (ઉં.વ. ૫૯) તા. ૧૦-૯-૨૪, મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. દિપાલીબેનના પતિ. ચિ. મિતુલનાં પિતા. સ્વ. શ્રી ધીરુભાઈ તથા રમીલાબેન, શ્રી. અશ્વિનભાઈ તથા મૃદુલાબેન, ઉર્મિલાબેન શાંતિલાલ પારેખના ભત્રીજી. અતુલ-અમી, મહેશ-આરતી, કાર્તિક, દિપ્તિબેન પરેશભાઈ પારેખ, નીપાબેન તેજશભાઈ મણિયાર, મિત્સુબેનના ભાઈ. રાજકોટવાળા સ્વ. જશવંતીબેન કાંતિલાલ રતિલાલ બોઘાણીનાં જમાઈ. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૧૩-૯-૨૪ના ૫.૦૦થી ૭.૦૦ સ્થળઃ સોફિયા કોલેજ, ઓડીટોરીયન, બ્રીચકેન્ડી, મુંબઈ-૨૬.

**ચરોતર રૂખી**

ગામ શાહપુર હાલ-કાંદિવલીના નરેન્દ્ર શના સોલંકી તા. ૮-૯-૨૪ના અવસાન પામ્યા છે. તે મણીલાલના ભાઈ. ભાવનાબેનના પતિ. નિમેષભાઈના બનેવી. તેમના સૂતક તા. ૧૨-૯-૨૪, ગુરુવારના તેમના નિવાસસ્થાને રાખેલ છે. ઠેઃ નરેન્દ્ર શના સોલંકી, સમતાનગર, સિંગ ઈસ્ટેટ રોડ નં. ૩, કાંદિવલી (પૂર્વ).

**કચ્છી રાજગોર**

ગામ ભુજપુર હાલે કોપરખેરણે (નવી મુંબઈ) સ્વ. રાધાબેન ખીમજી શંકરજી મોતાના સુપુત્ર વસંત મોતા (ઉં. વ. ૬૬) તેઓ જયશ્રીબેનના પતિ. આશિષ, વિજય અને પલ્લવીબેનના પિતાશ્રી. ભક્તિ, હેતલ અને દિપેનભાઈ પણીયા (મુન્દ્રા)ના સસરા. અરવિંદભાઈ (વલસાડ) અને મંજુબેન કિશોરભાઈ માકાણી (ટોડા)ના મોટા ભાઈ. સ્વ. વેલજી મીઠુ જેશરેગોર (બારોઈ)ના જમાઈ તા. ૧૦-૯-૨૪ના મુંબઈ મધ્યે રામશરણ પામ્યા છે. જેમની બન્ને પક્ષની પ્રાર્થનાસભા (મુલુંડ) બ્રહ્માંડેશ્વર મહાદેવ ભક્ત મંડળ હોલ, મુલુંડ (વેસ્ટ) તા. ૧૪-૯-૨૪ શનિવારના ૪ થી ૬.

**ઈડર ઔદીચ્ય પિસ્તાલીસ જ્ઞાતિ**

ગામ બડોલી હાલ મુંબઈ ગોરેગાંવ નિવાસી શ્રી અનિરુદ્ધ જાની (ઉં. વ. ૮૩) તા. ૯-૯-૨૪ના મુંબઈ નિવાસે અક્ષર નિવાસી થયેલ છે. તેઓ હંસાબેનના પતિ. સ્વ. મંગળાગૌરી તથા સ્વ. દેવશંકર જાનીના પુત્ર. બિમલના પિતા. પુનિતાના સસરા. સ્વ. પુષ્પાબેન તથા સ્વ. પ્રહલાદ મુલશંકર મહેતાના જમાઈ. સ્વ. રાજેન્દ્ર તથા કૃષ્ણાબેનના ભાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૨-૯-૨૪ને ગુરુવારના ૫ થી ૭. સ્થળઃ જવાહર હોલ, ૨૭, જવાહર નગર, એસ. વી. રોડ, ગોરેગાંવ (પશ્ચિમ).

**કચ્છી મારુ કંસારા સોની**

ઘાટકોપર નિવાસી જયંતભાઈ લક્ષ્મીદાસ બુદ્ધભટ્ટી (ઉં. વ. ૬૮) તે સ્વ. લક્ષ્મીદાસ બુદ્ધભટ્ટી અને સ્વ. મુક્તાબેન બુદ્ધભટ્ટીના પુત્ર. તે સ્વ. ભગતભાઈ બારમેડા અને સ્વ. દયાબેન બારમેડાના જમાઈ. તે ગં.સ્વ. પારૂલબેન બુદ્ધભટ્ટીના પતિ. તે બંસીબેન અને નિકિતાબેનના પિતા સોમવાર ૯-૯-૨૪ના શ્રીરામશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ગુરુવાર ૧૨-૯-૨૪ના રોજ સાંજે ૪ થી ૬ બ્રાહ્મણ સમાજ, પેલો માળ, જોશી લેન, ઘાટકોપર (પૂ)માં રાખેલ છે.

**કચ્છી સારસ્વત બ્રાહ્મણ**

સ્વ. ઝવેરબેન નરશી નારાણજી ખટરિયા કચ્છ મસ્કાવાળાના વચેટપુત્ર ગોવિંદભાઈ (ઉં. વ. ૮૬) તે સ્વ. વેલામાં હરિરામ જેઠાભાઈ ગાવડિયાના જમાઈ. સુકન્યાબેન (નીમાબેન)ના પતિ. સ્વ. લક્ષ્મીદાસ, સ્વ. બુધુભાઈ, નરેન્દ્રભાઈ, સ્વ. ભાગીરથીબેન મથરાદાસ, સ્વ. રુક્ષ્મણીબેન કરસનદાસ, સ્વ. પુષ્પાબેન મૂળશંકર, ગં.સ્વ. દમયંતીબેન પરમાનંદ, ગં.સ્વ. ધનલક્ષ્મીબેન રમેશચંદ્ર તથા હંશાબેન બિપીનકુમારના ભાઈ. સંજય, હીના અને અલ્પેશના પિતાજી. રીટા, મનીષા તથા રાજીવ સુમનરાય પાંધીના સસરા ૯-૯-૨૪ના રામશરણ પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર ૧૨-૯-૨૪ના સારસ્વતવાડી, મુલુંડ. ૬ થી ૭.૩૦. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠિયા વણિક**

અ. સૌ. દિવ્યાબેન (ઉં. વ. ૭૮) હસમુખલાલ મદાણીના ધર્મપત્ની તા. ૧૦-૯-૨૪ મંગળવારના બોરીવલી મુકામે શ્રીજીચરણ પામેલ છે. તે અમીષ, નીરૂપા તથા પુનમના માતુશ્રી. ભરતભાઈ જસાપરા, પરાગ મહેતા તથા રાખીના સાસુ. તે મણીલાલ ચત્રભુજ શેઠના સુપુત્રી. સ્વ. પ્રભુદાસ, નવીનચંદ્ર, કાંતિલાલ, સ્વ. રમણીકલાલ, વિનોદરાય, સ્વ. વસંતબેન, સ્વ. ઉષાબેન, સ્વ. હંસાબેન, પ્રણામના દાદી. લૌકિક પ્રથા બંધ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી વણિક**

સરતાનપર નિવાસી હાલ વિરાર સ્વ. જુગલદાસ વેણીલાલ રાઠોડના ધર્મપત્ની નિરંજનાબેન (નીરુબેન) (ઉં.વ. ૮૭) ૧૦/૯/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે પ્રવિણાબેન પ્રવિણચંદ્ર ચોટલીયા, માલતીબેન મુકેશકુમાર દોશી, ચંદ્રિકાબેન પ્રકાશકુમાર કપાસી, અજયભાઇ તથા ભાવેશભાઈના માતુશ્રી. યોજના તથા સ્મિતાના સાસુ. સ્વ. પરશોતમભાઈ, સુશીલાબેન હસમુખરાય, ઇન્દુમતીબેન ગુણવંતરાયના ભાભી. હસમુખરાય, હર્ષદરાય તથા અનંતરાય નાનાલાલના બહેન. સોનુ પ્રતીકકુમાર, હિરલ, મનન, સૌરભના દાદી. પ્રાર્થનાસભા ૧૩/૯/૨૪ના ૪ થી ૬. વિષ્ણુ પ્રતિભા હોલ, ઉત્કર્ષ વિદ્યાલય સ્કૂલની સામે, બસ ડેપોની બાજુમાં, વિરાર વેસ્ટ.

**હાલાઇ લોહાણા**

મૂળગામ સમઢીયાળા હાલ મુંબઈ વસઈ સ્વ. ધીરજબેન તથા સ્વ. ત્રિભોવનદાસ મથુરાદાસ પટેલીયાના પુત્ર મુકેશભાઈ પટેલીયા (ઉં.વ. ૬૦) તે પ્રીતિબેનના પતિ. જીગરના પિતા. પ્રવીણભાઈ, સ્વ. પ્રમોદભાઈ (સુધીરભાઈ), મહેશભાઈ, બિપીનભાઈ, કરૂણાબેન હરેશકુમાર ઠક્કર, ગીતાબેન અમરકુમાર વિઠલાણીના ભાઈ. સ્વ. પુષ્પાબેન તથા અરવિંદભાઈ ભાઈચંદભાઈ ગણાત્રાના જમાઈ. ૮/૯/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૨/૯/૨૪ના ૪ થી ૬. કે. ટી વાળી હોલ, કે ટી વિલેજ, ૬૦ ફિટ રોડ, દીવાનમન વસઈ વેસ્ટ.

**કચ્છી લોહાણા**

ગામ બિદડા હાલે ડોમ્બિવલી સ્વ. લાલજીભાઈ ઠક્કર (દૈયા) (ઉં.વ.૭૯) તે સ્વ. સાકરબેન નરશી ઠક્કર (દૈયા)ના પુત્ર. સ્વ. સુશીલાબેનના પતિ. રચના મૂળરાજભાઈ (રાજા) જોબનપુત્રા, દીપા હિરેનભાઈ રૂપારેલ, અમિત, મિતેશના પિતાશ્રી. પિંકી, મીનલના સસરા. જેવીન, નિશિ, દેવના દાદા. ગં.ગ. નર્મદાબેન નારાયણજી કુંવરજી રાયચના (મોટા ભાડિયા)ના જમાઈ, તા. ૯/૯/૨૪ના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૨/૯/૨૪ના ૪:૦૦ થી ૬:૦૦. હોરીઝોન હૉલ, (ડી-માર્ટ) પાસે, માનપાડા રોડ, ડોમ્બિવલી ઈસ્ટ.

**વિશા પોરવાળ**

ટિંટોઇ નિવાસી હાલ કાંદિવલી સ્વ. કૌશિક માણેકલાલ શાહ (ઉં. વ. ૬૪) બુધવાર, તા. ૧૧/૯/૨૪ના અરિહંતશરણ પામેલ છે. તેમની ધર્મપત્ની મિતા શાહ. પુત્ર - નિકેતકુમાર શાહ. પુત્રવધૂ - નિકિતા શાહ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સુરતી વિશા લાડ વણિક**

ગં.સ્વ. રાધા શશીકાંત દલાલ (ઉં. વ. ૯૪), સ્વ. શશીકાંત ઠાકોરદાસ દલાલના પત્ની. અજય અને અતુલના માતુશ્રી. સ્વ. રેખા, અ.સૌ. નીલાના સાસુ. ચિ. મિલન, અ.સૌ. ડિમ્પલ, ચિ. વિવેકના દાદી. ચિ. શાનના વડદાદી. મંગળવાર, તા. ૧૦/૯/૨૪ના શ્રીજીચરણ પામ્યાં છે. પ્રાર્થનાસભા ગુરૂવાર, તા. ૧૨/૯/૨૪ના ૫થી ૭. જાનકીબાઈ હોલ, દાદાભાઈ રોડ, અંધેરી રીક્રિએશન કલબની સામે, આઝાદનગર મેટ્રો સ્ટેશન પાસે, અંધેરી વેસ્ટ.

**કચ્છી લોહાણા**

સ્વ. પ્રેમલ વિઠ્ઠલદાસ રૂપારેલ (ઉં. વ. ૫૧) ગામ બીટ્ટા હાલ સાંતાક્રુઝ તા. ૮/૯/૨૪ના રામશરણ પામેલ છે. તે કિરણબેનના પતિ. સ્વ. મધુબેન (વિશાખાબેન) સ્વ. વિઠ્ઠલદાસ હંસરાજ રૂપારેલના જ્યેષ્ઠ પુત્ર. હેતલબેન રાહુલ, નિશા જયોર્જના ભાઈ. દૃષ્ટિ, ખુશીનાં પિતા. સ્વ. મોહનલાલ રામજી ચંદે, જયાબેન મોહનલાલ ચંદે, દીપકભાઈ, પંકજભાઈ ચંદેના જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

# એમએમઆરના વિકાસની જવાબદારી બાબુઓના શિરે

મુંબઈઃ મુંબઈ મહાનગરનો જીડીપી આગામી પાંચ વર્ષમાં બમણો કરવા માટે સાત વિવિધ ક્ષેત્ર પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. નિતિ આયોગે કરેલી ભલામણની તાત્કાલિક ધોરણે અમલબજાવણી કરીને મુંબઈ મહાનગર પ્રદેશ (એમએમઆર)ને વિકાસનું ક્ષેત્ર (ગ્રોથ હબ) તરીકે વિકસિત કરવાની જવાબદારી સનદી અધિકારીને સોંપવાનો નિર્ણય રાજ્ય સરકારે લીધો છે. આગામી વિધાનસભા ચૂંટણી અને રાજકીય નેતાઓની નિર્ણય પ્રક્રિયામાં દરમિયાનગીરીને ટાળવા માટે મુખ્ય સચિવની અધ્યક્ષતા હેઠળ 'ગ્રોથ હબ સમન્વય સમિતિ' નીમવામાં આવી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

ચાર મહાનગરો મુંબઈ મહાનગર પ્રદેશ, સુરત, વિશાખાપટ્ટનમ અને વારાણસીનો 'ગ્રોથ હબ' તરીકે વિકાસ કરવાનો નિર્ણય કેન્દ્ર સરકારે લીધો છે. તે અનુસાર દેશમાં પહેલો પથદર્શી પ્રોજેક્ટ એમએમઆરમાં અમલમાં મૂકવામાં આવશે. નિતિ આયોગે એમએમઆરને વૈશ્વિક આર્થિક કેન્દ્ર બનાવવા માટે કેન્દ્ર સરકારની માલિકીની મુંબઈની જમીનો પર વિકાસ, ખાનગી ક્ષેત્રોની મદદ, આગામી પાંચ વર્ષમાં રાજ્ય સરકાર પાસેથી ૫૦ હજાર રૂપિયાનું રોકાણ, પરવડી શકે એવાં ઘરો બનાવવાં જેવાં વિવિધ ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરવાની સરકારને ભલામણ કરી છે. આ મહા વિકાસ માટેની જવાબદારી પ્રથમ વાર પ્રધાનોને બદલે સરકારી બાબુઓને સોંપવાનો નિર્ણય મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ લીધો છે.

છેલ્લા પાનાનું ચાલુ

## સંકેત બાવનકુળેએ

સેવન કર્યું નહોતું. અમે બારનું બિલ તપાસ્યું છે જેમાં સ્પષ્ટ થાય છે કે તેઓએ ગૌમાંસનું સેવન કર્યું નહોતું, એમ ડેપ્યુટી પોલીસ કમિશનર (ઝોનલ-૨) રાહુલ મદનેએ જણાવ્યું હતું.

અન્ય પોલીસ અધિકારીએ કહ્યું હતું કે સંકેત અને તેના મિત્રોએ બારમાં મટન રૉસ્ટ, મટન કરી, ચિકન ટિક્કા તથા અમુક વેજ વાનગીઓ ખાધી હતી. આ સિવાય તેમણે રૂ. ૧૨,૦૦૦નો દારૂનો ઓર્ડર પણ આપ્યો હતો. (પીટીઆઇ)

# જૈન મરણ

જેતપુર નિવાસી (હાલ મુંબઈ) સ્વ. કુમુદબેન અને સ્વ. ઈશ્વરલાલ મગનલાલ પારેખના પુત્રવધૂ તથા સ્વ. સુરેન્દ્રના ધર્મપત્ની ગં.સ્વ. તનમનબેન (ઉં. વ. ૭૯) તે પ્રફુલ્લભાઈ, સ્વ. દીલીપભાઈ, નીતિનભાઈ અને સ્વ. અશોકભાઈના ભાભી. મલ્લિકાબેન, દીનાબેન, સ્વ. કલ્પનાબેનના જેઠાણી. સ્વ. લલિતાબેન અને સ્વ. વિઠ્ઠલભાઈ ડાહ્યાભાઈ મીસ્ત્રીના પુત્રી સોમવાર ૯-૯-૨૪ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ લાકડિયા સ્વ. વેલજી રણશી ભીમશી શાહ (ઉં.વ. ૮૬) સોમવાર, તા. ૯-૯-૨૪ મુંબઈ ગોરેગાંવ મધે અવસાન પામેલ છે. સ્વ. તેજીબેન રણશીના સુપુત્ર, જશુબેનના પતિ. ખેતશી, સ્વ. વિમળા, રમિલા, જયશ્રી, ડિમ્પલના પિતાશ્રી. સ્વ. લાલજી, જયંતિ, દિનેશ, ધવલના સસરા. પાર્થ, મનિષ, પુંગાશ, હિતેશ્રી, ડૉ. વિધિના નાના. ગામ સામખીયારીના સ્વ. ડાઈબેન પુનરાજ તેજશીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિવાસસ્થાનઃ બી/૨૦૧, સ્નેહદિપ સોસાયટી, એમ.જી. રોડ, ગોરેગાંવ-(વેસ્ટ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

સાવરકુંડલા નિવાસી હાલ-મુલુંડ લીલાવંતીબેન મનસુખલાલ નાનચંદ દોશીના પુત્ર રમેશચંદ્ર (ઉં.વ.૮૫) તા. ૩-૯-૨૪ના મંગળવારે અરિહંતશરણ પામેલ છે. તે નિર્મળાબેનના પતિ તથા દેવાંગ, દર્શના, ભાવિકા, સેજલના પિતાશ્રી. શિલ્પા, મુકેશકુમાર, પરાગકુમાર, સંદીપકુમારના સસરાજી. સ્વ. સુરેશભાઈ, સ્વ. ચંદ્રાબેન પ્રવિણચંદ્ર મહેતા, અનિલભાઈના ભાઈ, હઠીચંદ દેવચંદ મહેતા (નોઘણવદર)ના જમાઈ. આત્મશ્રેયાર્થે ૧૮ પાપસ્થાનકની સ્તુતિ સંવેદના રાખેલ છે. તા. ૧૩-૯-૨૪, શુક્રવારના ૧૦.૩૦થી ૧૨.૩૦ સ્થળઃ સમૃદ્ધિ હોલ, મદનમોહન માલવિયા રોડ, ટેલિફોન એક્સચેન્જની બાજુમાં, મુલુંડ (વે).

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

જસપરા નિવાસી હાલ ભાંડુપ, રજનીકાંત અમૃતલાલ શાહની ધર્મપત્ની હસુમતીબેન (ઉં. વ. ૮૦) તા. ૧૧-૯-૨૪ બુધવારના અવસાન પામ્યા છે. તે સંજય અને રાજશ્રીના માતુશ્રી. રમેશકુમાર અને એકતાના સાસુ. જિનય, નિરવ અને જીતના દાદીમા. પિયર પક્ષે દાઠાવાળા અનંતરાય ચત્રભુજ સલોતના દીકરી. અને જસુભાઈની બહેન. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. નિવાસ સ્થાનઃ ૨/ડી/૩૦૫, કુકરેજા કોમ્પ્લેક્ષ, ભાંડુપ, મુંબઈ.

**દશાશ્રીમાળી જૈન**

ભાવનગર નિવાસી સ્વ. વિજયાબેન મનસુખલાલ શાહના સુપુત્ર ઉપેન્દ્રભાઈ હાલ કાંદીવલી (ઉં. વ. ૭૮) તે સરલાબેનના પતિ. તે તેજસ-રેખા, ચેતના-વિરલના પિતા. સ્વ. કનુભાઈ-નિર્મળાબેન, સ્વ. રમેશભાઈ-ચારૂબેન, સ્વ. મહેશભાઈ-પ્રિતીબેન, પીયૂષભાઈ-નિશાબેન, સ્વ. જશુબેન અજમેરા, શારદાબેન મહેતા, ચંદ્રાબેન ભાયાણી, સરોજબેન સરવૈયાના ભાઈ. હીયા અને વિરતીના દાદા તા. ૧૧-૯-૨૪ના અરિહંતશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા શુક્રવાર ૧૩-૯-૨૪ના ૩.૩૦ થી ૫.૩૦ પાવનધામ, મહાવીર નગર, કાંદીવલી (વેસ્ટ). ચક્ષુદાન કરેલ છે.

**દશા શ્રીમાળી સ્થા.જૈન**

ગોંડલ નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. સમરથબેન નરભેરામ બાવીસીના પુત્રવધૂ, હિંમતલાલ નરભેરામ બાવીસીના ધર્મપત્ની રંજનબેન બાવીસી (ઉં. વ. ૮૬) ૯-૯-૨૪ના અરિહંતશરણ પામેલ છે.

તે સ્વ. અતુલભાઈ, દિપકભાઈ, ચારૂબેન જયેશભાઈ ગોહેલના માતુશ્રી. સોનલબેન, હિનાબેનના સાસુ. ઝાબીયા હાર્દિક બાવીસી, નેહા સિધ્ધાર્થ બાવીસી, કુસુમબેન મગનલાલ બાવીસીના ભાભી. પિયર પક્ષે સ્વ. પ્રેમચંદ મોરારજી પારેખના સુપુત્રી. લૌકિક વ્યવહાર બંધ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. પ્લોટ નં. ૪૭, ગારોડીયા નગર, ૭ વિકાસ, ઘાટકોપર.

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

રાજકોટ નિવાસી હાલ ઘાટકોપર ઝવેરલાલ નેમચંદ દોશીના પુત્ર લક્ષ્મીકાંત દોશી (બટુકભાઈ) (ઉં. વ. ૭૯) ૧૦-૯-૨૪ મંગળવાર અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. રંજનબેનના પતિ. અલ્પા, દીપા, ભાવિકાના પિતા. રાકેશ, ચેતન, કૃણાલના સસરા. ભારતી, ઈલા, વૃણ, હરીશ, જાગૃતીના ભાઈ. તે પ્રભુલાલ સંઘવીના જમાઈ. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી દશાશ્રીમાળી સ્થા. જૈન**

ચોટિલા નિવાસી હાલ પૂના, સુશીલાબેન અને સ્વ. ચંપકલાલ દેવચંદ શાહના પુત્ર વિક્રમભાઈ (ઉં. વ. ૬૦) તે નિપાબેનના પતિ. ગુંજન તથા હરશીવના પિતા. તે સ્વ. ચેતનભાઈ, સ્વ. અનિતાબેન હેમંતભાઈ શાહના ભાઈ. તે પુષ્પાબેન અને દિનેશચંદ્ર જમનાદાસ મહેતાના જમાઈ. તે ચંદ્રેશભાઈ દિનેશચંદ્ર મહેતાના બનેવી ૯-૯-૨૪ના સોમવારે અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા શુક્રવાર ૧૩-૯-૨૪, ૪ થી ૬. જલારામ હોલ, જુહુ વિલેપાર્લા, મુંબઈ-૪૯.

**સોરઠ વિસા શ્રીમાળી જૈન**

વર્ધા નિવાસી (ઘાટકોપર) ન્યાલચંદ માણેકચંદ મહેતા (ઉં. વ. ૮૯) તે જયશ્રીબેનના પતિ. રવિવાર, તા. ૮-૯-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે ભરત, હિતેશ નીતા અને રાજેશ્રીના પિતા. દક્ષાબેન, પ્રિતીબેનના સસરાજી. વૈભવ, મૌસમી, કાજલ, કોમલ, વાહીના દાદા. તે સ્વ. ગુલાબચંદ લીલાધર મહેતાના જમાઈ. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૧૩-૯-૨૪ ૧૦ થી ૧૨ સ્થળઃ ભાનુશાલી વાડી, તિલક રોડ, ઘાટકોપર ઈસ્ટ.

**દશા શ્રીમાળી મૂ. પૂ. જૈન**

માળિયા નિવાસી હાલ ગુલાલવાડી, મુંબઈ, જીતુભાઈ શાંતિલાલ મહેતાના ધર્મપત્ની અ. સૌ. રંજનબેન (રૂપાબેન) (ઉં. વ. ૭૫) ૧૧-૯-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે અર્ચના ભુપેનકુમાર મહેતાના માતુશ્રી. કુ. પરીના નાનીમા. તે જગદીશભાઈ તથા રાજેશભાઈ શાંતિલાલ મહેતા, કલ્પના નિમિષકુમાર મહેતા, ગીતાબેન, કિનાબેનના ભાભી. તે સ્વ. મણિલાલ રણછોડદાસ શાહના સુપુત્રી. તે કીર્તિભાઈ, આશાબેન જયેશકુમાર શાહ, બકુલભાઈના બહેન. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ભુજપુર હાલે વલસાડના શ્રી મનીષ પ્રેમજી છેડા (ઉં.વ. ૫૪) તા. ૯-૯-૨૪ના દેહત્યાગ કરેલ છે. કુંવરબેન પ્રેમજી છેડાના સુપુત્ર. પ્રીતીના પતિ. મધુભાઈ (યોગેશ), રાજેશના ભાઈ. નાના ભાડિયાના કસ્તુરબેન દેવચંદ રવજી નંદુના જમાઇ. નિ.ઃ મનીષ છેડા, નિરાંત બંગલો, પાલી હીલ-૩, એમ. રોડ, તીથલ રોડ, વલસાડ-૩૯૬૦૦૧.

સાભરાઇના હરખચંદ શીવજી હરીયા (ઉં.વ. ૭૩) તા. ૮-૯ના દેશમાં અવસાન પામેલ છે. જેઠીબાઈ શીવજીના પુત્ર. દમયંતીના પતિ. જતીન, મીત્તલના પિતા. દીનેશ, ઝવેર, મંજુલા, જ્યોતિ, ચંદન, સંગીતાના ભાઈ. નાનબાઈ ડુંગરશીના જમાઈ. પ્રા. શ્રી વ.સ્થા.જૈ.શ્રા.સં.સં. કરસન લઘુ નિસર હોલ, દાદર. ટા. ઃ ૨થી ૩.૩૦.

વિંઝાણના હાલે માટુંગા (સે.રે.)ના અ.સૌ. પ્રભાબેન હેમચંદ શીવજી ગડા (આદોનીવાળા) (ઉં.વ. ૭૫) તા. ૯-૯-૨૪ના અવસાન પામેલ છે. લઘીબાઇ શીવજી દેવજી ગડાના પુત્રવધૂ. મોટી વરંડીના હિરાબેન દામજી જીવરાજ નાગડા (હૈદ્રાબાદવાળા)ના સુપુત્રી. હેમચંદ શીવજી ગડાના ધર્મપત્ની. રાહુલ, કૌશિક, વિભાના માતુશ્રી. પ્રાર્થના સભા રાખેલ નથી. ચક્ષુદાન કરેલ છે. નિ. હેમચંદ ગડા, એ/૪, ૨જે માળે, નટરાજ બિલ્ડીંગ, લક્ષ્મીનારાયણ લેન, માટુંગા (સે.રે.) મું. ૧૯.

નવાવાસના મણીલાલ ખીમજી વોરા (ઉં.વ. ૭૬) તા. ૧૦-૯-૨૪ના ભુજ મધે અવસાન પામ્યા છે. દેવકાબેન ખીમજી જેઠાના સુપુત્ર. તારાબેનના પતિ. દિપ્તી, દીક્ષા, ભક્તિના પિતાશ્રી. ગાંગજી, ટોકરશી, ધીરજ, લાયજાના કસ્તુરબેન પ્રેમજી પાલણ, દેવપુરના પ્રેમીલા કાંતિલાલ ગોવિંદજીના ભાઈ. દેવપુરના જેઠીબાઈ ગાંગજી સુંદરજીના જમાઈ. પ્રાઃ શ્રી વ. સ્થા. જૈન શ્રા.સં. કરશન લધુભાઈ નિસર હોલ (દાદર). ટા. ૪ થી ૫.૩૦. નિ. મણીલાલ કે. વોરા : સી-૬૦૧, ભવાની કોમ્પલેક્સ, ભવાની શંકર રોડ, દાદર-વેસ્ટ.

નારાણપુરના માતુશ્રી ઝવેરબેન પ્રેમજી કારાણી (ઉં.વ. ૮૯) તા. ૧-૯-૨૪ના અરિહંત શરણ પામ્યા છે. જેઠીબાઈ વેલજી માલસીના પુત્રવધૂ. પ્રેમજી વેલજીના ધર્મપત્ની. રમેશ, મુકેશ, વિલાસ, દિપકના માતુશ્રી. નારાણપુરના ભચીબાઈ વાલજી નેણશી વોરાના સુપુત્રી. ખીમજીભાઈ, આણંદજીભાઈ, સાભરાઈના માલબાઈ વીરજી મેઘજી, ખારૂઆના ભાણબાઈ ડુંગરશી લીલાધર, કોટડાના સુશીલા શામજી વેલજીના બેન. પ્રાર્થનાઃ હાલારી વાડી રણજીત સ્ટુડીયોની સામે, દાદર-ઈસ્ટ, ટા. ૩.૩૦ થી ૫. (વેલે પાર્કીંગ છે.) નિ. મુકેશ પ્રેમજી કારાણી : બી-૧૦૦૪, રાહેજા રેસીડેન્સી, એમ.જી. કોમ્પલેક્ષ, સે-૧૪, વાશી (નવી મુંબઈ)

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ભદ્રાવળ નિવાસી હાલ કાંદિવલી સ્વ. રંભાબેન તથા સ્વ. અમૃતલાલ જેઠાલાલ શાહના પુત્ર બટુકલાલ શાહ (ઉં.વ. ૮૨) ૧૦/૯/૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે હીરાબેનના પતિ. હેમંત, કિન્નરીના પિતા. વૈશાલી, ભાવેશકુમારના સસરા. પરમાણંદદાસ, સ્વ. ભુપતભાઇ, સ્વ. ભગુભાઈના ભાઈ. સાસરાપક્ષે કેરીયાવાળા સ્વ. રતિલાલ દલિચંદ શાહના જમાઈ. ભાવયાત્રા ૧૨/૯/૨૪ના ૧૦ થી ૧૨. ઠક્કાઈ ભાટિયા વાડી, હોલ નં ૫, શંકર ગલ્લી, કાંદિવલી વેસ્ટ. ચક્ષુદાન તથા ત્વચાદાન કરેલ છે.

**ઝાલાવાડી શ્વે. મુ. પુ. જૈન**

બોટાદ નિવાસી હાલ મલાડ સ્વ. મંગલાબેન મણીલાલ શાહના પુત્ર અજીતભાઇ શાહ (ઉં. વ. ૮૦) તે અરુણાબેનના પતિ. હેમલ-હેમાલી, જીજ્ઞા-શૈલેષકુમાર તથા સમીર-નિહારીકાના પિતા. વિજયભાઈ- સુર્યાબેન, સ્વ. શરદભાઈ-સ્વ. સોનલબેન, પ્રફુલાબેન-સ્વ. રમેશભાઈ, સ્વ. રમેશભાઈ- સ્વ. જ્યોતીબેન તથા પ્રકાશભાઈ-જયાબેનના મોટાભાઈ. શ્વસુરપક્ષે સ્વ. નરેન્દ્રભાઈ, જીતેંદ્રભાઈ પોપટલાલ શેઠ, કનકબેન, રેખાબેન તથા જયશ્રીબેનના બનેવી. તા. ૧૦-૯-૨૪ મંગળવારે અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૨-૯-૨૪ના ૪ થી ૬. સ્થળઃ વિશ્વ લાડ પરિષદ બેન્કવેટ, મહેતા ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ પાસે, આયોજન નગર, લિબર્ટી ગાર્ડન ક્રોસ રોડ નં. ૪, મલાડ-વેસ્ટ.

**ઝાલાવાડી જૈન**

ઝીંઝુવાડાના વતની હાલ મુંબઈ શાન્તાબેન વિરપાલ હકમચંદ વોરાના સુપુત્ર સ્વ. દિનેશભાઈના ધર્મપત્ની ભાનુમતી દિ. વોરા, તેઓ પ્રિતી તથા મુકેશના માતુશ્રી. કમલેશભાઈ બેલા તથા રિદ્ધિના સાસુશ્રી. ગુણવંતીબેન વિનુભાઈ, કલ્પનાબેન બિપીનભાઈ તથા મંગુલાબેન વલ્લભદાસ બાવીસીના ભાભીશ્રી. સ્વ. મરઘાબેન રતીલાલ અમીચંદ ધ્રુવના દિકરી મંગળવારે તા. ૧૦-૯-૨૪ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર રાખેલ નથી. ઠે. એ-૩૦૫, ગ્રાઉન્ડ ફ્લોર, ૫૬, વેસ્ટ કો.ઓ.હા. સો. વિલેપાર્લા વેસ્ટ.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મોટા ખુંટવડા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. કાંતીલાલ અમૃતલાલ દોશી (ગુંદરવાળા)ના ધર્મપત્ની હસુમતીબેન (ઉં. વ. ૮૦) તે કળાબેન રસિકલાલ શેઠ, ધીરજલાલના ભાભી. દિપ્તી અશોકકુમાર વડાલિયા, રૂપા મનીષકુમાર શાહ, ડિમ્પલ તેજસકુમાર સંઘવી અને જીગ્નેશના માતુશ્રી. અમીના સાસુ. પિયરપક્ષે રાળગોણ (મહુવા) નિવાસી હાલ ડ્રેમ્બીવલી મગનલાલ ગોરધનદાસ દોશીના દિકરી. બુધવાર, તા. ૧૧-૯-૨૪ના અવસાન પામેલ છે. માતૃવંદનાવલી તા. ૧૩-૯-૨૪ શુક્રવાર ૧૦.૦૦ થી ૧૨.૦૦. ઠે. જોલી જીમખાના, જાસમીન બેન્કવેટ હોલ, વિદ્યાવિહાર વેસ્ટ.

# પારસી મરણ

બહેરામ હોમી હવેવાલા (ઉં. વ. ૯૨), તે મરહૂમ ઝેનોબિયાના હસબન્ડ. મરહૂમ શિરીન અને મરહૂમ હોમીના દીકરા. આબાનના ફાધર. કાર્લના સસરા. મરહૂમ દારાયસ અને નવલના ગ્રેન્ડ ફાધર. રૂસ્તમ, યાસ્મિન, મરહૂમ ફલી, મરહૂમ જીમી અને ગુલના ભાઈ. ઉઠમણુંઃ તા. ૧૨-૯-૨૦૨૪ બપોરે ૩.૪૦ વાગ્યે.


ધન હોશંગ ઈરાની (ઉં. વ. ૮૬) તા. ૧૦-૯-૨૦૨૪એ ગુજરી ગયા છે. તે મરહૂમ હોશાંગના વાઈફ. મરહૂમ કુંવરબાઈ અને મરહૂમ બેજનજીના દીકરી. યઝદ, રુક્સાના, પરીવશના મધર. બેનૈફર, પોરસ, સુબીરના સાસુ. પરવીઝ, ઝરીર, મરહૂમ ફેની, ફરામરોઝ, એરચના બહેન. ઉઠમણુંઃ તા. ૧૨-૯-૨૦૨૪ બપોરે ૩.૪૦ વાગ્યે.

કેતી સોલી ભાજીવાલા તે મરહુમ સોલીના ધન્યાની. તે મરહુમો સુનામાય રુસ્તમજી પસતાકીયાના દીકરી. તે બોમીના માતાજી. તે મરહુમો દાલી ને કાવસના બહેન. તે ઝેનસ ને ખુશરવના બપઈજી. (ઉં.વ. ૮૭) રે. ઠે.ઃ ૧૭/ડી-૩૮ રુસ્તમ બાગ, સંત સાવતા માર્ગ, ભાઈખલા (ઈ), મુંબઈ-૪૦૦૦૨૭. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૨-૯-૨૪ને દિને બપોરે ૩.૪૦ વાગે મિઠાઈવાલા અગિયારીમાં છેજી.

મેહરુ રુસી કારભારી તે મરહુમ રુસીના ધન્યાની. તે મરહુમો ખોરશેદ જમશેદજી દમનયાના દીકરી. તે તેહમસ ને હુતોક્સીના માતાજી. તે ફિરદોશના સાસુજી. તે કાવસ ને પદમના બહેન. તે ખુશનાઝના મમઈજી. (ઉં. વ. ૮૬) રે. ઠે.ઃ સી. ડી. બાગ, પહેલે માળે, ફ્લેટ નં. ૭, એસ. વી. રોડ, ગોરેગાંવ (વે), મુંબઈ-૪૦૦૧૦૪. ઉઠમણાંની ક્રિયાઃ ૧૨-૯-૨૪ને દિને બપોરે ૩.૪૦ વાગે માલકમબાગ અગિયારી જોગેશ્વરીમાં.

| | | |
|---|---|---|
| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |

# લાડકી





# પરવીન - રજની - જસરાજઃ અનેક ખૂણાવાળો એ વિચિત્ર સંબંધ

કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

**કથા કોલાજ**

(ભાગઃ ૬)

નામઃ પ્રોતિમા બેદી
સ્થળઃ માલ્પા (કૈલાસ માનસરોવર)
સમયઃ ૧૭ ઓગસ્ટ, ૧૯૯૮
ઉંમરઃ ૪૯ વર્ષ

જે સમયે કબીરે ઘર છોડ્યું તે જ સમયે નૃત્યે મારા જીવનમાં પ્રવેશ કર્યો. વિધિની આ દરમિયાનગીરી માટે હું અતિશય કૃતજ્ઞ છું. મારા જીવનને નવી દિશા મળી, નવી કામના. ઓડીસીને મેં સંપૂર્ણ સમર્પણ કર્યું, તેથી હું સ્થિર-સ્વસ્થ રહી શકી, સુખી થઈ. મારે જીવવા માટે સુખની ખૂબ જરૂર છે. હું એ રીતે સુખને શ્વાસમાં લઉં છું, જે રીતે પ્રાણવાયુ શ્વાસમાં લઉં છું.

ભૂતકાળ તરફ અત્યારે નજર કરું છું ત્યારે મને એ વાત ધ્યાનમાં આવે છે કે મેં કબીર સાથે કેટલી સારપ રાખી. મેં બાળકોની સંપૂર્ણ જવાબદારી લઈ લીધી. મેં તેમને માનસિક રીતે, શારીરિક રીતે અને ભાવનાગત રીતે ટેકો આપ્યો, અને તેમના ખર્ચનો અડધાથી વધારે ભાગ હું આપતી હતી. મારા નામનું કોઈ ઘર પણ નહોતું. પૂજા પુખ્ત થાય ત્યારે બીચહાઉસ એનું થઈ જવાનું હતું. એ ઈચ્છે તો હું ત્યાં રહી શકું. સાચું પૂછો તો એ ખૂબ કઠોર વ્યવસ્થા હતી. મારે કોઈ વકીલની સલાહ લેવી જોઈતી હતી અને બધી કાનૂની વિગતો સમજી લેવી જોઈતી હતી. કબીરે 'સાંદોકાન'માં ખૂબ જ પૈસા બનાવ્યા હતા પણ એમાંથી એણે અમારી સાથે કંઈ જ શેર કર્યું નહોતું. ઉલટાનું એણે સોનેરી મર્સિડીઝ ખરીદી અને બેવર્લી હિલ્સમાં ઘર ખરીદ્યું. એ પોતાનું ઘર, કુટુંબ અને કેરિયર જે રીતે વિકસાવવું હોય તે રીતે વિકસાવવા મુક્ત હતો. બીજી બાજુ મારે હજી મારી કેરિયર માટે સંઘર્ષ કરવાનો હતો.

હું બાળકો તરફ 'ધ્યાન નથી આપતી' તેવા અપરાધભાવમાં જીવવું પડતું અને મારે બાળકોના એ અણગમાને પણ સહન કરવાનો હતો જ્યારે તેમને કોઈ ગમતી વાત કે જોઈતી વસ્તુ નાપસંદ પડે. આમાં સૌથી અઘરી વાત હતી બાળકોને માતા અને પિતા બંનેનો પ્યાર મારે આપવાનો હતો.


નૃત્યકાર તરીકે મેં જે સિદ્ધ કર્યું છે તેનું મને ખરેખર અભિમાન છે. થોડા સમય પછી ખુદ આલોચકોએ પણ મને ઓળખવી પડી હતી. મેં ૨૬મા વર્ષે ઓડીસી શીખવાનું શરૂ કર્યું અને ત્રણ વર્ષમાં તો મારું નામ યામિની કૃષ્ણમૂર્તિ, સંયુક્તા પાણિગ્રહી અને સોનલ સાથે લેવાવા માંડ્યું. હું આખા ભારતમાં કાર્યક્રમો આપવા લાગી અને લોકોનાં ટોળેટોળાં મારા નૃત્યને જોવા આવવાં લાગ્યાં. પંડિતો પણ ખંડમાં બેસવા લાગ્યા અને તેમણે પણ મારી નોંધ લીધી કારણ કે, આજ સુધી, આટલા ટૂંકા સમયમાં, કોઈ પણ વ્યક્તિ આટલી લોકપ્રિય અને આટલું સરસ નૃત્ય કરનાર બની શકી જ નહોતી.

કબીરથી છૂટા પડ્યા પછી હું મારી લાગણી પોષવા એક ભાવનાત્મક આધાર શોધતી હતી. મારા નૃત્ય મારફત એ મને મળ્યો. હું એક અદ્ભુત સંગીતકાર અને સાધુ પુરુષ સાથે લપેટાઈ. પંડિત જસરાજ અને તેમનાં પત્ની ૧૨મી શતાબ્દીની શૃંગાર કવિતા 'ગીત ગોવિંદ' જયદેવ રચિત – ને બેલે – નૃત્ય રૂપે પ્રસ્તુત કરી રહ્યા હતા. એ માટે મુખ્ય ભૂમિકા મને સોંપવામાં આવી. હું રોમાંચિત થઈ ઊઠી. જોકે ઘણા લોકોએ તેથી કડવાશ અનુભવી, ઘણાને ઈર્ષ્યા પણ આવી. રિહર્સલ અને પૂર્વતૈયારી દરમિયાન મેં જસરાજનો અવાજ સાંભળ્યો જેની મારા પર જબરજસ્ત અસર થઈ. એના સંગીતથી હું જેટલી હચમચી ગઈ તેટલી બીજા કશાથી ક્યારેય નહોતી થઈ. એના અવાજમાં જે આધ્યાત્મિકતા અને ગંભીરતા (સીરીનીટી) મેં અનુભવ્યા મને એ પ્રાપ્ત કરવાની તલપ થઈ. અમે એક જ ગ્રૂપનાં હતાં, અને 'ગીત ગોવિંદ' સાથે કરતાં હતાં તેથી એકબીજાની નજીક ઘણું રહેવાનું થતું, અને હું એમના પ્રેમમાં પડી ગઈ.

એ ખૂબ નિકટતા અને તીવ્રતાના સંબંધની શરૂઆત હતી. અમે બંનેએ સાથે ખૂબ પ્રવાસ કર્યો અને કાર્યક્રમો આપ્યા. દરેક પત્રમાં અમે એકબીજા સમક્ષ પ્રેમનો એકરાર કરતાં. એક વાર-બે વાર નહીં, ફરી ફરી, ફરી ફરી. અને જુદાં હોઈએ તો ભેગાં થવા માટે બેકરાર થઈ જતાં. એક વાર યાદ આવે છે કે મને એમના વગર ગમતું નહોતું તેથી એમને જોવા હું એટલી અધીરી થઈ ગઈ હતી કે માત્ર એમની એક ઝલક મેળવવા હું છેક દુર્ગાપુરથી કોલકાતા ગઈ હતી અને એમને સરપ્રાઇઝ આપવા માગતી હતી. મારા મુંબઈ બહારના કાર્યક્રમોમાં જસરાજ પણ મારી સાથે ઘણી વાર આવતા. એ કહેતા કે હું ઇચ્છું ત્યાં એમને લઈ જઈ શકું કેમ કે એ મારી નજીક જ રહેવા માગતા હતા. એટલા માટે પણ એ મારી સાથે રહેવા માગતા હતા એ ભયંકર માલિકીભાવ-પઝેસિવવાળા હતા. હું વધારે વખત એમનાથી દૂર રહું તો એ ચીડિયા થઈ જતા, ગુસ્સો કરતા અને વિવેકચ્યુત થઈ જેમ-તેમ બોલતા, પણ પછી ક્ષમાયાચનાનો પત્ર લખતા અને કહેતા એ મને કેટલું બધું ચાહે છે. મારી ગેરહાજરીથી એ ખૂબ ક્ષુબ્ધ થઈ જતા કારણ કે, ત્યારે તે જાતજાતની કલ્પનાઓ કરતા-ખરાબમાં ખરાબ તર્કવિતર્ક કરતા કે હું કદાચ બીજા કોઈ પુરુષ સાથે હોઈશ અને પછી એ ગુસ્સાના ખૂબ ઊભરા ઠાલવતા. ક્યારેક મને આશ્ચર્ય થતું કે અમારો એવો તે કેવો પ્રકારનો સંબંધ હતો! ઘણી બધી બાબતોમાં અમે બંને તદ્દન જુદાં હતાં.

જસરાજે મને કલાત્મક અભિવ્યક્તિની ઝીણી ઝીણી બારીકીઓ શીખવાડી. એની પાસેથી હું સૌંદર્યશાસ્ત્ર શીખી, સંગીત સાંભળવાની કલા શીખી અને એ કેમ માણવું તેય શીખી. ભજવણીની કલાઓમાં પરફોર્મિંગ આર્ટ્સ પ્રત્યેક ઈન્દ્રિયને પરિસ્કૃત કરવાની કળા પણ એણે જ મને શીખવાડી. મારું નૃત્ય પણ જે હતું તેવું થયું તેનો તથા કલાજગતમાં મારે સંબંધો-મૈત્રીઓ થઈ તેનો ઘણો ખરો યશ જસરાજને જાય છે.

હું મારી જિંદગીમાં કાલી સાથેનું મારું જોડાણ ક્યારે ક્યારે થયું તે



વિચારવા માંડી. હું બાળક હતી ત્યારે લોકો મને કાળી કહેતા. કોલેજમાં પણ બધાં વર્ષ છોકરીઓ અને છોકરાઓ મને કાલી કહેતાં. કેટલાક કહેતા હું ખરી કાલી જેવી લાગું છું કારણ કે, મારી આંખો મોટી છે અને મારા વાળ ઘેરા કાળા છે.

હું જ્યારે સ્ટેજ પર ડાન્સ કરતી હતી ત્યારે હું ફૂલોની અંજલિ કે ભજવણી પહેલાં અપાતી હોય છે તે ભગવાન જગન્નાથને ન આપતી પણ, એ માતા કે જે હંમેશાં મારા હૈયે વસતાં તેમને જ આપતી. દેવ-દેવીઓ સાથે, પણ એ તું છેતરપિંડી કરે છે એવું હું પોતાને કહેતી, પરંતુ બીજાઓની બાબતમાં એ બરાબર જ છે, હું એવો તર્ક લડાવતી અને જસરાજની પ્રિય પંક્તિ વાપરતીઃ 'આ બધું માને કારણે છે. એની જ આ ઈચ્છા છે.'

ધીમે ધીમે પંડિતજી સાથેનો મારો સંબંધ બગડવા માંડ્યો. પછી મેં મારા નાના મંદિરમાં એકસાથે પૂજાપાઠ બંધ કર્યાં. જ્યારે એમની સાથેનો સંબંધ સંપૂર્ણપણે તૂટી ગયો પછી મેં મંદિર તોડી નાખ્યું અને એનો ભંગાર સ્ટોરરૂમમાં ફેંકી દીધો. મને સહેજ પણ દોષભાવ ન થયો. મંદિર મારે ત્યાં બનાવેલું એ મુખ્યત્વે તો એમને માટે જ હતું. મારું મંદિર મારા હૃદયમાં હતું.

ચાર વર્ષ જસરાજ મારી એકદમ નજીક હતા, સૌથી વધુ નજીક, જેમને મેં ભરપૂર કામનાથી ચાહેલા. મારી પોતાની રીતે હું એમને વફાદાર પણ હતી, પરંતુ એવી તો કેટલીયે વસ્તુઓ હતી જે હું તેમની સાથે શેર કરી શકતી નહીં અને આ સંબંધ ખૂબ ડિમાન્ડિંગ હતો અને લાગણીની દ્રષ્ટિએ ભારરૂપ પણ... હકીકત એ હતી કે હું 'અધર વુમન' હતી. મને સવાલ થતો હું ક્યાં સુધી આમ ને આમ ખેંચી શકું. જસરાજ મને પરણી શકે તેમ નહોતા, એ કદી પણ પૂરેપૂરા મારા થઈ શકવાના નહોતા, પરંતુ તેઓ માલિકીભાવવાળા અને ઈર્ષ્યાળુ-પઝેસિવ હતા. એમને મારો બધેબધો સમય જોઈતો હતો.

મારી એમને માટેની લાગણીઓ ઉપર-તળે થતી રહેતી. એ પછી હું જ્યારે રજની પટેલ સાથે સંડોવાઈ ત્યારે જસરાજ ખૂબ જ ચીડાયા. એમને જ્યારે હાર્ટએટેક આવ્યો અને તેઓ હોસ્પિટલમાં હતા ત્યારે હું કાલીના મંદિરે ગઈ ને હું ખૂબ કડવાશ સાથે ત્યાં રડી. મેં એને પૂછ્યું, 'તારે મારી પાસેથી શું જોઈએ છે? તું શા માટે મને આ બધા દુઃખમાં ધકેલે છે? મને માત્ર એક કામના દે, શુદ્ધ કામના, કશાક માટે કામના, કોઈ વ્યક્તિ માટે કામના અને હું એને વફાદાર રહું તેવું કર.' અમે બંનેએ એકબીજાને હેરાનપરેશાન કર્યાં હતાં, પરંતુ દોષનો બધો ભાર તો મારે માથે જ પડ્યો. (ક્રમશઃ)■

# જાસૂસ કેમ બની જાય છે તરુણોનાં માતા-પિતા...?

શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@bombaysamachar.com

**ઉડાન** મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી

'શ્રીયા એક મિનિટ, મારા માટે ઊભી રે..'

હજુ તો ઘરથી સહેજ આગળ સ્કૂટર પાર્કિંગ સુધી પહોંચી હતી ત્યાં શ્રીયાના કાને મમ્મીની લાંબી ચીસ સંભળાય.

'અરે, યાર શું છે?' એમ બોલતી શ્રીયા સખ્ત અણગમો લીંપેલા ચહેરા સાથે મને-કમને પાછી ફરી. સામે સંધ્યા હાથમા પર્સ પકડતી જાણે ખૂબ ઉતાવળમાં હોય એમ એની તરફ ઝપાટાભેર ચાલી આવતી હતી. શ્રીયા અવઢવમાં મુકાય ગઈઃ આકરા તાપમાં ભરબપોરે મારે તો ક્લાસમાં ગયા વગર છૂટકો નથી, પણ આને ક્યાં જવું હશે?

સંધ્યા નજીક આવતા શ્રીયાએ છણકો કર્યોઃ

'શું છે? મારે મોડું થાય છે.'

હા, મને પણ મોડું જ થાય છે. પ્રશ્નો પૂછવાને બદલે હવે ચાલ, ફટાફટ.' સંધ્યાએ પણ વળતો જવાબ અણગમાથી આપ્યો.

પણ તારે જવું છે ક્યાં? શ્રીયાએ જો મુસીબત ટળતી હોય તો સારું એમ માની ફરી પૂછ્યું.

'મારે..મારે થોડું કામ છે.' જવાબ આપતા સંધ્યા થોડી અચકાઈ પણ અટકાય નહીં.

અત્યારે? શ્રીયાને માન્યામાં ના આવતું હોય એમ એ મમ્મી સામે મોઢું વકાસી રહી, પણ સંધ્યા તો જાણે કંઈ જાણતી જ ના હોય એમ વળતો જવાબ આપ્યા વગર એની પાછળ ધબ્બ દઈને ગોઠવાય ગઈ. હવે શ્રીયાએ નાછૂટકે સેલ્ફ મારવો રહ્યો. રસ્તામાં શ્રીયાની નજર માત્ર ડ્રાયવિંગ પર હતી, પણ સંધ્યા ચોતરફ નજર ફેરવી રહી હતી. એને માથે ટીનએજર દીકરીની જાસૂસી કરવાનું ભૂત સવાર થઇ ગયેલું.

ટીનએજમાં પ્રવેશી રહેલી દીકરી હવે સંધ્યાને પોતાની દરેક વાત કહેતી નહોતી. એને પોતાની પ્રાઈવસી વ્હાલી હતી. મમ્મી-પપ્પા કરતાં મિત્રો સાથે બહાર જવાનું વધુ ગમતું. એકલી રહેવાનું એ વધારે પસંદ કરતી. થોડી શંકાશીલ સ્વભાવની



સંધ્યા માટે આ બધી અલાર્મિંગ સાઈન-ચેતવણીની જાણે નિશાની હતી એવું માની બેસવાની કે શ્રીયાને કોઈ છોકરો ગમે છે અને એની સાથે શ્રીયા દોસ્તથી વિશેષ કોઈ સંબંધ ધરાવે છે.

શ્રીયાનું એક સામાન્ય ટીનએજર તરીકેનું વર્તન અણસમજુ એવી સંધ્યાના માનસપટ પર હાનિકારક નીવડી રહ્યું હતું.

સંધ્યાએ ધારી લીધેલું કે દીકરી કોઈ સાથે પ્રેમસંબંધમાં છે. અને પોતે માતા તરીકે નિષ્ફળ રહી છે. સંધ્યાએ પોતાના દિમાગને શાતા આપવા અન્યો સાથે વળી એની વાત પણ કરી. ઘરમાં તેમજ બહાર એને એવા લોકો મળી ગયા, જેમણે સંધ્યાના આ વિચારોને પુષ્ટિ આપી. આથી હવે 'જાગ્યા ત્યારથી સવાર' એમ વિચારી સંધ્યાએ શ્રીયાને એક મિનિટ પણ રેઢી મુકવાનું બંધ કરી દીધું હતું. સંધ્યાનું મન સતત શ્રીયાની આસપાસ ચોંટેલું રહેતું. તે ક્યાં જાય છે, કોની સાથે બોલે છે, કોની સામું જુએ છે, કોના ફોન વધુ આવે છે અને ક્યાં મેસેજ વધુ થાય છે. ચોવીસે કલાક એ શ્રીયાનું પગલે-પગલું દાબતી ફરતી.

બીજી તરફ, શ્રીયા માટે આ બધું દિવસેને દિવસે અસહ્ય બનતું જતું હતું. એમાં આજે જ્યારે એ એના ટ્યુશન ક્લાસ સુધી સાથે આવી એ જોઈ અંતે શ્રીયા રસ્તા પર જ મમ્મી પર ઊંચા અવાજે બરાડી ઊઠી. મા-દીકરી વચ્ચે જાહેરમાં વાક્યુદ્ધ છેડાય ગયું.

અંતે તું મને ક્યારેય નહીં સમજી શકે' એવું બોલી શ્રીયા પગ પછાડતી ત્યાંથી ચાલી નીકળી. પાછળ સંધ્યા ગુસ્સા અને અપમાનથી સમસમી રહી.


કાચી ઉંમરે તરુણોમાં આવતા બદલાવોને જો મા પણ ના સમજી શકે તો તરુણો જાય ક્યાં? દીકરીને ડરમાં રાખી સંધ્યા ખુદ સતત ડરમાં જીવવાને બદલે દીકરી શ્રીયાને એ રીતે સમજાવી શકે કે, તારા જીવનનાં આ વર્ષો દરમિયાન તું તારું લક્ષ્ય સાધવા મહેનત કર. આગળની જિંદગીને કઈ દિશામાં વાળવા માગે છે એ અત્યારે નક્કી કરી લે..... એ જે રીતે, અમુક એવી સારી આદતોને પણ ઉમેરી શકાય જેના કારણે એનું ધ્યાન અન્ય દિશા તરફ ના ફંટાય....

તરુણોને ઘરમાં પ્રેમ કે લાગણીનો અભાવ લાગવા માંડે લાગે તો એ વધુ પડતો સમય સોશ્યલ મીડિયા કે વર્ચ્યુઅલ દુનિયામાં પસાર કરવા તરફ વળી જતા હોય છે. શ્રીયા માફક કોઈ એના પર ધ્યાન નથી આપતું એવી ભાવનાથી પણ પીડાવા લાગે છે. ટીનએજ એક એવો ઉંમરગાળો છે જેમાં જે વાત માટે એને ના પાડવામાં આવે, મનાઈ ફરમાવવામાં આવે એ તરફ એ ગજબ ખેંચાણ અનુભવે માટે કોઈ વાતની સીધી મનાઈ કરવાને બદલે સમજણ આપવાનો પ્રયત્ન કરવો એ વધુ હિતપ્રેરક છે. જો પરપોટા જેવી

લાગણીઓ કુદરતી રીતે ફૂટી જાય તો એના ડાઘ રહી નથી જતા. એ સમજ કેળવવા એમનામાં અંદર analytical એટલે કે કોઈ પણ વાતનું વિશ્લેષણ કરવાની સમજ ઉગાડવી બહુ જરૂરી છે. સંધ્યાની ખુદની અંદર આ સમજણનો અભાવ હતો એટલે એ શ્રીયાને ક્યાંથી ખરી સમજ આપી શકે? માની આવી અણઆવડતનો ભોગ શ્રીયા સતત બની રહી હતી.

ખરેખર તો શ્રીયા સાથે આ ઉંમરે પોતે શું અનુભવતી એવી વાતો વહેંચી શકાય. કોઈ વાર્તા માફક રસપૂર્વક પોતાની તરુણાવસ્થાના કિસ્સા સંભળાવી વચ્ચે શીખામણના બે શબ્દો ઉમેરતા જવાથી તરુણોના મનમાં તુરંતજ એ ઊતરી જશે. જોકે, આવી વાતો કરતાં એ ખાસ યાદ રાખવું કે ઓપોઝિટ જેન્ડર પરત્વે સાવ નેગેટિવ લાગણી એમના મનમાં ઉદ્ભવે નહીં. એક સલામત અંતર જાળવીને પણ સંબંધ કઈ રીતે સાચવી શકાય એ આ ઉંમરે સમજી જનાર હેલ્ધી એડોલેસન્ટ-માં તરુણાવસ્થામાં પ્રવેશી શકે છે.

ખેર, સંધ્યા હવે આ સમજણ કેળવી શ્રીયાનો સાચો ઉછેર કરી શકે કે નહીં એ આપણે નથી જાણતા, પણ આપણે આવી ભૂલો ના કરીએ એનું ધ્યાન રાખવું જરૂરી છે. ■



# ભારતની પ્રથમ મહિલા ગુનાશોધક રજની પંડિત

ટીના દોશી
feedback.ladki@bombaysamachar.com

**ભારતની વીરાંગનાઓ**

ગુનાશોધકો તરીકે અમર થઈ ગયેલા કરમચંદ કે વ્યોમકેશ બક્ષી તો માત્ર પુસ્તક કે ટેલિવિઝન શ્રેણીનાં પાત્રો છે, પરંતુ વાસ્તવિકતામાં ભારતની પ્રથમ મહિલા ગુનાશોધક કોણ છે એ જાણો છો ?

રજની પંડિતને મળો.... ભારતની પહેલી મહિલા ગુનાશોધક. વર્ષ ૧૯૯૧માં રજની ઇન્વેસ્ટિગેટિવ બ્યૂરોની શરૂઆત કરનાર રજનીના સ્ટાફમાં ત્રીસેક જાસૂસો છે. રજનીએ ગુનાશોધન માટે અંધ મહિલા, મૂંગીબહેરી મહિલા, ફૂટપાથ પરની ફેરીવાળી, ઘર નોકરાણી અને માનસિક વિકલાંગ મહિલાની ભૂમિકા ભજવી છે. રજનીએ હાઈપ્રોફાઈલ રાજનેતાઓ, ઉદ્યોગપતિઓ અને બોલીવૂડ કલાકારોના મામલાની તપાસ પણ કરી છે. આ રીતે પોતાની ગુનાશોધનની કારકિર્દીમાં એંસી હજાર કરતાં પણ વધુ કેસ સોલ્વ કર્યા છે!

મહારાષ્ટ્રના થાણે જિલ્લાના પાલઘરમાં વર્ષ ૧૯૬૨માં રજની પંડિતનો જન્મ મધ્યમવર્ગીય પરિવારમાં થયેલો. પિતા શાંતારામ પંડિત સ્થાનિક પોલીસખાતામાં ગુનાખોરી તપાસ વિભાગમાં ઉપનિરીક્ષક તરીકે કાર્યરત હતા. પિતાને પગલે રજનીને બાળપણથી ગુનાખોરી પકડવા ઉત્સુકતા હતી. રજનીએ શાળાકીય શિક્ષણ સમાપ્ત કરીને મુંબઈની રૂપારેલ કોલેજમાંથી મરાઠી સાહિત્યનો અભ્યાસ કર્યો. ૧૯૮૩માં એણે પોતાની એક સહાધ્યાયીને શરાબ પીતાં, ધૂમ્રપાન કરતાં અને છોકરાઓ સાથે હોટેલના કમરામાં જતાં જોઈ. રજનીને એની ચિંતા થઈ. એણે એનો પીછો કર્યો. આ સંદર્ભે વાત કરતાં રજનીએ એક મુલાકાતમાં કહેલું કે, 'મેં તપાસ કરી તો ખબર પડી કે એ દેહવિક્રયના વ્યવસાયમાં ફસાઈ ગયેલી. મેં એનો પીછો કરીને તસવીરી પુરાવા એકત્ર કર્યા. પછી મેં એના માતાપિતાને ઘટનાથી વાકેફ કર્યાં. એ લોકો માનવા તૈયાર નહોતાં. આખરે મેં ફોટોગ્રાફિક સબૂત દેખાડ્યા, ત્યારે એ માન્યાં. એમણે મને જાસૂસ બનવાનું સૂચન કર્યું.'

રજની પંડિતને આમેય ગુનાશોધનમાં રસ હતો. એણે સૂચન વધાવી લીધું. દરમિયાન, એને એક કાર્યાલય ક્લાર્ક તરીકે નોકરી મળી. કાર્યાલયની એક સહકર્મીને એવી શંકા હતી કે પોતાની પુત્રવધૂ ઘરમાંથી રૂપિયાની ચોરી કરે છે. એણે રજની સમક્ષ પોતાની શંકા વ્યક્ત કરીને મદદ માગી. રજનીએ ધીરજથી એ મહિલાના પરિવારના બધા સદસ્યના દૈનિક કાર્યક્રમ પર નજર રાખી. થોડાક જ સમયમાં એણે ચોરને પકડી પાડ્યો. ચોરી કરનાર મહિલાની પુત્રવધૂ નહીં, પણ એનો નાનો દીકરો હતો. દીકરાએ ગુનો કબૂલી લીધો. પેલી મહિલાએ રજનીની સેવાના બદલામાં એને નાણાં આપ્યાં. ગુનાશોધક તરીકે રજનીને મળેલી પહેલી ફી !





આ ઘટના પછી ઘણા લોકો રજની પાસે મદદ માગવા આવવા માંડ્યાં. એક રિપોર્ટરે પોતાની બહેનના પતિ એટલે કે જીજાજી અંગે રજનીને તપાસ કરવા રોકી. રજનીએ તપાસ કરતાં ખબર પડી કે ગ્રામીણ વિસ્તારમાં જીજાજીનો એક બીજો ગુપ્ત પરિવાર હતો. આ પ્રકારના કિસ્સાઓને પગલે રજનીએ ૧૯૯૧માં મુંબઈના માહિમ ખાતે રજની ઇન્વેસ્ટિગેટિવ બ્યૂરોની સ્થાપના કરી. બે વર્ષમાં રજની સમક્ષ પડકારજનક કેસ આવ્યો. એક પ્રતિષ્ઠિત પરિવારમાં થયેલા હત્યાકાંડ અંગેની તપાસ રજનીને સોંપવામાં આવી. વિગતો મુજબ એક મહિલાએ અંગત કારણોસર પોતાના પતિને ઝેર આપ્યું હોવાની શંકા હતી. અચાનક મહિલાને ખબર પડી કે એના દીકરાને પોતે પતિની હત્યા કરી હોવાની ખબર પડી ગઈ છે. એણે દીકરાની સુપારી આપી. દીકરો બુલેટપ્રૂફ ગાડી ચલાવી રહેલો ત્યારે હત્યારાએ પોતાની બાઈક એની સામે ખડી કરી દીધી. દીકરાએ ગાડીના કાચ નીચે ઉતાર્યા. હત્યારાએ એને ગોળી મારી દીધી. આ ડબલ મર્ડર કેસમાં હત્યારાને પકડવા માટેની તપાસ રજનીને સોંપવામાં આવી.

રજની કેસ સ્વીકારી લઈને કામે વળી. પેલી મહિલાના ઘરમાં ઘરનોકર તરીકે કામ કરવા લાગી. રજનીએ છ મહિના સુધી ઘરનોકર તરીકે કામ કર્યું. દરમિયાન એણે જોયું કે એક માણસ વારંવાર પેલી મહિલાને મળવા આવતો. એ હત્યારો જ હતો. પેલી મહિલાનો પ્રેમી. બન્નેની વચ્ચે ખૂબ દલીલો થતી. રજની પોતાની સાડીમાં છુપાવેલા ટેપ રેકોર્ડરથી એમની વાતચીત રેકોર્ડ કરતી. રેકોર્ડર અડધા કલાકનું રેકોર્ડિંગ કરીને પછી બંધ થઈ જતું. બંધ થાય ત્યારે અવાજ આવતો.

એક દિવસ પેલી મહિલાએ રેકોર્ડર બંધ થવાનો અવાજ સાંભળ્યો. એ સાવધ થઈ ગઈ. રજનીને શંકાની નજરે જોવા લાગી. દરમિયાન પેલો માણસ આવ્યો. પેલી મહિલા પાસે નાણાં માગ્યાં. ઉગ્ર દલીલો થવા લાગી. પેલી મહિલાથી બોલી જવાયું કે, 'હવે તું વારંવાર નહીં આવતો. કારણ કે પોલીસની નજરમાં શંકાસ્પદ બની જવાશે. આપણે પકડાઈ જઈશું...' રજનીના રેકોર્ડરે સંવાદ રેકોર્ડ કરી લીધો. રજની પુરાવો લઈને સીધી પોલીસ પાસે પહોંચી. પેલી મહિલા અને એનો પ્રેમી, બન્ને પોલીસના પંજામાં સપડાઈ ગયાં.

રજનીની પ્રતિષ્ઠા વધી ગઈ. ૫૭ કરતાં વધુ પુરસ્કાર પ્રાપ્ત કરનાર રજનીની સફળતાનું મુખ્ય કારણ એ છે કે એ બધા ગ્રાહકોને વ્યક્તિગત રીતે મળે છે. કેસની પ્રગતિ પર દેખરેખ રાખે છે.અનુભવને આધારે રજનીએ મરાઠી ભાષામાં બે પુસ્તક લખ્યાં છે. ફેસીસ બિહાઈન્ડ ફેસીસ અને માયાજાલ..રજની પાસે લાપતા વ્યક્તિની ભાળ મેળવવાનું, હત્યા જેવા સંગીન કેસ અને ઘરેલુ મુદ્દા આવે છે. જોકે દાંપત્યસંબંધી મામલા સૌથી વધુ પ્રમાણમાં આવે છે.

રજની દાંપત્યસંબંધી મામલાઓની પૂરેપૂરી નિસબત સાથે તપાસ કરે છે. પણ નવાઈની વાત એ છે કે એણે પોતે લગ્ન કર્યાં નથી. આ અંગે કહે છે, મારે કારકિર્દી અને પરિવારમાંથી એકની પસંદગી કરવી પડે એવી સ્થિતિ ઊભી જ કરવી નહોતી. હું મારા કામ પ્રત્યે અત્યંત સમર્પિત છું. વળી મને ક્યારેય લગ્ન કરવાની ઈચ્છા જ ન થઈ. કારણ કે મારો પહેલો અને છેલ્લો પ્રેમ ગુનાશોધન જ છે! ■



પ્રકરણ ૬૦

# વેર - વિખેર

■ કિરણ રાયવડેરા

'કુમાર, મારે તારી સાથે એક વાત કરવી છે, હમણાં જ...'

વિક્રમે ફોન કર્યા બાદ શ્યામલીએ તરત જ કુમાર સાથે વાત કરીને એને તાકીદે બોલાવ્યો.

શ્યામલીને ફોન કરીને વિક્રમે જણાવ્યું હતું કે એના મકાનમાં રહેતી મિસિસ ગાંગુલીના ખૂન બાદ કોઈએ પોલીસ સ્ટેશને ફોન કરીને કહ્યું હતું કે વિક્રમ દીવાન એ મકાનની નિયમિતપણે મુલાકાત લે છે એટલે એમને પૂછપરછ કરવાથી ખૂનીનો પત્તો લાગી જશે....!

આ સાંભળીને ત્યારે વિક્રમને દિલાસો આપતાં શ્યામલીએ કહ્યું હતું કે, 'તું મને થોડો સમય આપ... જેણે ફોન કર્યો છે એનો પત્તો લગાડીને જ હું જંપીશ.'

ત્યાર બાદ શ્યામલીએ ફોન કરીને કુમરને બોલાવ્યો હતો.

'શ્યામલી,તારા મકાનમાં મર્ડર થયું છે. તેં તને અગાઉ પણ કહ્યું હતું કે મારું ત્યાં આવવું જોખમકારક રહેશે, કારણ કે પોલીસ ચોતરફ ફેલાયેલી હશે... હું એક-બે દિવસ બાદ આવું તો...'

'કુમાર... નથીંગ ડુઇંગ... તું હમણાં જ ચાલ્યો આવ, તાત્કાલિક...'

'શ્યામલી, કેમ સીરિયસ છો કંઈ બન્યું છે?'

કુમારના પેટમાં ફાળ પડી. શ્યામલીના અવાજમાં રહેલી બરફ જેવી ઠંડક એને દઝાડી ગઈ..

'કુમાર, હું ફોન મૂકું છું... તને ડર લાગતો હોય તો આવવાનું માંડી વાળજે. બાકી હું તારી રાહ જોઈશ.'

શ્યામલીએ લાઇન કાપી નાખી.કુમાર અવાક થઈ ગયો.શ્યામલીનું વર્તન થોડું વિચિત્ર લાગતું હતું.

શું થયું હશે? એને ખબર પડી ગઈ હશે કે મેં વિક્રમ દીવાનને ફસાવવા પોલીસ સ્ટેશને ફોન કર્યો હતો?

ખોટું કામ કર્યા બાદ બધા લોકો ગુનાની લાગણી કદાચ ન અનુભવે, પણ દરેકને ભય તો લાગે જ... કુમાર ધ્રૂજી ઊઠ્યો.

જો શ્યામલીને અંદેશો આવી ગયો હશે તો એનું આવી બન્યું... શ્યામલી એને નહીં છોડે., પણ જવું કેવી રીતે? મકાનમાં તો નીચે પોલીસ તહેનાત હશે.કુમાર જાય તો પોલીસના હાથમાં ફસાઈ શકે અને એ નહીં જાય તો શ્યામલી એને નહીં બક્ષે.

જવું તો પડશે.

પોલીસ પાસેથી છટકવાનો રસ્તો મળી જશે. પણ જો શ્યામલીના હાથમાં સપડાઈ જશે તો ભગવાન પણ નહીં બચાવી શકે...

શ્યામલી ગુસ્સામાં આવીને કુમારને છોડી દે તો...!

કુમાર ઊભો થઈ ગયો. ખુરશી પર પડેલું જેકેટ ઉપાડીને ખભે ફંગોળ્યું અને ગેસ્ટ હાઉસના રૂમની બહાર ત્વરાથી નીકળી ગયો.

શ્યામલીના મકાન પાસે પહોંચ્યો ત્યારે એણે દૂરથી જોઈ લીધું કે મકાનની બહાર પોલીસની એક જીપ ઊભી છે.

કુમાર ઝડપથી મકાનની અંદર દાખલ થવા લાગ્યો કે પાછળથી એક સત્તાવાહી અવાજે એને રોક્યો : 'ઠહેરો...'

કુમારે પાછળ ફરીને જોયું. જીપમાંથી એક ઇન્સ્પેક્ટર ઊતરીને એની તરફ આવતો હતો.

'કહાં જાના હૈ?' પેલાએ પ્રશ્ન પૂછ્યો. કુમારે શ્યામલી ચક્રવર્તીનું નામ આપ્યું.

'ક્યા કામ હૈ?'

કુમારના ચહેરા પર નારાજગીના ભાવ ધસી આવ્યા. 'ઇન્સ્પેક્ટર, હું કોઈને શા માટે મળવા જાઉં છું એ મારી અંગત બાબત છે. તમને શક હોય તો તમે શ્યામલી ચક્રવર્તી સાથે ફોનમાં વાત કરી શકો છો...'

ઇન્સ્પેક્ટરે કુમારનું પગથી માથા સુધી નિરીક્ષણ કર્યું, જાણે કેમ એની ઊંચાઈ માપતો હોય.

'પૂછના મેરા ફર્ઝ હૈ... મિસિસ ગાંગુલીને પણ કોઈ શખ્સ આ રીતે જ અંગત કારણોસર મળતા આવતો હતો. મુલાકાત અંગત હોઈ શકે, મર્ડર અંગત ન હોય... એની વે, તમે જઈ શકો છો...'

કુમાર સમસમી ગયો.

ઇન્સ્પેક્ટરે એનો ચહેરો જોઈ લીધો એ એને ન ગમ્યું. એને શ્યામલી પર ગુસ્સો ચડતો હતો. એની જીદને કારણે જ આ બે કોડીનો ઇન્સ્પેક્ટર એને મનફાવે તેમ કહી ગયો.

કુમાર લિફ્ટ તરફ આગળ વધ્યો.

ઇન્સ્પેક્ટર જીપ તરફ જોઈને એના સાથીને કહેતો હતો - 'કોઈ પુરુષ એકલી રહેતી સ્ત્રીને મળવા જાય ત્યારે આપણા મનમાં સારા વિચારો કેમ નહીં આવતા હોય?'

'કારણ કે એક સ્ત્રી અને એક પુરુષ ઝાઝો સમય એકાંતમાં રહે તો ગુનો કરવાનું સરસ મઝાનું વાતાવરણ બની જાય.'

'હા, ત્યારે જ આપણે વચ્ચે પડવું પડે... કોણ જાણે કેમ આ માણસને મળીને લાગતું હતું જાણે એ કંઈ છુપાવવાની કોશિશ કરી રહ્યો છે.'

*******************

'વિક્રમ, મને લાગે છે કે આપણા ઘરમાં કંઈક બનવાનું છે... કદાચ કોઈ દુર્ઘટના...'

પૂજાના શબ્દો સાંભળીને વિક્રમ અવાક થઈ ગયો. પૂજા ઊંઘમાં નહોતી પણ જાણે ઊંડી તંદ્રામાંથી બોલતી હોય એવું લાગતું હતું. વિક્રમ ફફડી ગયો. પૂજાએ ભવિષ્યવાણી ભાખી છે તો કદાચ દુર્ઘટના બને પણ ખરી... ડોક્ટર આચાર્યને હાર્ટઍટેક આવ્યો જ હતો ને... પણ એની બધી આગાહી સાચી નથી પડતી એ પણ હકીકત હતી.

'પૂજા, તું શું બબડાટ કરે છે? પહેલાં તો તું મારા પર આક્ષેપ કરે છે કે હું પાર્ક સર્કસના એ મકાનમાં રેગ્યુલર જાઉં છું... અને હવે તું અચાનક કહે છે કે આપણા ઘરમાં કંઈક અઘટિત થવાનું છે...'

પૂજા કંઈ બોલી નહીં પણ એણે વિક્રમ સામે તાક્યા કર્યું. વિક્રમ ભયભીત થઈ ઊઠ્યો. પૂજાની આંખો જાણે એને પડકારતી હતી કે મને લલકારતો નહીં.

'વિક્રમ, જો હું મારા મગજ પર જોર કરું તો એ મકાનમાં તું શા માટે જાય છે એનું કારણ પણ શોધી શકું... પણ મને લાગે છે કે મને જ્યારે તારું કારણ ખબર પડશે ત્યારે આપણા સંબંધોમાં તિરાડ પડશે... અમુક રહસ્ય અકબંધ રહે તો જ સારું...' પૂજા હજી તંદ્રામાં હતી.

વિક્રમને લાગ્યું કે આ હાલતમાં પૂજાને છંછેડવી જોખમકારક છે.

'પૂજા, તું તો આડે પાટે ચડી ગઈ. છોડ આ બધી વાતો... ચાલ, ચા પીવડાવ. માથું ચડ્યું છે...' વિક્રમ લાડ લડાવતો હોય એવા સૂરમાં બોલ્યો.

'તારા માથાને બચાવતું હોય તો તને ચાની જરૂર નથી વિક્રમ, આ ફોન ઉપાડ... ઇન્સ્પેક્ટર પ્રમાણિકને ફોન કર... જો એ લોકો પુરવાર કરી દેશે કે તું એ મકાનમાં અવારનવાર જાય છે તો જે દુર્ઘટના હું ભવિષ્યમાં જોઈ રહી છું એ અત્યારના જ બની જશે...'

વિક્રમ આભો થઈ ગયો.

પૂજાની વાત હસવામાં કાઢી નાખવી કે પછી ઇન્સ્પેક્ટર પ્રમાણિક સાથે વાત કરીને એની સૂચનાનો અમલ કરવો?

'વિક્રમ, એ મકાનના ચોકીદાર અને લિફ્ટમેન પાર્ક સર્કસ થાણામાં બેઠા છે... અલીપુર પોલીસ સ્ટેશન નહીં. જો તું પ્રમાણિકને હાથમાં નહીં લે તો બની શકે પાર્ક સર્કસના થાણાથી કોઈ આવી ચડે...'

'પૂજા, ધીસ ઇઝ ટુ મચ... મને હવે તારાથી ડર લાગવા માંડ્યો છે...' વિક્રમ ઉશ્કેરાઈ ગયો.

'વિક્રમ, ડર તો એને લાગે જેને કંઈ છુપાવવાનું હોય. વિક્રમ, ડર તો મને તારાતી લાગવો જોઈએ. એની વે, હવે મોડું નહીં કર... આપણા ઘરમાં બીજી વાર પોલીસ આવી ચડે એ પહેલાં કોઈ રસ્તો કાઢી લે... નહીંતર એ વખતે તો ગાયત્રી પણ તને બચાવી નહીં શકે.'

વિક્રમ ઢીલો પડી ગયો.

એણે ફોન ઊંચક્યો. એક નંબર જોડીને એ મોટેથી બોલ્યોઃ

'કેન આઈ ટોક ટુ ઇન્સ્પેક્ટર પ્રમાણિક?'

*******************


'કુમાર, તેં થાણામાં શા માટે ફોન કર્યો હતો?'

કુમાર ફ્લેટમાં દાખલ થતાં જ શ્યામલી એના પર તૂટી પડી.

'મેં... થાણામાં... ફોન... શા માટે...?' શ્યામલી સીધો હુમલો કરશે એવું એણે નહોતું ધાર્યું. શ્યામલી સામે એનું અસત્ય વધુ લાંબુ નહીં ટકે એ પણ એ જાણતો હતો, એટલે જ એ ગેં.. ગેં.. ફેં...ફેં થઈ ગયો હતો.

'કુમાર, કમ ઓન, હવે જુઠ્ઠું બોલીને તારો જ કેસ તું નબળો પાડી દઈશ. એક ભૂલ છાવરવા માટે તું બીજી ભૂલ કરી રહ્યો છે... હવે તું નહીં કબૂલે તો તું જીવનભર મને જોવા માટે તરસતો રહીશ...' શ્યામલીના અવાજમાં ધાર હતી.

'એવું ન બોલ, શ્યામલી, જિંદગીભર તને જોવા માટે તરસતો ન રહી જાઉં એટલે જ મેં ફોન કર્યો હતો... પોલીસ સ્ટેશને...' કુમારે ખભા ઉલાળ્યા,




'આઈ એમ સોરી શ્યામલી. મારી રીત તને ન ગમી હોય એ બની શકે પણ મારો ઇરાદો નેક હતો...'

'વ્હોટ ધ હેલ... કુમાર, તને ડર ન લાગ્યો કે આ રીતે વિક્રમ દીવાનને ફસાવવાનું ષડ્યંત્ર રચીને તું હંમેશ માટે મારાથી દૂર થઈ જઈશ?...' શ્યામલીએ ફૂંફાડો માર્યો.

કુમાર નીચું જોઈ ગયો.

'શ્યામલી, આપણે બંનેએ આપણી આર્થિક જરૂરિયાત માટે વિક્રમ દીવાનને ફસાવવાનો પ્લાન ઘડ્યો એ વાત સાચી, પણ સાચું કહું છું હું તને એ વિક્રમ સાથે નથી જોઈ શકતો...'

'તો શું હું તારા કોઈ શાહુકાર સાથે રહેત એ જોવું ગમત...? કુમાર, તને દુઃખ લાગશે પણ જો એટલો જ પત્નીનો વિચાર કર્યો હોત તો આવી સ્થિતિ ન આવત... તારા કારણે આપણે આવી વિષમ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યાં છીએ... તારા કારણે મારે જે ન કરવું જોઈએ એ કરવું પડ્યું... અને હવે તું મારા પર શક કરે છે...'

'શક નથી કરતો, શ્યામલી, હું તને ચાહું છું એટલે તને વિક્રમ દીવાનથી જુદી પાડવાની કોશિશ કરી... સોરી...'

'ના કુમાર, ભૂલ કરતી વખતે તને મારો પ્રેમ યાદ ન આવ્યો. હવે જ્યારે રૂપિયા હાથમાં આવવા લાગ્યા છે કે તને મારા પ્રત્યેની ચાહના સાંભરી આવી, આ બેવડું ધોરણ કહેવાય... કુમાર.'

'સોરી, શ્યામલી તું મને કંઈ પણ કહી શકે છે પણ મહેરબાની કરીને તું નારાજ નહીં થતી, તું જો મારી સાથે વાત નહીં કરે તો મારે જીવવાનું પ્રયોજન જ નહીં રહે... આમેય ઑફિસિયલી તો 'મરેલો' છું, બીજી વાર મરી જતાં મને વાંધો નહીં આવે...'

'તારા લાગણીવેડામાં ફસાવવાની કોશિશ નહીં કરતો. માણસ પાસે બધાં શસ્ત્રો ખૂટી જાય છે ત્યારે એ શબ્દોનો સહારો શોધે છે એટલે પ્લીઝ, એ હથિયાર મારી સામે નહીં વાપરતો... અને હા, એક વાત તો જરૂર કહીશ.'

'શું? શ્યામલી, તું કહે એ કરવા તૈયાર છું.' કુમાર ઢીલોઢફ થઈ ગયો.

'તેં ભૂલ કરી છે એટલે તારે સજા તો ભોગવવી જ પડશે, કુમાર.'

'કેવી સજા, શ્યામલી?' શ્યામલી આજે સાવ અજાણી લાગતી હતી કુમારે વિચાર્યું.

'એ વખત આવ્યો હું કહીશ...'

**************

'ઇન્સ્પેક્ટર પ્રમાણિક, હું વિક્રમ દીવાન બોલું છું.' ઇન્સ્પેક્ટર લાઇન પર આવતાં વિક્રમે સત્તાવાહી અવાજે વાતની શરૂઆત કરી.

'મને ખબર છે, મિ. દીવાન, તમે નામ ન આપ્યું હોત તો પણ હું તમને ઓળખી લેત...'

ઇન્સ્પેક્ટરના અવાજમાં આત્મવિશ્વાસનો રણકો હતો કે અભિમાનની છાંટ હતી એ કળવું મુશ્કેલ હતું.

'વેરી ગુડ, એક વાર અવાજ સાંભળીને તમે યાદ રાખી શકો છો એ સારું કહેવાય...'

'ના. મિ. દીવાન, હું જાણું છું કે તમે મિસિસ ગાંગુલીના મકાનમાં અવારનવાર જતા હતા. અલબત્ત, મિસિસ ગાંગુલીને મળવા નહીં પણ મિસિસ શ્યામલી ચક્રવર્તીને મળવા... રાઇટ મિ. દીવાન?'

વિક્રમ ચૂપ રહ્યો. ઇન્સ્પેક્ટર બધું જ જાણે છે. હવે વાતને ઘુમાવીને કોઈ અર્થ સરવાનો નથી. સીધેસીધું મૂળ વાત પર આવી જવામાં જ સાર છે, વિક્રમે વિચાર્યું.

'ઇન્સ્પેક્ટર પ્રમાણિક, તમે તમારી અટકને બહુ જ ગંભીરતાથી લો છો!' વિક્રમે પાસો ફેંક્યો.

'હું સમજ્યો નહીં, દીવાન સર...' ઇન્સ્પેક્ટરે નિર્દોષભાવે કહ્યું.

'મારો કહેવાનો અર્થ એ છે કે તમે તમારી અટકને જીવનમાં ઉતારવા માગો છો કે પછી...'

'અરે હોય કાંઈ... અટક અટકનું કામ કરે... આપણે આપણું કામ કરવાનું. એમ જો હું મારી અટકને એટલી સિરીયસલી લઉં તો તો ભૂખે મરું ને..'

ઇન્સ્પેક્ટરના અવાજમાંથી લાળ ટપકવા લાગી હતી.

'ગુડ, ઇન્સ્પેક્ટર, હવે તમારી કિંમત બોલો...'

(ક્રમશઃ)■

ખુશ્બુ મૃણાલી ઠક્કર
feedback.ladki@

ફેશન

# કમ્ફી ટીશર્ટ ડ્રેસ



ટી-શર્ટ ડ્રેસ એટલે જે ડ્રેસ હોઝિયરી મટિરીઅલમાંથી બનાવવામાં આવ્યા છે. જેમાં મોટાભાગે રાઉન્ડ નેક હોય અને શોર્ટ સ્લીવ્ઝ હોય. તેમજ ડ્રેસની પ્રિન્ટ ફ્લોરલ હોય. ટી-શર્ટ ડ્રેસ એક સિમ્પલ અને બેઝિક પેટર્નમાં હોવા છતાં પણ યુવતીઓમાં ખૂબ પ્રચલિત છે. ટી-શર્ટ ડ્રેસ પહેરવાથી કેઝ્યુઅલ લુક આવે છે અને ખૂબ જ કંફર્ટેબલ હોવાને કારણે પ્રચલિત છે. ટી-શર્ટ ડ્રેસમાં પેટર્ન મોટા ભાગે બેઝિક જ હોય છે, પરંતુ લેન્થ વેરિએશન આવે છે. તમારા બોડી ટાઈપ અને હાઈટ મુજબ તમે ટી-શર્ટ ડ્રેસની પસંદગી કરી શકો.

શોર્ટ ડ્રેસ - શોર્ટ ટી-શર્ટ ડ્રેસ એટલે જે ડ્રેસની લેન્થ ગોંઠણની ઉપર હોય. આ ડ્રેસ હોઝિયરી ફેબ્રિકમાંથી બનાવવામાં આવે છે તેથી આ ડ્રેસ પહેર્યા પછી બોડીનો શેપ લઇ લે છે. આ ડ્રેસમાં નેકલાઇન રાઉન્ડ શેપની હોય છે અને કોઈ ડ્રેસમાં કોલર પણ હોય છે. ડ્રેસની હેમલાઈનમાં બે સાઈડ પર સ્લીટ હોય છે અથવા ડ્રેસની બેકમાં સેન્ટરમાં સ્લીટ હોય છે. શોર્ટ ડ્રેસમાં બોડી ફિટ અને લુઝ ફિટ એમ બે ટાઈપના ફિટ આવે છે. લુઝ ફિટ એટલે તમારા બોડી સાઈઝ કરતાં મોટી સાઇઝનો ડ્રેસ. જોઈ તમારું શરીર સુડોળ હોય તો તમે કોઈ પણ કલરના પ્લેન શોર્ટ ડ્રેસ પહેરી શકો પરંતુ જો તમારું શરીર ભરેલું હોય તો તમારે સોલિડ કલરના ડ્રેસ પહેરવા જેથી તમારી બોડી લાઈન થોડી નેરો લાગે.

મીડ લેન્થ - મીડ લેન્થ એટલે જે ડ્રેસની લેન્થ ગોંઠણથી નીચે હોય. મોડ લેન્થમાં બે જાતના ફિટિંગ આવે છે એક બોડી હગિંગ અને લુઝ ફિટ. બોડી હગિંગ ફિટ લાંબી પાતળી યુવતીઓ પર ખૂબ જ સુંદર લાગે છે. જે લુઝ ફિટ ડ્રેસ છે તેમાં કમર પર બેલ્ટ પહેરી એક અલગ લુક આપી શકાય. બેલ્ટ પાતળો પહેરવો કે બ્રોડ પહેરવો તે તમારી બોડી ટાઈપ મુજબ ડિસાઈડ કરી શકાય. મીડ લેન્થ ડ્રેસમાં સ્ટ્રાઈપ પણ ખૂબ સુંદર લાગે છે. સ્ટ્રાઈપની બ્રોડનેસ તમે તમારી પસંદગીની લઇ શકો. જો તમને બોડી હગિંગ ડ્રેસ પહેરવાથી ક્ષોભ થતો હોય તો તમે ટ્રાન્સપરન્ટ લોન્ગ કેપ ટોપ પહેરી શકો. મીડ લેન્થ સ્ટ્રાઈપ પ્રિન્ટ ડ્રેસમાં તમે કંઈક હટકે લુક આપવા માટે ડેનિમ જેકેટ પણ પહેરી શકો. ટી-શર્ટ ડ્રેસ સાથે તમે તમારી ફેશન સૂઝ સાથે ઘણું મિક્સ એન્ડ મેચ કરી શકો.

ફુલ લેન્થ - ફુલ લેન્થ ટી- શર્ટ ડ્રેસ એટલે જે ડ્રેસની લેન્થ એન્કલ સુધી હોય. આ ડ્રેસમાં એક સાઈડ પર લોન્ગ સ્લીટ હોય અથવા બેક સાઈડમાં સ્લીટ હોય છે. ફુલ લેન્થના ડ્રેસ પ્લેન કલરમાં તો સારા લાગે જ છે પરંતુ ફુલ લેન્થ ડ્રેસમાં સ્ટ્રાઈપ અને ફ્લોરલ પ્રિન્ટ પણ એટલી જ સુંદર લાગે છે. ફુલ લેન્થ ડ્રેસ પહેર્યા પછી તમારા બોડીનો હૂબહૂ શેપ દેખાશે. તેથી તમે જો કમ્ફર્ટેબલ ન હોવ તો ફુલ લેન્થ ડ્રેસ ન પહેરવા. ફુલ લેન્થ ટી-શર્ટ ડ્રેસ પહેરવા માટે એક ચોક્કસ પર્સનાલિટીની જરૂર હોય છે. આમ તો ફુલ



લેન્થ ડ્રેસ કેઝ્યુઅલ લુક આપે છે પરંતુ તમારી ફેશન સૂઝ મુજબ તમે ફુલ લેન્થ ડ્રેસને એક ફોર્મલ લુક આપી શકો.

ટી-શર્ટ ડ્રેસ સાથે તમે ફુલ લેન્થ લેગિંગ્સ અથવા થ્રિ-ફોર્થ લેગિંગ્સ પણ પહેરી શકો. અથવા તો શોર્ટ ડ્રેસ સાથે એન્કલ લેન્થ લેગિંગ્સ અથવા ડેનિમ પણ પહેરી શકાય. ટી-શર્ટ ડ્રેસ સાથે સ્નીકર્સ, સ્પોર્ટ્સ શૂઝ, અથવા બૂટ્સ તમારા ઓવર ઓલ લુકને એન્હાન્સ કરી શકશે. ટી શર્ટ ડ્રેસ સાથે ક્રોસ બેગ અથવા સ્કાઈ બેગ્સ સારી લાગશે.વાળમાં સોફ્ટ કર્લ્સ કે મેસી બન સારો લાગશે. અથવા ઓપન હેર અને તેની સાથે બ્રોડ હેર બેન્ડ એક ફાઈન કેઝ્યુઅલ લુક ક્રિએટ કરી શકે. અને આજ ટી-શર્ટ ડ્રેસમાં જો તમને હાઈ હિલ્સ અને ફોર્મલ બેગ કેરી કરો તો એક ફોર્મલ લુક આપી શકાય. ફોર્મલ લુક માટે તમે જેકેટ કે કેપ ટોપ પહેરી શકો. ટી-શર્ટ ડ્રેસ એટલા સિમ્પલ હોય છે કે, એક્સેસરીઝની મદદ વડે તમે તમારો મનગમતો લુક ક્રિએટ કરી શકો.■

પ્રજ્ઞા વશી
feedback.ladki@
bombaysamachar.com

લાફ્ટર આફ્ટર

# નિવૃત્તિની આ તે કેવી પ્રવૃત્તિ...?!



વાતેવાતે ડૉક્ટરને બોલાવવા કે હૉસ્પિટલમાં દાખલ થવાનું સહેલું થોડું છે? તમારે તો નિવૃત્તિ પછી બસ, એક જ કામ બાકી રહ્યું છે અને તે માંદા પડવાનું! ' રમીલાબહેનની વાતે ગુસ્સે થઈને મહેશભાઈ બોલ્યાઃ માંદા થવાનો શું હું ઢોંગ કરું છું? મને ખાટલે પડવાનો શોખ થયો છે?

(ઢોંગ નહીં તો શું! હમણાં ભજિયાં તળવાની સુગંધ આવે તો તરત ખાટલામાં બેઠા થઈને પૂછશે, સોડામાં ભજિયાં બને છે કે શું? માંદગી ત્યારે ક્યાં જતી રહે છે?)

તમે જ જરા શાંતિથી વિચારજો. પેન્શનના અડધા પૈસા માંદગીમાં પૂરા થાય છે એમાં મહિનાનું બજેટ હલી જાય છે. એમાંય વળી એક ડોક્ટરનો ઓપિનિયન તો તમને ચાલે નહીં એટલે પેલાં ડોક્ટર કોમલને તો બીજા ઓપિનિયન માટે બોલાવવાં જ પડે! '

કેમ? તને એની જલન થાય છે?

જલન નહીં, બજેટની ફિકર થાય છે. એક ડૉક્ટરની દવા બે દિવસ ખાધી ન ખાધી, તરત બીજા ડોક્ટરની દવા... બીજા ટેસ્ટ... ત્રીજા ટેસ્ટ... અને અંતે ભજિયાં ખાઈને સારા થઈ જાવ છો. મને તો લાગે છે કે સારું સારું ખાવા જ તમે માંદા પડો છો. જીભના ચટાકા ઓછા થતા નથી. એટલે સાજા પણ ક્યાંથી થવાય? હજી ગઈકાલે જ તમને પેટમાં દુખતું હતું. એ વાત તમે મને કરી, એ પહેલાં આખા ગામને ફોન કરીને કહી. આખા ગામના નિવૃત્ત મહાશયો તરત જ વારાફરતી ખબર લેવા આવ્યા. તમે ડાયરો ભરીને, નિરાંતે અઢેલીને તમારા પેટમાં કેમ, ક્યાં, કઈ રીતે દુઃખે છે અને છેલ્લા બે દિવસમાં તમે શું શું ખાધું, એમાં તમને કઈ કઈ વાનગીએ કેટલી હાનિ પહોંચાડી અને કઈ કઈ દવાઓ પીધી એનો લંબાણપૂર્વકનો ચિતાર રજૂ કર્યો. વચ્ચે ચારથી પાંચ વાર ખબર લેવા આવનાર માટે ચા-નાસ્તાની ફરમાઈશ કરી. એ નાસ્તા પાછા મિત્રોએ આરોગ્યા એના કરતાં તમે વધારે મોટા બુકડા મારી પૂરા કર્યા, કારણ કે ડિશમાં જે વધે તે પેટમાં દુઃખે તો પણ, ફેંકવાનું કે પાછું રસોડામાં મોકલવાનું તો તમને પાલવે એમ જ ક્યાં છે? '

બસ, બસ, હવે. ક્યારની મારી બુરાઈ કરે છે! હજી કંઈ બાકી હોય તો એ પણ બોલી નાખ. હું કંઈ માંદા પડવાનો ઢોંગ નથી કરતો. સમજી?

(હું ક્યાં નથી જાણતી, તમારી નિવૃત્તિ પછીની પ્રવૃત્તિ કેવી છે તે!)

જ્યારે અમારે શાંતિથી જમવાનો સમય થયો ત્યારે તમે ઓ... મા... રે...

ઓ... મારે...નો આર્તનાદ ચાલુ કર્યો. તમારી માતા સ્વર્ગમાં બેસીને દુઃખી થાય તે પહેલાં તમે ડોક્ટર કોમલને વિઝિટે આવવા માટે ફોન જોડી દીધો. ડૉક્ટર આવ્યા ને તમે આર્તનાદ વધુ ઉગ્ર બનાવ્યો. ડૉક્ટર કોમલે તપાસવાનું શરૂ કર્યું. પણ તમે ડોક્ટરને વચમાં જ રોકીને શું ખાશો? શું પીશો? ના, ના, કંઈક તો લેવું જ પડશે ' (જાણે વેવણ પહેલીવાર ઘરે ન આવી હોય, તેમ!) એ ના કહેતાં રહ્યાં અને તમે જુદી જુદી ઑફર કરતા જ રહ્યા. આખરે મારે વચમાં બોલવું જ પડ્યું કે પહેલાં ડોક્ટરને તપાસવા તો દો. (પછી હું બેઠી છું. એમને સીધા જમાડીને જ મોકલીશ.)

નહીં, નહીં... અહીંયા નહીં, અહીંયા... એમ બોલી બોલી તમે આખા પેટ ઉપર એમનો હાથ કાર્યરત રાખ્યો. સવારે મિત્રોને જે વિસ્તારપૂર્વક વૃતાંત કર્યો હતો તે રિપીટ કર્યો. (ડૉક્ટરે કંટાળીને બગાસું ખાધું.) મેં ફરી તમને વચમાં જ કાપ્યા...'

ડોક્ટર, તમે દવા લખી આપો. અમે હમણાં મંગાવીને શરૂ કરી દઈશું એટલે સારું થઈ જશે.' ડૉક્ટરે ગંભીર થઈ કહ્યુંઃ દવાથી આ દુઃખાવો માટે એમ લાગતો નથી' અને તમે વચમાં કૂદી પડ્યાઃ તો એક કામ થઈ શકે. હું તમારી હૉસ્પિટલમાં દાખલ થઈ જાઉં તો કેવું?'

હા, હું પણ એમ જ કહેવાની હતી કે તમે એક બે દિવસ દાખલ થઈ જાવ, તો પેટના એક્સ-રે તેમજ બીજા બધા ચાર-પાંચ નાના મોટા ટેસ્ટ તેમજ બ્લડ, યુરિન વગેરે પણ ચેક કરાવી લઉં તો મને સારવાર કરવાની સમજ પડે અને એ પ્રમાણે ટ્રિટમેન્ટ શરૂ થઈ જાય.

ડોક્ટરે સવારે દાખલ થવાનું કહ્યું. એમને તો સવારે તમને હોસ્પિટલમાં દાખલ કરી જાતજાતના રિપોર્ટ, જાતજાતનાં ચેકિંગ, જાતજાતની લેબોરેટરી ભેગાં કરીને, છેલ્લે દસ બાર દવા અને વિટામિન્સ લખીને મોટું બિલ થમાવવું હતું.'

રમીલા, મેં તારા જેવી બળેલી અને ગંદી વિચારસરણીવાળી સ્ત્રી બીજી કોઈ જોઈ નથી. તું કદી ઇચ્છતી જ નથી કે હું ચેકઅપ કરાવીને સંપૂર્ણ રોગમુક્ત થાઉં.

ડોક્ટર કોમલે તો દવામાં તમને લાલ, પીળી પિપરમીટ જેવી ગોળી થમાવીને, સવારે વહેલા દાખલ થવાનું કહી ચાલતી પકડી. તમે તો એમને બહારના ગેટ સુધી બાય બાય... ટાટા... કરવા ગયા. (ત્યારે પેટમાં દુઃખવાનું ક્યાં ગયું હતું?)

મેં ફોન ઘુમાવ્યો અને સામે રહેતી મિત્ર, કે જે ડોક્ટર કોમલને ત્યાં નર્સ છે. મેં એને ડોક્ટર કોમલનો બાયોડેટા પૂછ્યો. તો એણે મને એનો તેમજ એમના સંયુક્ત વેપારમાં જોડાયેલા ડોક્ટરોનો બાયોડેટા પણ કહ્યો. તમે તો એ દરમિયાન સવારે જાણે ફિલ્મમાં ઍક્ટિંગ કરવા જવાના હોય એમ કપડાંની બેગ ભરીને તૈયાર હતા. મને આવેલી જોઈને ફરી ઓ... મા... રે...! અને મેં તમને ઘરે બનાવેલી દેશી ફાકી ગરમ પાણી સાથે પીવડાવી. પેટનો દુઃખાવો રાત્રે જ મટી ગયો અને રાત્રે ભરપૂર નસકોરાં બોલાવ્યાં. મેં તમારી બેગનાં કપડાં કાઢીને કબાટમાં ઠેકાણે પાડ્યાં (જેથી મારું બજેટ હલી ન જાય.)

હજુ કંઈ તારે કહેવું છે રમીલા? ' તમે સવારે પૂછ્યું.

હા. તમે કહો તો ડોક્ટર કોમલનો બાયોડેટા અને એની હોસ્પિટલમાં માત્ર બે દિવસ રહીને આવેલા પડોશીનું વીસ હજારનું બિલ બતાવું અથવા એમને બોલાવું. હવે તમારે હોસ્પિટલ જવું હોય તો તમે એકલા જઈ શકો છો... અને હું પણ નિવૃત્તિ જાહેર કરીને મારે પિયર...! મને પણ હવે ઓ...મા... રે...' કરતાં આવડી ગયું છે. મહેશ, તમે નિવૃત્ત, તો હું પણ નિવૃત્ત કેમ નહીં?!' ■

# પુરુષ

## એક કિનખાબી ક્રાઈમ વાયા ક્રિપ્ટો કરન્સી !

**અમેરિકામાં રાષ્ટ્રપ્રમુખની ચૂંટણી લડી રહેલા તોફાની ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પની એક જાહેરાતથી આભાસી કરન્સી 'ક્રિપ્ટો'માં જબરો ઉછાળો આવ્યો છે.... આ ક્રિપ્ટોકરન્સીના મોહમાં આજે વિશ્વભરમાં અબજો ડોલરના ચીલઝડપી ગુના થઈ રહ્યા છે ત્યારે જાણી લઈએ એનો અવાક કરી દે એવો ક્રાઈમ ઍક્સ-રે...**

ક્લોઝ અપ
ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

આજે અપરાધ આચરવા ઘટનાસ્થળે નથી જવું પડતું. હજારો કિલોમીટર દૂરથી પણ ગુના આચરવા સહેલાં થઈ ગયા છે. કમ્પ્યુટરની મદદથી દૂર બેસીને પણ શરૂઆતમાં સાયબર ક્રાઈમ ક્રેડિટ-ડેબિટ કાર્ડ પૂરતા સીમિત હતા અને પછી બેન્ક ગ્રાહકોના ખાતામાં ખાતર પાડનારા હેકર્સની જમાત ઊભી થવા માંડી. આવા અપરાધોના આંકડા તપાસીએ તો એક આજની તારીખે-૨૦૨૩-૨૪ દરમિયાન વિશ્વભરમાં સાયબર અપરાધના શિકારની સંખ્યા છેઃ ૩૪ કરોડ-૩૩ લાખ અને ૩૮ હજાર-૯૬૪! એ જ રીતે, આપણે ત્યાં ૨૦૨૪ના પ્રથમ ચાર મહિનામાં ૭ લાખથી વધુ સાયબર ક્રાઈમની ફરિયાદ નોંધાઈ છે!

આવા અપરાધની આંકડાબાજી બાજુ પર રાખીએ તો હકીકતમાં સાયબર ગુનાખોરીનો ખરો પ્રવાહ પલટાયો અંધારી આલમમાં એક નવા જ પાત્રના પ્રવેશથી.. આ પાત્ર છે ક્રિપ્ટોકરન્સી, જે આ આખી રમતનો હીરો નથી, પણ ભલભલાને મોહાંધ કરી દે એવો સોહામણો વિલન અર્થાત ખલનાયક છે...!

કોરોના-કાળની લગભગ સમાંતરે 'ક્રિપ્ટોકરન્સી' શબ્દ આપણા કાને વધુ ને વધુ અથડાવા માંડ્યો. આ 'ક્રિપ્ટોકરન્સી' એટલે એક પ્રકારની વર્ચ્યુઅલ કરન્સી-આભાસી નાણું કે જેને આપણે કરન્સી નોટના થોકડા કે ગડ્ડીની જેમ સ્પર્શી શકતા નથી કે નથી હાથથી ગણી શકતા.એ એક એવી ડિજિટલ કરન્સી છે, જેની ગણતરી-મૂલ્યાંકન કે એની હેરફેર કમ્પ્યુટરના મોનિટર પર કે મોબાઈલ પર થઈ શકે છે.

બહુ શરૂઆતમાં આ આભાસી કરન્સી માટે 'બિટકોઈન' શબ્દ છૂટથી વપરાતો. હકીકતમાં 'બિટકોઈન' ખુદ એક પ્રકારની ક્રિપ્ટોકરન્સી છે. સાયબર અપરાધીઓની ડાર્કવેબની અંધારી આલમમાં 'બિટકોઈન' જેવી બીજી હજારો વર્ચ્યુચલ કરન્સી આજે વર્લ્ડ માર્કેટમાં છે, જેને મોટાભાગની સરકારે માન્યતા નથી આપી, છતાં એનો બે નંબરી વ્યવહાર ધૂમ ચાલે છે. ડ્રગ્સના વેપારમાં તથા ત્રાસવાદીઓના આલમમાં પણ ડૉલર-પાઉન્ડ કરતાં આવી ક્રિપ્ટોકરન્સીનું વધુ ચલણ છે અને એની માર્કેટમાં સતત ઉતાર-ચઢાવ થતાં જ રહે છે. રશિયા-યુક્રેન યુદ્ધને લીધે ૧ ક્રિપ્ટો કોઈનનો ભાવ ઘટીને ૨૯ લાખ રૂપિયા થઈ ગયો હતો, પણ તાજેતરમાં અમેરિકામાં ત્યાંના પ્રેસિડેન્ટની આગામી ચૂંટણીનો માહોલ જામ્યો છે ત્યારે ક્રિપ્ટોકરન્સીના ભાવમાં જબરો વધારો નોંધાયો છે. ત્યાંની રાષ્ટ્રપ્રમુખની ચૂંટણીના એક ઉમેદવાર છે તોફાની ડોનાલ્ડ ટ્રમ્પ. એમણે જાહેર કર્યું છે કે જો એ રાષ્ટ્રપ્રમુખ તરીકે વિજયી થશે તો એ સત્તાવાર રીતે અમેરિકાને વિશ્વની 'ક્રિપ્ટો કેપિટલ' બનાવશે ...!

ટ્રમ્પની આ જાહેરાત સાથે આજની તારીખે ૧ ક્રિપ્ટોકરન્સી કોઈનનો ભાવ ઉછળીને ૫૭ હજાર ડૉલર (આશરે ૪૮ લાખ રૂપિયા)ની આસપાસ થઈ ગયો છે...!

આવા આભાસી ચલણના અપરાધ પણ જંગલમાં દવ-લાગે અને વંટોળ ફૂંકાય એ ગતિએ વધી રહ્યા છે. આનો અપરાધ કરનારા કમ્પ્યુટર તેમજ ડિજિટલ દુનિયાની લેટેસ્ટ ટેકનિકના પક્કા અભ્યાસી હોય છે. એ કોઈ પણ શિકાર પર ત્રણ રીતે ત્રાટકતા હોય છે, જેમ કે એકઃ તમારા ઈ-મેલનો પાસવર્ડ શોધી કાઢી એને વાઈરસગ્રસ્ત કરી તમને ધમકી આપે કે અમુક-તમુક ડૉલર ફલાણા-ઢીંકણા અકાઉન્ટમાં જમા કરાવો, નહીંતર તમારા બધા જ ડેટા નષ્ટ કરી નાખશું.

એક જાણીતા ગુજરાતી પ્રકાશનના માલિકને કોરોના લોકડાઉન દરમિયાન આવી જ ધમકી મળી હતી. પોતાના અકાઉન્ટને પેલા હેકરના સકંજામાંથી છોડાવા માટે ડિજિટલ નિષ્ણાતોની સલાહ-મદદ પણ લીધી, પણ આખરે હેકરને ડૉલર્સમાં ખંડણી ચૂકવવી પડી.

આવી જ ખંડણીની માંગ મુંબઈના એક જાણીતા ફેશન સ્ટોરના માલિક પાસે કરવામાં આવી હતી. કોઈ હેકરે ઈ-મેલ દ્વારા માગણી કરી કે ફેશન સ્ટોરની અમુક આર્થિક ગુપ્ત માહિતી અમારી પાસે છે..જો તમે ૧ લાખ રૂપિયાની રકમ બિટકોઈન રૂપે અમને નહીં પહોંચાડો તો એ માહિતી તમારા સ્પર્ધકને લીક કરી દેશું! ખંડણીની રકમ આવી રીતે ક્રિપ્ટોકરન્સીમાં જ વસૂલ કરવાની ધમકીઓ જાણીતા વેપારી-કંપનીઓને આવતી રહે છે.

બેઃ તમે જો ખુદ ખાનગીમાં ક્રિપ્ટોકરન્સીમાં વહેવાર કરતા હો તો તમારા એ અકાઉન્ટમાં ખાતર પાડીને સીધા તમારા ક્રિપ્ટો ચોરી જશે જેમ બેન્ક ખાતામાંથી હેકર ગાબડું પાડીને રકમ સરકાવે છે તેમ આ કિસ્સામાં તો તમે સાઈબર ક્રાઈમ સેલની સત્તાવાર મદદ પણ નહીં માગી શકો...!



રાજકોટના એક ઉદ્યોગપતિ ખુદ ક્રિપ્ટોના બે નંબરી ધંધામાં હતા. આમાં એક મિત્ર પણ ભાગીદાર. આ ધંધો ધમધોકાર જામ્યો હતો એમાં બન્ને પાર્ટનર વચ્ચે વાંધો પડ્યો. સિનિયર ભાગીદાર પોતાના ક્રિપ્ટો અકાઉન્ટના પાસવર્ડ, ઈત્યાદિ બદલી કાઢે એ પહેલાં એમનો જુનિયર પાર્ટનરે ચીલઝડપે પાંચેક લાખના ક્રિપ્ટો પર હાથફેરો કરી લીધો!

પાછળથી અન્ય એક કિસ્સામાં પોલીસના હાથમાં પેલો જુનિયર ઝડપાયો ત્યારે આ ધાડની વાત બહાર આવી હતી ક્રિપ્ટો ક્રાઈમનો ત્રીજો પ્રકાર પણ છેઃ

'આ કરન્સી દ્વારા તમારા મૂળ રોકાણ કરતાં ૨૦૦-૩૦૦ % વધુ રળી શકો' એવી લોભામણી સ્કિમમાં તમને લપેટાવવામાં આવે. 'આટલી રકમના ડૉલર તમે ઈન્વેસ્ટ કરશો તો એની સામે તમને આટલા ક્રિપ્ટો આપીશું' પણ પછી તમને મળે ધૂળ અને ઢેફા!

આ પ્રકારના અપરાધનો આપણે ત્યાં બહુ ઝડપથી ગુણાકાર થઈ રહ્યો છે. બેંગલુરુમાં એક 'મોરિસ કોઈન સ્કેમ'માં અપાયેલાં જૂઠ્ઠાં વાયદા દ્વારા દસેક લાખ લોકોને ફસાવીને રૂપિયા ૩૦૦૦ કરોડ પડાવી લેવામાં આવ્યા હતા.

ક્રિપ્ટો ક્રાઈમના તાજેતરમાં પ્રગટ થયેલા આંકડા અવાક કરી મૂકે તેવા છે. ખાસ કરીને, કોવિડની મહામારી પછી બીજાનાં અકાઉન્ટસમાંથી ૩.૫ અબજ ડૉલરની ક્રિપ્ટોકરન્સી સીધી તફડંચી કરવામાં આવી હતી! જો કે, આ જ આંકડા મુજબ તો ક્રિપ્ટો-સ્કેમમાં હજારોને બેવકૂફ બનાવીને ૮ અબજ ડૉલરની ઠંડે કલેજે કિનખાબી લૂંટ ચલાવવામાં આવી છે..! (જસ્ટ, આપની જાણ ખાતર ૧ ડૉલર બરાબર આપણા ૮૪ રૂપિયા!).

ક્રિપ્ટો ક્રાઈમનું આ ચક્કર અહીં પૂરું નથી થતું. જગતભરમાં અનેક ગેરકાયદે ક્રિપ્ટો એક્સચેન્જ ચાલે છે. ડાર્ક વેબ દ્વારા અહીં સોદા થાય છે તેમ જબરી હાથચાલાકી પણ ચાલે છે.

બે મહિના પહેલાના આંકડા મુજબ આવાં લે-ભાગુ એક્સચેન્જોમાંથી આશરે ૧૫૦ મિલિયન ડૉલરની હાથસફાઈ-ઉચાપત થઈ છે..

આમ એક તરફ, ક્રિપ્ટો કરન્સીની આવી જંગી તફડંચી-ઉચાપત થઈ રહી છે તો બીજી તરફ, ભારત સહિત અનેક દેશ એને સત્તાવાર રીતે નાણાંકીય લેવડ-દેવડ માટે માન્યતા નથી આપી,પરંતુ આપણી સરકારે તો એને એક 'ડિજિટલ એસેટસ-મિલકત' તરીકે ગણાવી એના પર ૩૦ % ટેક્ષ વસૂલવાની વાત કહી છે.

આર્થિક નિષ્ણાતો માને છે કે ક્રિપ્ટો કંઈ મૂલ્યવાન પ્લેટિનિયમ ધાતુ નથી-એ પરપોટો છે, ટૂંક સમયમાં ફૂટી જશે. આમ છતાં, વાસ્તવિક્તા એ છે કે કેટલાંક સર્વેક્ષણ મુજબ ભારતમાં આશરે ૨ કરોડથી વધુ રોકાણકારો ક્રિપ્ટોકરન્સીના છે, જેમણે ૬ લાખ કરોડ રૂપિયાથી વધુ રોકાણ કર્યું છે. આમાંથી ૭૫ % રોકાણકારો યુવા પેઢીના છે અને એમાંય ૯ % તો મહિલા છે!


હવે આમાં કોઈની સાથે ફ્રોડ થાય તો સરકાર હાથ ઊંચા કરી દેશે,કારણ કે આ પ્રકારના આર્થિક અપરાધોને રોકવા કે પછી સકંજામાં આવેલા ગુનેગારોને શું સજા કરવી એની કોઈ સ્પષ્ટતા આપણા કાયદાના રક્ષકો પાસે હાલના તબક્કે તો નથી...

-અને એટલે જ વિશ્વવિખ્યાત શ્રીમંત રોકાણકાર વૉરેન બફેટ કહે છે કે ક્રિપ્ટોકરન્સીની લાલસા એક એવા ક્ષણિક જાતીય આનંદ જેવી છે, જે તમને હંમેશને માટે 'ગુપ્ત રોગ' લગાડી જાય છે..! ■

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback.ladki@bombaysamachar.com

## તમને પણ મિડલાઈફ ક્રાઈસિસ સતાવે છે?

**આ વળી કઈ બલા છે?**
**પુરુષને પજવતી આ કટોકટી વિશે પણ જાણવું જરૂરી છે.**



આજકાલ અડધી ત્રીસીએ પહોંચેલા પુરુષો અત્યંત ચિંતામાં નજરે ચઢે છે. એમાંના ઘણા પુરુષનું કહેવું છે કે એમને ભવિષ્યની અત્યંત ચિંતા સતાવે છે. કેટલાક એને 'મિડલાઈફ ક્રાઈસિસ' તરીકે ઓળખાવી રહ્યા છે. જોકે મિડલાઈફ ક્રાઈસિસ કંઈક ત્રીસીમાં જ દસ્તક ન દે. એ એક સાયકોલોજિકલ - માનસિક અવસ્થા છે,જે આમ તો ચાળીસી પછી શરૂ થાય, . પણ ક્લાઈમેટ અને લાઈ ઈસ્ટાઈલ ચેન્જના આ સમયમાં મિડલાઈફ ક્રાયસિસ વહેલી આવતી હશે એવું આપણે માની લઈએ, કારણ કે ત્રીસીમાં અડધે પહોંચેલા પુરુષને એનાં સંતાનોની પણ ચિંતા છે.એના વૃદ્ધ થઈ રહેલાં માતા-પિતાની પણ ચિંતા છે. એને પોતાની કરિઅરની પણ ચિંતા છે અને ખાડે ગયેલી આહારશૈલીને કારણે ઘણા વહેલા બગડી રહેલા સ્વાસ્થ્યની પણ એને ચિંતા છે.

આ કારણે જ આજનો પુરુષ ત્રીસીમાં અડધે પહોંચે ત્યાં એને ચાળીસીમાં આવનારી ચિંતા સતાવે છે. આ કારણે એ સતત એન્ક્ઝાઈટીમાં રહે છે. આવી વ્યગ્રતાને કારણે એના માથાના વાળ સુધ્ધાં ખરી રહ્યા છે. આ કારણે એની સેક્સલાઈફ પણ અત્યંત ડિસ્ટર્બ છે અને આ કારણે જ કદાચ તે વધુ પડતું વ્યસન કરતો થઈ ગયો છે. સરવાળે આવી ચિંતાઓને કારણે એ વધુ પડતી આફતો નોતરી રહ્યો છે.

આ વિશે અમે આરોગ્ય અને સાયકોલોજીના ક્ષેત્રમાં કામ કરતા નિષ્ણાતોને પૂછી જોયું. એમનું એકસૂરે કહેવું છે કે એ વાત સાચી જ છે કે ક્લાયમેટચેન્જ અને લાઈફસ્ટાઈલ ચેન્જની આજના માણસના સ્વાસ્થ્ય પર ઘેરી અસરો થઈ રહી છે. સાથે જ આજના માણસને ત્રીસીમાં જ અમુક શારીરિક - બ્લડપ્રેશર- સુગર કે હૃદયના પણ પ્રશ્નો પજવવા શરૂ થઈ જાય છે.

જોકે, આ બધાની ચિંતાથી મુક્ત થવું હોય તો બે જ ઉપાય છે. એક ઉપાય છે : લાઈફસ્ટાઈલમાં શક્ય એટલો બદલાવ અને બીજો ઉપાય છે : વધુ પડતા વિચારોથી બચવું !

એક્સપર્ટ્સ કહે છે એમ આજનો માણસ આધુનિક સિસ્ટમની માયાજાળમાં એવો ફસાઈ ગયો છે કે ચાહીને પણ એ અમુક વાત - કાર્ય માટે સમય કાઢી શકતો નથી. એને ઈચ્છા તો હોય છે કે એ પણ નિયમિત સમયે જમી લે, યોગ્ય સમયે વ્યાયામ કરે કે પછી નિયમિત સમયે ઊંઘી લે. પરંતુ કામના કલાકો, કામ માટે થતું એનું ટ્રાવેલિંગ કે કામના ક્ષેત્રની સિસ્ટમ એના રોજિંદા જીવનને એવું અસ્તવ્યસ્ત કરી નાખે છે - એટલો થકવી નાખે કે ઓફિસ જવા અને ઓફિસ માટે ઉઠવા વચ્ચે કલાકથી પણ ઓછો સમય હોય ! આ તો ઠીક, એનું લંચ બપોરે બે-અઢી-ત્રણ સુધી લંબાતું રહે તો એનું ડિનર દસ-અગિયાર સુધી લંબાઈ જાય અને ડિનર પછી સહેજ સમય થાય ત્યાં તે સોફા પર કે બેડ પર લંબાવી દે.

એક્સપર્ટ્સ કહે છે કે નિયમિત આહાર અને અમુક ચોક્કસ કલાકોની ઊંઘ પુરુષ માટે અત્યંત જરૂરી છે. જો તે આમાં પાછો પડશે તો સ્વાભાવિક જ તમને ત્રીસીમાં પ્રવેશતામ જ અમુક પ્રશ્નો સતાવવા શરૂ થઈ જશે.. જે માણસ જમવા અને ઊંઘવામાં લઘરો હોય એ સ્વાભાવિક જ તેના બીજાં કામોમાં લઘરો હોવાનો. અને આ લઘરાપણું જ તેના જીવનમાં અનેક આફતો નોતરતું હોય છે એટલે એક નાનકડી નિયમિતતા એને અનેક મોરચે સફળ બનાવી શકે છે. ખાસ તો પૂરતી ઊંઘ અને યોગ્ય ખોરાકને લીધે તેની તબિયત અત્યંત ટકોરાબંધ રહે એ વધારાનું!

આ તો માત્ર આહાર અને આરોગ્યની વાત થઈ. આ ઉપરાંત ઓવર થિકિંગ વિશે પણ એક અલાયદી ચર્ચા જરૂરી છે એ વિશે ફરી કયારેક...■



## યશ દયાલ માટે પાંચ સિક્સરવાળા અંધકાર પછી હવે સોનાનો સૂરજ ઊગ્યો

**આઈપીએલમાં રિન્કુ સિંહની ફટકાબાજીનો શિકાર થયેલા લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલરને ઘણી ખાસિયતો બદલ ટેસ્ટમાં સ્થાન મળ્યું છે**

સ્પોર્ટ્સમેન
યશ ચોટાઈ
feedback@bombaysamachar.com

'રિન્કુ સિંહ, રિન્કુ સિંહ, ફાઇવ સિક્સીસ, ફાઇવ સિક્સીસ...'

આ વાંચીને તમને યાદ આવી જ ગયું હશે કે રિન્કુ સિંહ અને પાંચ સિક્સરવાળી ઘટના ૨૦૨૩ની આઇપીએલમાં બની હતી.

હા, સાવ સાચી વાત છે. ત્યારે રિન્કુ સિંહે ફાસ્ટ બોલર યશ દયાલના છેલ્લા પાંચ બૉલમાં જે પાંચ સિક્સર ફટકારી હતી એની વાત આજે આપણે કરીશું.

યશ દયાલને એ કડવા અનુભવ બાદ હવે દોઢ વર્ષે અભૂતપૂર્વ અનુભવ થયો છે. તેને ટેસ્ટ ટીમમાં સ્થાન મળ્યું છે. કોલકાતા નાઇટ રાઇડર્સે ત્યારે અમદાવાદની મૅચમાં ૨૦૫ રનનો તોતિંગ લક્ષ્યાંક મેળવવા આખરી છ બૉલમાં ૨૯ રન બનાવવાના હતા જે મોટા ભાગે અસંભવ જણાતું હતું. જોકે ગુજરાત ટાઇટન્સના લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર યશ દયાલના પ્રથમ બૉલમાં ઉમેશ યાદવે એક રન દોડીને રિન્કુ સિંહને સ્ટ્રાઇક આપી એટલે આઇપીએલના ઇતિહાસમાં નવું પ્રકરણ લખાવાનું શરૂ થયું હતું. રિન્કુએ યશ દયાલના છેલ્લા પાંચેય બૉલમાં છગ્ગા ફટકારીને કોલકાતાને અત્યંત રોમાંચક વિજય અપાવ્યો હતો.

યશ દયાલે ત્યાર પછી ક્રિકેટપ્રેમીઓમાં સીધી યા આડકતરી રીતે ઘણું અપમાન અને માનહાનિ સહન કરવા પડ્યા હતા. એની વાત યશ દયાલના પિતા ચંદરપાલ દયાલે પીટીઆઇને આપેલા ઇન્ટરવ્યૂમાં કરી છે. તેમણે કહ્યું છે કે 'અમે અલાહાબાદમાં કરબલા મસ્જિદ નજીક રહીએ છીએ. એપ્રિલ, ૨૦૨૩માં મેં થોડા દિવસ મેં મારા ઘરની બહાર નીકળવાનું ટાળ્યું હતું. કારણ એ હતું કે દરરોજ જ્યારે પણ સ્કૂલ બસ અમારા ઘરની બહારથી પસાર થતી ત્યારે બાળકો બારીમાંથી રિન્કુ સિંહ, રિન્કુ સિંહ, ફાઇવ સિક્સીસ, ફાઇવ સિક્સીસ... એવી બૂમો સતત પાડતાં હતાં. મને થતું કે શા માટે મારા પુત્ર સાથે આવું બન્યું? મારી પત્ની થોડા દિવસ જમી ન નહોતી. હમારે લિયે વો એક હાદસા થા.'

જોકે યશ દયાલ માટે હવે સોનાનો સૂરજ ઊગ્યો છે. ૧૯મી સપ્ટેમ્બરે ચેન્નઈમાં બાંગ્લાદેશ સામે ભારતની પ્રથમ ટેસ્ટ શરૂ થઈ રહી છે અને એ માટેની ટીમમાં યશ દયાલનો સમાવેશ કરાયો છે. જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજ અને આકાશ દીપની હાજરીમાં યશ દયાલને બાંગ્લાદેશ સામે રમવા મળશે કે કેમ એ તો નક્કી નથી, પરંતુ ટીમ



ઇન્ડિયાની સ્ક્વૉડમાં સિલેક્ટ થવું એ કોઈ પણ ખેલાડી માટે મોટી સિદ્ધિ જ કહેવાય.

ઝહીર ખાને નિવૃત્તિ લીધી ત્યાર પછી ભારતીય ટીમને નિયમિત ધોરણે લગભગ દરેક ટેસ્ટ-શ્રેણીમાં રમી શકે એવો કાબેલ લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર નથી મળ્યો. છ ફૂટ ઊંચા યશ દયાલે નાનપણથી ઝહીર ખાનની કરીઅર ફૉલો કરી છે અને હવે તેનું સ્થાન લેવાનો તેને સુવર્ણ મોકો મળ્યો છે.

કલાકે ૧૩૦થી ૧૩૫ કિલોમીટરની ઝડપે બૉલ ફેંકતા યશને માત્ર ડોમેસ્ટિક ક્રિકેટમાંના પર્ફોર્મન્સને આધારે જ નહીં, કેટલીક ખાસિયતોને લીધે પણ ટીમ ઇન્ડિયા માટેનો સિલેક્ટરનો કૉલ આવ્યો છે. શાર્પ બાઉન્સર, યૉર્કર, પરફેક્ટ લાઇન ઍન્ડ લેન્થ તેમ જ સ્વિંગ તેની સ્પેશિયાલિટીઝ છે. ૨૦૨૨માં ભારતીય ટીમ મૅનેજમેન્ટે યશને વેસ્ટ ઇન્ડિઝ સામેની મર્યાદિત ઓવર્સની સિરીઝ વખતે નેટ બોલર તરીકે બોલાવ્યો હતો અને તેની મદદ લીધી હતી. ત્યારથી તે ટીમના સિનિયર ખેલાડીઓના ધ્યાનમાં હતો જ, ઉત્તર પ્રદેશના હેડ-કોચ અને ભારતના ભૂતપૂર્વ સ્પિનર સુનીલ જોશી સતત અસરદાર બોલિંગ કરવાની તેમ જ કોઈ પણ પ્રકારની પિચ પર બૅટરને મુશ્કેલીમાં મૂકવાની ક્ષમતા ધરાવનાર યશની કાબેલિયતથી પ્રભાવિત થઈ ચૂક્યા છે. જોશી ત્રણ વર્ષ પહેલાં ભારતીય ટીમના સિલેક્ટર હતા અને ત્યારે પણ તેમણે યશની બોલિંગમાં આવેલો સુધારો જોયો હતો. બંગાળના ઓપનર અભિમન્યુ ઈશ્વરને પણ યશ દયાલના બે મોઢે વખાણ કર્યા છે. અજિત આગરકર અને તેમની સિલેક્શન કમિટીને યશ દયાલમાં ઘણું કૌશલ્ય જોવા મળ્યું છે. છેલ્લા થોડા વર્ષોમાં યશે ફિટનેસ પણ જાળવી છે જેને લીધે તે આ વર્ષની શરૂઆતમાં ઉત્તર પ્રદેશ વતી રણજી ટ્રોફીમાં રમવા ઉપરાંત ઇંગ્લૅન્ડ 'એ' સામેની સિરીઝમાં ઇન્ડિયા 'એ' વતી રમી શક્યો હતો.

સિલેક્ટર્સે પહેલાં લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર્સ અર્શદીપ સિંહ અથવા ખલીલ અહમદ પર કળશ ઢોળવાનો વિચાર કર્યો હતો, પરંતુ તેમને યશ દયાલમાં વધુ કૌશલ્ય દેખાયું અને તેને ૧૬ ખેલાડીની ટીમમાં સમાવી લીધો હતો.

૨૦૨૩માં ગુજરાત ટાઇટન્સ તરફથી આઇપીએલની એક સીઝન માટે ૩.૨૦ કરોડ રૂપિયાનો તોતિંગ કૉન્ટ્રેક્ટ મેળવનાર યશ દયાલને ૨૦૨૪ની આઇપીએલમાં બૅન્ગલૂરુના ફ્રૅન્ચાઇઝીએ પાંચ કરોડ રૂપિયામાં મેળવ્યો હતો અને એના વતી તેણે એક મૅચમાં ચેન્નઈના ડેરિલ મિચલને અને પછી એમએસ ધોનીને આઉટ કરીને બેન્ગલૂરુને પ્લે-ઑફમાં સ્થાન અપાવ્યું હતું.

ભારત વતી માત્ર ૧૪ લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર રમી ચૂક્યા છે જેમાં ઝહીર ખાન પછી ટીમ ઇન્ડિયાને ટેસ્ટ-ક્રિકેટમાં ફક્ત ટી. નટરાજન અને જયદેવ ઉનડકટ મળ્યા છે, પરંતુ ટીમમાં તેઓ સ્થાન જાળવી નથી શક્યા. યશ દયાલને બહુ સારી તક મળી છે. જો યશ સફળ થશે તો એનો શ્રેય આગરકર અને તેમની ટીમને તેમ જ સુનીલ જોશી અને યશના ભૂતપૂર્વ કોચને જરૂર મળશે. ■

નિધિ ભટ્ટ
feedback.ladki@bombaysamachar.com

ફોકસ

# ક્યારે આવશે નારીના અપમાનનો અંત?

## શું અત્યાચાર અને હિંસાની બેડીમાંથી મહિલા થશે આઝાદ?



ભારતની આઝાદીનો પર્વ તો આપણે ધામધૂમથી ઉજવીએ છીએ, પરંતુ આઝાદીના આટલા વર્ષો બાદ પણ મહિલાઓ અત્યાચાર અને હિંસાની ગુલામીમાંથી હજી પણ આઝાદ થઈ નથી. એકવીસમી સદીમાં આજે પણ તેમની સાથે બળાત્કાર અને દુર્વ્યવહાર કરવામાં આવે છે. દેશ ચાંદ સુધી તો પહોંચી ગયો છે, પરંતુ સ્ત્રીને સન્માન આપવામાં આપણે આજે ઊણા ઉતર્યા છીએ. કઠણાઈ એવી છે કે નારીને સન્માન મળે એ માટે આજે પણ લડાઈ લડવી પડી રહી છે. કોલકત્તામાં આવેલી આર.જી. કર મેડિકલ કોલેજમાં ફીમેલ ડૉક્ટર ટ્રેઇની સાથે થયેલા ભયાવહ બળાત્કાર અને હત્યાની ઘટનાથી દેશ સફાળો જાગ્યો છે. નિર્ભયા બાદ એ ઘટનાને અભયા કેસ નામ આપવામાં આવ્યુ છે. ભારતની ૭૮મી આઝાદીના ઉત્સવના એક અઠવાડિયા પહેલા, એ સ્વતંત્રતા મેળવવા માટે અનેક મહિલાઓએ બલિદાન આપ્યા હતાં. એ કરપીણ ઘટના નવમી ઑગસ્ટે ઘટી હતી. રક્ષા બંધનના દસ દિવસ પહેલા કે જેમાં ભાઈઓ પોતાની બહેનની રક્ષા કરવાનુ વચન આપે છે. દેશના સૌથી મોટા ધાર્મિક ઉત્સવ એવા નવરાત્રી અને દુર્ગા પૂજાનાં થોડા અઠવાડિયા પહેલા કે જેમાં દેવીની આરાધના કરવામાં આવે છે.

આ નિર્દયી ઘટનાને કારણે દેશમાં વિરોધનો જુવાળ ફાટી નીકળ્યો છે. વિવિધ પ્રદર્શનો દ્વારા દેશ-વિદેશમાં એ ઘટનાનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. જે ખરેખર ભયાવહ અને શરમજનક ઘટના છે. એ પણ એવા દેશમાં ઘટી કે જ્યાં સદીઓથી નારી-શક્તિને પૂજવાની પરંપરા છે. આપણાં પુરાણો, ધર્મગ્રંથો અને ઈતિહાસ એની સાક્ષી પૂરે છે. આ એ જ દેશ છે કે જ્યાં દ્રૌપદીએ ભરી સભામાં તેના ચીરહરણ વખતે મૌન ધારણ કરીને બેઠેલા તેના પતિઓ, વડીલો અને રાજાનો ઊધડો લીધો હતો. આ એ જ ધરતી છે કે જ્યાં સીતા માતાને પણ અયોધ્યામાં પોતાના સતીત્વને પુરવાર કરવા માટે અગ્નિ-પરીક્ષા આપવી પડી હતી. રાણી લક્ષ્મીબાઈએ યુદ્ધભૂમિમાં, માતંગિની હાઝરા અને કસ્તુરબાએ બ્રિટીશ સામે બંડ પોકારતા આઝાદીની ચળવળમાં પોતાના પ્રાણની આહુતિ આપી હતી.

આજે પણ અનેક ઘરોમાં અને મંદિરોમાં દરરોજ દેવીનું માહાત્મ્ય ગાવામાં આવે છે. (જે ચંડી અને સપ્તશતી તરીકે ઓળખાય છે) સાથે જ પોતાના ઉગ્ર સ્વભાવથી જાણીતા મનુ જેમણે મનુસ્મૃતિની રચના કરી હતી, તેમણે એમાં લખ્યું હતું કે જ્યાં મહિલાઓનું સન્માન થાય છે, ત્યાં ભગવાન પણ ખુશ થાય છે.

જોકે ભારતની હાલની સ્થિતિ જોઈને દેવ રાજી થશે? કે જ્યાં ન થી દિલ્હીના નિર્ભયા કેસની ઘટના પ્રકાશમાં આવ્યા બાદથી સખત કાયદા વ્યવન હોવા છતાં પણ બળાત્કારની ઘટનામાં ધરખમ વધારો થયો છે.

સ્ટેટિસ્ટીક્સ પ્રમાણે નમાં બળાત્કારના મામલા પચીસ હજારથી ઓછા હતાં. એના એક દાયકા બાદ એ આંકડો વધીને ન હજાર સુધી પહોંચી ગયો છે. એની અંદર મહિલાઓ વિન અન્ય પણ અપરાધો જેવા કે માનવ તસ્કરી, એસિડ ફેંકવુ અને હત્યાના ગુનાઓ સામેલ છે. નેશનલ ક્રાઇમ રેકોર્ડ્સ બ્યૂરો પ્રમાણે કુલ આંકડા ન સુધી પહોંચી ગયા છે. ભગવાન જાણે હજી તો એવા કેટલાય કેસ છે જેને નોંધવામાં નથી આવ્યા.

વર્તમાનમાં ચાલી રહેલી તપાસમાં આપણને હજી માહિતી મળે, અપરાધીઓને કડક સજા મળે, સખત કાયદો ઘડવામાં આવે, વર્કપ્લેસ પર મહિલાઓની સલામતીને સંબંધિત સખત કાયદાઓનું ચુસ્તપણે પાલન થાય. આનાથી વિશેષ શું હજી કરી શકીએ?

હા, ચોક્કસ પણે તો એનું પાલન થવુ જોઈએ. કાયદો અને એનું પાલન ખૂબ અગત્યનું છે. મહિલાઓને યોગ્ય તાલીમ આપવાની સાથે પુરુષો પણ યોગ્ય વર્તન કરે એ વાત પર પણ આપણે ધ્યાન આપવુ જોઈએ.

દાયકાઓથી આપણે છોકરીઓ અને યુવતીઓને સારી રીતે રહેવાની તાલિમ આપીએ છીએ, પરંતુ એ આપણી ખોટી રીત છે. શું આપણે તેમને નહોતું શીખવાડયું કે યોગ્ય કપડાં પહેરે, જોખમી સ્થાનો પર જવાનું ટાળે અને શાંત રહે, જો કદાચ તે કાંઈ બોલે તો શક્ય છે કે રોષ અને હિંસા ફાટી નીકળે. શું આપણે તેમને શીખવાડ્યુ નહોતું કે અંધારુ થાય એ પહેલા ઘરે આવી જાય. ખરાબ સંગત ન રાખે, શું આપણે તેને શીખવાડયું નહોતું કે જો કેબમાં ટ્રાવેલ કરે તો સગા-સંબંધીઓને કૉલ કરે (ખાસ કરીને પુરુષને) અને જ્યાં સુધી ઘરે ન પહોંચે ત્યાં સુધી તેની સાથે ફોન પર વાત કરતી રહે?

જોકે હવે આપણે એને અલગ વસ્તુઓ શીખવાડવાની રહેશે, જેમ કે સપનાઓ પૂરા કરવા માટે અગ્રેસર રહે, પોતાની જાત માટે અડીખમ ઊભી રહે, ખરાબ વર્તન વિરુદ્ધ અવાજ ઉઠાવવાનો અને પીડિતા હોવાની શરમ છોડી દેવી.

આ સાથે જ સૌથી અગત્યનું એ છે કે આપણે છોકરાઓ અને પુરુષોને પણ શીખવવાનું રહેશે કે ન માત્ર પોતાની માતા કે બહેનો પરંતુ તમામ મહિલાઓનું સન્માન કરે. સાથે જ હલકી કક્ષાના જૉક્સ સાંભળે તો એની વિરુદ્ધ પણ અવાજ ઉઠાવવાનો. કોઈપણ બાબતની અગત્યતા સમજીને એના પર સહમત થવું. જ્યારે પણ સેક્સ્યુઅલ હેરસમેન્ટની ઘટના ધ્યાનમાં આવે તો એની વિરોધમાં દેખાવ કરવો. જો મહિલા તકલીફમાં હોય તો તેને મદદ કરવામાં હિમ્મત દેખાડવી. સદીઓથી સહન કરતી મહિલાઓની પીડાને સમજીને તેમને સમજવાનો પ્રયાસ કરવો જોઈએ. એ વાત પણ અહીં સમજવી જરૂરી છે કે મહિલાઓના સપનાઓ પણ પુરુષો જેવા એક સમાન હોય છે અને તેમને પણ જીવનમાં સફળ થવાનો અધિકાર છે. મહિલાઓની સફળતાથી જ આપણો દેશ પણ વધુ સશક્ત અને સમૃદ્ધ બનશે.

અમારું પણ એવું જ માનવું છે કે ત્યારે જ ભગવાન પણ ખરા અર્થમાં ભારત પર રાજીના રેડ થઈ જશે. ■

---

ફોકસ પ્લસ

પ્રથમેશ મહેતા
feedback@bombaysamachar.com

# બળાત્કાર પીડિત પુરુષને ખરેખર મળે છે કાયદાનો લાભ?



મારો ૧૭ વર્ષનો પુત્ર અચાનક શાંત રહેવા લાગ્યો. હું કંઇ પૂછતી તો તે કંઇ કહેતો નહીં. મને તેની ચિંતા થવા લાગી. ત્યાર બાદ એક દિવસ ઘરે પોલીસ આવી ત્યારે સંપૂર્ણ ઘટના સામે આવી હતી અને તેને શું સહન કરવું પડ્યું તેનો ખ્યાલ પણ આવ્યો.

સંપૂર્ણ હકીકત પ્રકાશમાં આવ્યા બાદ તે ગામ છોડીને જતો રહ્યો અને ફરી અહીં આવવા ઇચ્છતો નથી. આ કહેવું છે એક માનું જેના કિશોર દીકરા સાથે દુષ્કર્મ કરવામાં આવ્યું હતું અને એ પણ સોફ્ટ ડ્રિન્કમાં બેભાન કરવાની દવા મિલાવીને.

આવી જ એક ઘટના ૨૩ વર્ષના યુવક સાથે બની હતી તેના પિતાનું કહેવું છે કે નમારો દીકરો અચાનક ડ્રિપેશનમાં જતો રહ્યો અને તેને ઘણા દિવસ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો. અમને સંપૂર્ણ વાત ત્યારે ખબર પડી જ્યારે તેની સાથે થયેલા દુષ્કર્મનો વીડિયો વાઇરલ થયો.

આ બન્ને ઘટના મેરઠ જિલ્લાના સરુરપુર પોલીસ સ્ટેશનની હદમાં આવેલા એક ગામની છે. ગામનો એક ૩૭ વર્ષીય દુકાનદાર અજિત ચૌહાણ ૧૦થી ૨૩ વર્ષના છોકરાઓને કોઇ પણ બહાને મનાવીને, ફોસલાવીને પોતાના ઘરે લઇ જતો હતો. સોફ્ટ ડ્રિન્કમાં બેભાન કરવાની દવા ભેળવીને તેઓને પીવડાવી દેતો હતો અને તેમની સાથે દુષ્કર્મ આચરતો હતો.

આ દરેક ઘટના તે પોતાના મોબાઇલના કેમેરામાં રૅકોર્ડ પણ કરતો. આ વીડિયો બતાવીને બ્લેકમેઇલ કરતો અને તેમની સાથે વારંવાર સેક્સ કરતો તથા પૈસા પણ પડાવતો.

એક પીડિતે જ્યારે વીડિયો લીક કર્યો ત્યારે આ સંપૂર્ણ પ્રકરણ પ્રકાશમાં આવ્યું હતું અને અનેક છોકરાઓ સાથે થયેલા સૃષ્ટિ વિરુદ્ધના કૃત્યનો મામલો પ્રકાશમાં આવ્યો હતો. અજિત ચૌહાણની પોક્સો એક્ટ અને અન્ય કલમો હેઠળ ધરપકડ કરાઇ છે.

**સંપૂર્ણ વાતનો સાર એ કે પુરુષો સાથે પણ બળાત્કાર થાય છે. આઈપીસીની જગ્યાએ જે ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ) લાવવામાં આવી છે તે પુરુષો વિરુદ્ધની જાતીય સતામણીના અપરાધોને માન્યતા આપતી નથી, કારણ કે કલમ ૩૭૭ને દૂર કરવામાં આવી છે.**

સંપૂર્ણ વાતનો સાર એ કે પુરુષો સાથે પણ બળાત્કાર થાય છે. આઇપીસીની જગ્યાએ જે ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ) લાવવામાં આવી છે તે પુરુષો વિરુદ્ધની જાતિય સતામણીના અપરાધોને માન્યતા આપતી નથી, કારણ કે કલમ ૩૭૭ને દૂર કરવામાં આવી છે.

ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓની વાત કરીએ તો તેઓ ફક્ત ટ્રાન્સજેન્ડર એક્ટ, ૨૦૧૯નો સહારો જ લઇ શકે છે જેના હેઠળ મહિલા બળાત્કાર સંબંધિત કાયદાની સરખામણીમાં બહુ ઓછી સજા છે.

ઘણાં વર્ષોથી પુરુષો કલમ ૩૭૭નો જ સહારો લેતા આવ્યા છે અને આ કાયદા હેઠળ નોંધાવવામાં આવેલા કેસને પણ નજરઅંદાજ ન કરી શકાય.

એલજીબીટીક્યુ એક્ટિવિસ્ટ હરીશ ઐયર જણાવે છે કે ૯૦ના દાયકામાં તેઓ એક સર્વાઇવર (પીડિત)ના રૂપમાં સામે આવ્યા ત્યારે તેઓ એકલા જ હતા, પરંતુ હવે ઘણા લોકો સામે આવ્યા છે તેથી જૂના બહાના કામ આવતા નથી.

કલમ ૩૭૭ હેઠળ સૌથી વધુ કેસ અસહમતીથી સેક્સના છે અને તેના હેઠળ સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્યના કેસ પણ નોંધવામાં આવે છે. ટ્રાન્સ સમુદાયમાં સૌથી મોટો મુદ્દો જાતિય હિંસાનો છે.

ટ્રાન્સજેન્ડર એક્ટ હેઠળ જો આ પ્રકરણે ગુનો નોંધવામાં આવે તો સજા બહુ ઓછી થાય છે.

આ સિવાય આ એક્ટ હેઠળના ગુનાઓ જામીનપાત્ર છે અને પોલીસ તાત્કાલિક એફઆઇઆર પણ નોંધી શકે નહીં.

આરોપીની ધરપકડ બાદ તાત્કાલિક તેને પોલીસ અથવા મેજિસ્ટ્રેટથી જામીન મળી જાય છે. તેનાથી પીડિત સામે જોખમ વધી જાય છે. કલમ ૩૭૭ હતી ત્યારે પણ ફરિયાદ નોંધાવવા જવામાં મુશ્કેલી હતી, કારણ કે પોલીસ આવા કેસને ગંભીરતાથી લેતી નથી. પોલીસ સ્ટેશનમાં પીડિત પુરુષની હાંસી ઉડાવવામાં આવે છે.

પુરુષો વિરુદ્ધ થતી જાતીય સતામણીના કેસ માટે નવા કાયદાની જરૂર નથી, પણ બીએનએસમાં નમહિલાથની જગ્યાએ નવ્યક્તિથ કરી દેવામાં આવે. ત્યારે પુરુષોને પણ ન્યાય મળવા લાગશે.

સરકારની જવાબદારી છે કે તમામ નાગરિકોને જાતીય સતામણી સામે સુરક્ષા પ્રદાન કરે. આ બંધારણીય અધિકાર છે અને તેને જ નજરઅંદાજ કરવામાં આવી રહ્યો છે. ■

---



'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| तंटा | છારી |
| तंबी | ગોઠવણ |
| तक्रार | કજિયો |
| तरतूद | ફરિયાદ |
| तवंग | ધમકી |

## ઓળખાણ પડી?



બોમ્બે સ્ટોક એક્સચેન્જના ઈતિહાસમાં પ્રમુખપદે બિરાજમાન પ્રથમ ગુજરાતી મહિલાની ઓળખાણ પડી? ફાઇનાન્સ ક્ષેત્રે માતબર યોગદાન આપ્યું છે.

અ) અંજલિ મહેતા બ) પદ્મજા રૂપારેલ ક) રાધિકા પટેલ ડ) દીના મહેતા

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ હ | ૨ મ | સ | ફ | ૩ ર | | ૪ શિ | ૫ રા | ૬ મ | ણ |
| દ | | | | ૮ ગ | ૯ બો | | ૧૦ જ | ટ | |
| ૧૧ પા | ન | ૧૨ પ | ટ્ટી | | ૧૩ લ | ગા | વ | | ૧૪ છા |
| ર | | રં | | ૧૫ રા | બ | | ણ | | ન |
| | ૧૬ શા | પ | | ૧૭ ખ | ચ્ચ | ર | | ૧૮ સા | ગ |
| ૧૯ શ | | રા | | ૨૦ ડી | ન | | ૨૧ સા | ર | પ |
| બ | | ૨૨ ગ | ૨૩ તિ | | | ૨૪ ન | | | તિ |
| ૨૫ વ | ૨૫અ ખ | ત | સ | ૨૬ ર | | ૨૭ વ | ર | | યાં |
| ૨૮ ત | ર | | | ૨૯ મ | ૩૦ લા | જો | | ૩૧ બા | |
| | ૩૨ ચા | લ | ચ | લ | ગ | ત | | ૩૩ ગ | લી |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ૪ | | | ૫ | | ૬ |
| | | ૭ | | | | ૮ | | | |
| | ૯ | | ૧૦ | | | ૧૧ | | | |
| ૧૨ | | ૧૩ | | | ૧૪ | | | ૧૫ | |
| | | | | ૧૬ | | ૧૭ | ૧૮ | | ૧૯ |
| ૨૦ | | | | ૨૧ | ૨૨ | | | | |
| | | ૨૩ | ૨૪ | | ૨૫ | | | | |
| ૨૬ | | | ૨૭ | ૨૮ | | | | ૨૯ | |
| | | | ૩૦ | | | ૩૧ | | ૩૨ | ૩૩ |
| ૩૪ | | | | | | ૩૫ | | | |

### આડી ચાવી

૧. ગણેશ મહોત્સવ શરૂ થાય (૬)
૫. પારસીઓના બેસતા વર્ષનો તહેવાર (૩)
૭. લક્ષ્મીજીનું આસન, ફૂલ (૩)
૮. ગૌર વર્ણવાળી (૨)
૧૦. ચણા (૨)
૧૧. શહેરી યાતાયાતનું સાધન (૨)
૧૨. બેજોડ (૪)
૧૪. ભવિષ્ય (૨)
૧૭. હિંદુ ધર્મ --- છે. (૪)
૨૦. તડ, ફાટ, ચીરો (૩)
૨૧. પ્રાપ્તિ, કમાણી (૪)
૨૩. બંધ કરે (૨)
૨૫. લગ્નમાં પાનમાં પીરસાતું વ્યંજન (૩)
૨૬. ત્રાજવું, એક રાશિ (૨)
૨૭. ફોટો પાડો (૩)
૩૦. શ્રાવણ વરસે (૪)
૩૨. મનની ઈચ્છા, ઉમેદ, વિચાર (૨)
૩૪. યોગનું એક આસન (૪)
૩૫. નખરાં (૪)

### ઊભી ચાવી

૧. ગાંઠ, ગુમડું, ગડી (૨)
૨. શંકા, સંવત (૨)
૩. એક બંગાળી મીઠાઈ (૪)
૪. સરખામણી (૩)
૫. કસોટી, પરખ (૩)
૬. ત્રાંસી (૩)
૮. ગણેશ વિસર્જન પહેલાં --- થાય (૨,૪)
૯. માનવકુળના ઉત્પાદક (૨)
૧૨. ગણેશ વિસર્જનનો દિવસ (૩,૪)
૧૩. ચોરને --- દોડો (૪)
૧૫. ઝટકો, ઘા, ખૂન (૨)
૧૬. બીક, ડર (૨)
૧૮. નાની (લાડમાં) (૩)
૧૯. ચેનચાળા (૩)
૨૨. જાણીતા લોકોના ફોટા લેતા સ્વતંત્ર ફોટોગ્રાફર (અં.) (૪)
૨૪. ડાયાબિટીસવાળાને સાકરને બદલે અપાય (૪)
૨૮. મેડમનું ટૂંકું રૂપ (૨)
૨૯. પિસ્તોલનું દેશી રૂપ (બ.વ.) (૩)
૩૧. ધમાલ થાય, શોર --- (૨)
૩૩. આપણે ભણતા (૨)

## ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. કોઈ ભાઈના જમાઈના દીકરાની મમ્મી ભાઈને શું કહી બોલાવે એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) દાદા બ) કાકા ક) પપ્પા ડ) મામા

## જાણવા જેવું

શિવપાર્વતીએ તેમના પુત્રો સ્કંદ કાર્તિકેય અને ગણપતિ એ બેમાંથી જે પૃથ્વીની પ્રદક્ષિણા કરી વહેલો આવી મળે તેને પહેલો પરણાવવાનું કહ્યું. સ્કંદ તેમના વાહન મયૂર પર પૃથ્વી પ્રદક્ષિણાએ નીકળ્યા. ગણપતિએ માતાપિતાની પ્રદક્ષિણા કરી કહ્યું કે 'મારી પૃથ્વી પરિક્રમા થઈ ગઈ.' માતા પિતા એ પૃથ્વીનું સ્વરૂપ છે એ શાસ્ત્ર વચન અનુસાર ગણપતિનું કહેવું યથાર્થ હતું. ગણેશની આ બુદ્ધિમત્તાથી પ્રસન્ન થયેલાં શિવપાર્વતીએ ગણેશનો વિવાહ બ્રહ્માજીની પુત્રીઓ સિદ્ધિ અને બુદ્ધિ સાથે કરી આપ્યો.

## સુડોકુ-૬૦૮૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૫ | | ૯ | | ૩ | | ૨ | ૧ |
| | ૩ | | | | | | ૬ | |
| ૪ | | | ૬ | ૧ | ૮ | | | ૯ |
| | | | ૨ | | ૪ | | | |
| ૨ | | ૪ | | | | ૭ | | ૩ |
| | | | ૭ | | ૯ | | | |
| ૫ | | | ૩ | ૯ | ૨ | | | ૮ |
| | ૨ | | | | | | ૯ | |
| ૯ | ૬ | | ૮ | | ૭ | | ૧ | ૫ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૬૦૭૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૯ | ૨ | ૬ | ૮ | ૭ | ૫ | ૪ | ૩ |
| ૫ | ૭ | ૩ | ૪ | ૧ | ૨ | ૯ | ૬ | ૮ |
| ૮ | ૬ | ૪ | ૯ | ૩ | ૫ | ૭ | ૨ | ૧ |
| ૯ | ૮ | ૫ | ૭ | ૬ | ૪ | ૧ | ૩ | ૨ |
| ૪ | ૨ | ૬ | ૩ | ૯ | ૧ | ૮ | ૫ | ૭ |
| ૭ | ૩ | ૧ | ૨ | ૫ | ૮ | ૪ | ૯ | ૬ |
| ૨ | ૫ | ૭ | ૧ | ૪ | ૩ | ૬ | ૮ | ૯ |
| ૩ | ૪ | ૯ | ૮ | ૭ | ૬ | ૨ | ૧ | ૫ |
| ૬ | ૧ | ૮ | ૫ | ૨ | ૯ | ૩ | ૭ | ૪ |

## ચતુર આપો જવાબ

### માથું ખંજવાળો

'ધ માઉસ ટ્રેપ' સહિત ઘણા રહસ્ય અને રોમાંચથી ભરપૂર નાટક અને નવલકથાના બ્રિટિશ સર્જકનું નામ આપેલા વિકલ્પમાંથી શોધી કાઢો.

અ) Gillian Flynn બ) Virginia Wolf ક) Jane Austen ડ) Agatha Christie

## નોંધી રાખો

શ્વાસ હૃદયને ધબકતું રાખે છે અને વિશ્વાસ જીવનને. વિશ્વાસ સમુદ્રની ઊંડાઈ જેવો હોય છે જેની ઊંડાઈ તમારા વિચારો અને ઈમાનદારી પર નિર્ભર છે.

## માઈન્ડ ગેમ

૨૦૨૧માં કરવામાં આવેલા સર્વે અનુસાર વિશ્વના કયા દેશમાં સ્ત્રી સાક્ષરતા દર સૌથી વધુ છે એ અહીં આપેલા વિકલ્પમાંથી શોધી કાઢો.

અ) જર્મની બ) તાઈવાન ક) સિંગાપોર ડ) રોમાનિયા

## ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| कमाल | મહત્તમ |
| करंजी | મીઠાઈના ઘૂઘરા |
| करंटी | ખોપરી |
| करपणे | કરમાવું |
| किमान | લઘુતમ |

ગુજરાત મોરી મોરી રે
ભાવિના પટેલ

ઓળખાણ પડી?
અવની લેખરા

માઈન્ડ ગેમ
સેલી રાઈડ

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
વી. એસ. રામદેવી

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) સુરેખા દેસાઈ (૩) ડો. પ્રકાશ કટકિયા (૪) ભારતી પ્રકાશ કટકિયા (૫) ભારતી બુચ (૬) નીતા દેસાઈ (૭) મુલરાજ કપૂર (૮) કિશોરકુમાર જીવણદાસ વેદ (૯) ધીરેન્દ્ર ઉદેશી (૧૦) પ્રતિમા પમાણી (૧૧) શીરીન ઔરંગાબાદવાલા (૧૨) તાહેર ઔરંગાબાદવાલા (૧૩) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૧૪) લજિતા ખોના (૧૫) વિભા મહેશ્વરી (૧૬) શ્રદ્ધા આશર (૧૭) ખુશરૂ કાપડિયા (૧૮) નિખિલ બંગાળી (૧૯) અમીશી બંગાળી (૨૦) મીનળ કાપડિયા (૨૧) કિશોર બી. સંઘરાજકા (૨૨) પુષ્પા પટેલ (૨૩) જ્યોતિ ખાંડવાલા (૨૪) મહેન્દ્ર લોઢાવિયા (૨૫) મનીષા શેઠ (૨૬) ફાલ્ગુની શેઠ (૨૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૮) જ્યોત્સના ગાંધી (૨૯) રમેશ દલાલ (૩૦) હિના દલાલ (૩૧) ઈનાક્ષી દલાલ (૩૨) હર્ષા મહેતા (૩૩) મહેશ દોશી (૩૪) જગદીશ ઠક્કર (૩૫) અરવિંદ કામદાર (૩૬) પ્રવીણ વોરા (૩૭) અંજુ ટોલિયા (૩૮) ભાવના કર્વે (૩૯) વિણા સંપટ (૪૦) રજનીકાંત પટવા (૪૧) સુનીતા પટવા (૪૨) નિતીન બજરિયા (૪૩) કલ્પના આશર (૪૪) દેવેન્દ્ર સંપટ (૪૫) પુષ્પા ખોના

# રાહુલ ગાંધીનો અનામત વિરોધી ચહેરો બેનકાબઃ એકનાથ શિંદે



મુંબઈઃ મહારાષ્ટ્રમાં મરાઠા અનામત અને ઓબીસી-દલિત ક્વોટા અંતર્ગત મરાઠા અનામત આપવાના મુદ્દે ગજગ્રાહ ચાલી રહ્યો છે ત્યારે કૉંગ્રેસના નેતા તેમ જ લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ વિદેશમાં જઇને ભારત વિશે કહેલી વાતોની ચર્ચા ચાલી રહી છે. રાહુલ ગાંધીએ અમેરિકામાં અનામતના મુદ્દે કરેલી ટિપ્પણીને પગલે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ રાહુલ ગાંધીની ટીકા ટીકા કરી હતી અને રાહુલ ગાંધીનો અનામત વિરોધી ચહેરો સામે આવ્યો હોવાનું કહ્યું હતું.

શિંદેએ રાહુલ ગાંધીની ટીકા કરતા જણાવ્યું હતું કે લોકસભાના વિરોધપક્ષના નેતા દેશની બહાર જઇને વિદેશની ધરતી પર દેશ વિરુદ્ધ ઝેર ઓકે છે અને ધર્મ અને જાતિના નામે રાજકારણ કરવાની તો કૉંગ્રેસની આદત છે. જ્યારે પણ રાહુલ ગાંધી વિદેશ જાય છે ત્યારે તે દેશ વિરુદ્ધ ઝેર ઓકે છે. દેશ રાહુલ ગાંધીના નીમ્ન કક્ષાની વિચારધારા સાથે ક્યારેય સંમત નહીં થાય. ધર્મ અને જાતિના નામે રાજકારણ કરવાની કૉંગ્રેસની જૂની આદત છે.

બંધારણ વિશે રાહુલ ગાંધીએ આપેલા નિવેદનના મુદ્દે ટીકા કરતા શિંદેએ કહ્યું હતું કે બંધારણ અને અનામતના નામે લોકોમાં ભ્રમ ફેલાવવો એ હવે ફેશન બની ગયું છે. હવે લોકોની સામે રાહુલ ગાંધીનો અનામત વિરોધી ચહેરો સામે આવી ગયો છે. ■

### રાહુલ ગાંધીના ક્યા નિવેદન પર વિવાદ?

રાહુલ ગાંધી હાલ અમેરિકાના પ્રવાસે છે અને તેમણે જ્યોર્જટાઉન યુનિવર્સિટીમાં આપેલા સંબોધન દરમિયાન જણાવ્યું હતું કે કૉંગ્રેસ ભારતમાં અનામત ખતમ કરવા વિશે વિચારશે. તેમણે કહ્યું હતું કે ભારતમાં ન્યાયી સમાજવ્યવસ્થા સ્થપાય તો નિષ્પક્ષ રાજ્ય બની જાય તો કૉંગ્રેસ અનામતનો અંત લાવવા વિશે વિચારશે. જોકે અત્યારે એ પરિસ્થિતિ નથી. ■


# કોસ્ટલ રોડના ત્રાસથી વીફર્યા બ્રીચ કૅન્ડીના રહેવાસીઓ

મુંબઈઃ કોસ્ટલ રોડ મુંબઈના વિકાસમાં અમૂલ્ય ફાળો છે, પણ અહીંના પોશ વિસ્તાર ગણાતા બ્રીચ કૅન્ડીના રહેવાસીઓ માટે ટ્રાફિકનું હોટ સ્પોટ બની ગયું છે. આ વિસ્તારના રહેવાસીઓ સતત થતી વાહનોની અવરજવરને કારણે ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે. મલબાર હિલ, નેપિયન સી રોડ, ગ્રાન્ટ રોડ, કેમ્પ્સ કોર્નર, પેડર રોડ અને ગિરગાંવ ચોપાટી જેવા વિસ્તારોમાંથી ટ્રાફિક બ્રીચ કેન્ડીથી પસાર થાય છે, જે પરિસ્થિતિને વધુ ખરાબ કરે છે. ખાસ કરીને વીઆઈપીઓની હિલચાલ રહેવાસીઓની હતાશામાં વધારો કરી રહી છે. બ્રીચ કેન્ડી વિસ્તારની સાંકડી ગલીઓ અને ઉપરથી દુકાનો, શાળાઓ અને હોસ્પિટલને કારણે ગીચ બની ગઇ છે. ■

# દસ મહિનાની જિનલ ભટ્ટ સખત પીડામાં, સારવાર માટે સહાય જરૂરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ તમારા શરીરમાં રોગપ્રતિકારક શક્તિ કામ ન કરતી હોય ત્યારે તમે તાવમાં પટકાય જાવ કે પછી અન્ય બીમારી તમને ગ્રસી જતી હોય છે, પણ જો જન્મજાત જ જો તમારા શરીરમાં ઈમ્યુનિટી પાવરનો અભાવ હોય તો અને ખર્ચો લાખો રૂપિયાનો થતો હોય તો શું કરવું? જામનગરની દસ મહિનાની જિનલ મેહુલ ભટ્ટ આ બીમારીથી પીડાઈ રહી છે.



જામનગરમાં રહેતી જિનલના પિતાની પાનની દુકાન છે. જિનલને જન્મથી જ બીમાર રહેતી હોવાથી જિનલના પિતા મેહુલભાઈએ અનેક ઉપચાર કરાવ્યા છતાં એમાં કોઇ ફરક ન પડ્યો. ઈમ્યુનિટી પાવર ઓછો હોવાને કારણે અનેક ઈન્ફેક્શન અને વાઈરસ તેમ જ ટીબી અને કેન્સરના કણો શરીરમાં પ્રવેશી જવાને કારણે ઘણી બધી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો જિનલે.

જિનલના સ્વાસ્થ્યમાં હાલમાં જોકે ઘણો ફરક છે. તેને થયેલા વાઈરસ અને ટીબી તેમ જ કેન્સરનો ભય હવે નથી રહ્યો, પણ ડોક્ટરોના મતે તેનામાં ઈમ્યુનિટી પાવર પાછો લાવવો હોય તો તેને બોર્નમેરૉ ટ્રાન્સપ્લાન્ટની જરૂર પડે એમ છે.

આ અંગે જિનલના પિતા મેહુલભાઈએ મુંબઈ સમાચારને કહ્યું હતું કે 'અમે સાધારણ પરિવારમાંથી આવીએ છીએ. મારી દીકરીને જ્યારે જામનગરમાં અનેક ઉપચાર કરાવ્યા પછી પણ કોઇ ફરક ન પડ્યો ત્યારે મુંબઈમાં આવેલી મહાલક્ષ્મીસ્થિત એસઆરસીસી હોસ્પિટલમાં ચાર મહિના પહેલાં સારવાર અર્થે દાખલ કરી હતી. જિનલને લઇને આવ્યા ત્યારે તેનામાં ૧૨ લાખથી વધુ ઈન્ફેક્શન હતાં. આજે ૧૪૦૦ જેટલાં જ ઈન્ફેક્શન રહ્યાં છે, પણ તેને બોર્નમેરૉ ટ્રાન્સપ્લાન્ટ કરાવવાની સલાહ ડોક્ટરે આપી છે.'

અત્યાર સુધી અમે જિનલની સારવાર પાછળ રૂ. ૧૧ લાખ રૂપિયા હોસ્પિટલમાં ચૂકવી દીધા છે અને ૩ લાખ રૂપિયા આપવાના બાકી છે. એમાં પણ હવે ઈમ્યુનિટી પાવર પાછો મેળવવા માટે ડોક્ટરોએ બોર્નમેરૉ ટ્રાન્સપ્લાન્ટ કરવાની સલાહ આપી છે, જેનો ખર્ચ ૧૭.૫૨ લાખ રૂપિયા કહેવામાં આવ્યો છે. આમ તો ટાટા હોસ્પિટલે અમને ૯ લાખ રૂપિયા આપવાની બાંયધરી આપી છે, પણ હજી સુધી અમને કોઇ રકમ મળી નથી. જિનલને બોર્નમેરૉ ટ્રાન્સપ્લાન્ટ કરાવવા માટે થતા ખર્ચને પહોંચી વળવા માટે જિનલના પિતાએ મદદ કરવા માટેની અપીલ કરી છે. જિનલને સહાય કરવા માગતા હોવ તો તમે હોસ્પિટલના સ્ટેટ બેંકના કરન્ટ ખાતા નંબર ૩૮૦૦૩૨૬૯૫૫૯માં જમા કરાવી શકે છે. બેંકનો આઈએફએસસી કોડ 'SBIN 0001154' અને સ્વિફ્ટ કોડ 'SBININBB 837' છે. ■

# મુંબઈના ૭૦૨ કિ.મી.ના રસ્તાની ગુણવત્તાની જવાબદારી આઇઆઇટીની

મુંબઈઃ મુંબઈમાં રસ્તાઓના ખાડાઓ એ એક મોટી સમસ્યા છે ત્યારે શહેરના રસ્તાઓની ગુણવત્તા કેવી છે તેની ચકાસણી કરવા માટે મુંબઈ મહાનગરપાલિકા દ્વારા આઇઆઇટી(ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી) બૉમ્બેની નિમણૂંક કરવામાં આવી હતી.

આ માટે પાલિકા અને આઇઆઇટી બૉમ્બે વચ્ચે એમઓયુ(મેમોરેન્ડમ ઑફ અંડરસ્ટેન્ડિંગ) બાદ હવે સિમેન્ટ કોંક્રીટના બનાવવામાં આવેલા રસ્તાઓની ગુણવત્તા કેવી છે હવે તેની ચકાસણી આઇઆઇટી બૉમ્બેની એક સમર્પિત સમિતિ દ્વારા કરવામાં આવશે.

શહેરના ૭૦૧ કિલોમીટર લાંબા રસ્તાઓની ગુણવત્તા કેવી છે તેની ચકાસણી આઇઆઇટી બૉમ્બે દ્વારા કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે પાલિકા દ્વારા શહેરમાં ૭૦૧ કિલોમીટર રસ્તાઓના સિમેન્ટ-કોંક્રીટીકરણનું કામ શરૂ કરવામાં આવ્યું છે. પહેલા તબક્કામાં ૩૯૨ કિલોમીટર રસ્તા અને ત્યાર પછીના તબક્કામાં ૩૦૯ કિલોમીટરના રસ્તાઓનું કામ હાથ ધરવામાં આવશે.

ચકાસણી માટે આઇઆઇટી બૉમ્બે ક્યુબ ટેસ્ટ, કોર ટેસ્ટ, સ્લમ્પ કોન ટેસ્ટ, ડ્યુરેબિલિટી ટેસ્ટ અને ફિલ્ડ ડેન્સિટી ટેસ્ટ હાથ ધરવામાં આવશે. ■

# ૧૧ વર્ષની બાળકીનો વિનયભંગ

થાણેઃ થાણેમાં એક વ્યક્તિએ ૧૧ વર્ષની બાળકીનો કથિત વિનયભંગ કર્યો હતો. સોમવારે રાતે ચિતલસર માનપાડા વિસ્તારમાં બાળકી તેના ઘરની બહાર રમી રહી હતી ત્યારે આ ઘટના બની હતી. ૨૪ વર્ષીય આરોપીએ બાળકીને અમુક લાલચ આપીને પાસે બોલાવી હતી અને તેનો વિનયભંગ કર્યો હતો.

કાપુરબાવડી પોલીસે પોક્સો અને અન્ય કલમો હેઠળ આરોપી સામે ગુનો નોંધ્યો હતો. (પીટીઆઇ) ■

# હું થાકી ગયો છું...

*બાંદ્રામાં છઠ્ઠા માળેથી મોતની છલાંગ લગાવતાં પહેલાં મલાઈકા અરોરા અને તેની બહેન અમૃતાને તેમના સાવકા પિતા અનિલ મહેતાએ ફોન કરીને આમ કહ્યું હતું : તેઓ ડિપ્રેશનથી પીડાતા હતા : ન સુસાઈડ નોટ મળી છે કે ન નજીકનાઓ માને છે કે આ આપઘાત છે : જોકે પોલીસ અત્યારે તો આત્મહત્યા છે એ દિશામાં જ કામ કરી રહી છે*



અભિનેત્રી મલાઇકા અરોરા તેના પિતા અનિલ મહેતા, માતા જૉયસ પોલીકાર્પ, બહેન અમૃતા અરોરા સાથે.

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ફિલ્મ અભિનેત્રી અને મૉડેલ મલાઇકા અરોરાના સાવકા પિતા અનિલ મહેતાએ બુધવારે સવારે બાંદ્રા વિસ્તારમાં ઇમારતના છઠ્ઠા માળેથી ઝંપલાવીને જીવન ટૂંકાવ્યું હતું. અનિલ મહેતાએ આત્મહત્યા કરતાં ફિલ્મજગતને મોટો આંચકો લાગ્યો હતો. પોલીસને ઘટનાસ્થળેથી કોઇ સુસાઇડ નોટ મળી આવી ન હોવાથી અનિલ મહેતાના અંતિમ પગલાં પાછળનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે કૂપર હોસ્પિટલમાં મોકલ્યા બાદ પોલીસે આ પ્રકરણે એડીઆર દાખલ કરીને વધુ તપાસ આદરી હતી. જોકે નજીકના સૂત્રોના જણાવ્યાનુસાર આ આત્મહત્યાનો કિસ્સો નથી લાગતો. અલબત્ત, પોલીસનું માનવું છે કે આ આપઘાતનો જ મામલો છે અને તેઓ છેલ્લા થોડા સમયથી ડિપ્રેશનથી પીડાઈ પણ રહ્યા હતા.



અનિલ મહેતાએ જ્યાંથી કથિત આત્મહત્યા કરી તે બિલ્ડિંગમાં તપાસ કરતા અધિકારીઓ. (અમય ખરાડે)

અનિલ મહેતાએ બુધવારે સવારે આત્મહત્યા કરવા અગાઉ મલાઇકા અને અમૃતાને કૉલ કર્યો હતો, એવું સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું. અનિલ મહેતાએ ફોન પર બંનેને કહ્યું હતું કે 'હું થાકી ગયો છું.' મલાઇકા બુધવારે પુણેમાં હતી અને સાવકા પિતાના મૃત્યુ વિશે જાણ થયા બાદ તે મુંબઈ આવી પહોંચી હતી.



પિતાના મૃત્યુના સમાચાર બાદ મલાઈકા તાત્કાલિક ઘરે પહોંચી હતી

પોલીસના જણાવ્યા અનુસાર બાંદ્રા પશ્ચિમમાં આયેશા મનોર ઇમારત ખાતે બુધવારે સવારે ૧૦.૩૦ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી. અનિલ મહેતા તેમના પરિવાર સાથે ઇમારતના છઠ્ઠા માળે આવેલા ફ્લેટમાં રહેતા હતા, જ્યાંથી તેમણે નીચે ઝંપલાવ્યું હતું. ઘાયલ અવસ્થામાં મહેતાને સારવાર માટે તાત્કાલિક ભાભા હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરોએ તપાસીને તેમને મૃત જાહેર કર્યા હતા.

દરમિયાન બનાવની જાણ થતાં બાંદ્રા પોલીસ સ્ટેશનના અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પોલીસે ઘટનાસ્થળે પંચનામું કરીને ઇમારત પરિસરનું વીડિયો રેકોર્ડિંગ પણ કર્યું હતું, જ્યાંથી મૃતદેહ મળ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ઘટના સમયે મહેતા અને મલાઇકાની માતા જોયસ પોલીકાર્પ ઘરમાં હાજર હતાં. બંને જણ સાથે બેઠાં હતાં અને મહેતા અખબાર વાંચી રહ્યા હતા. મહેતા ઊભા થયા હતા અને ઘર સાથેની અગાશી પર ગયા હતા. મહેતા પાછા ન ફરતાં જોયસ તેમને જોવા માટે ગઇ હતી, જ્યાં તેમના સ્લિપર દેખાયા હતા. જોયસે અગાશી પરથી નીચે ડોકિયું કરતાં નીચે મહેતા નજરે પડ્યા હતા અને સિક્યુરિટી ગાર્ડ મદદ માટે બૂમો પાડી રહ્યો હતો.



અનિલ મહેતાના મૃત્યુ બાદ સલીમ ખાન અને સોહેલ ખાન તેમના ઘરે પહોંચ્યા હતા

સિક્યુરિટી ગાર્ડે પોલીસને જણાવ્યું હતું કે જોરથી કશુંક પડવાનો અવાજ સાંભળતાં તે ઘટનાસ્થળે દોડી આવ્યો હતો, જ્યાં મહેતા ઘાયલ અવસ્થામાં તેમને મળી આવ્યા હતા. પોલીસે ઘટનાસ્થળના સીસીટીવી કેમેરા તપાસ્યા હતા, જેમાં મહેતા જમીન પર પટકાતાં નજરે પડે છે. સીસીટીવી કેમેરા ગ્રાઉન્ડ ફ્લોટ પર બેસાડાયા છે અને એ કેમેરા ઉપરના ફ્લોર કે અગાશીને કવર નથી કરતાં. બીજી તરફ જોયસે પોતાના નિવેદનમાં આપેલા ઘટનાક્રમ મુજબ મહેતા વારંવાર ડિપ્રેશનમાં સરી પડતાં, પણ પછી નોર્મલ પણ થઇ જતા. જોકે જોયસ હજી આઘાતમાં હોવાને કારણે તેનું વિગતવાર નિવેદન પછીથી નોંધવામાં આવશે.

એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે ગયા વર્ષે પ્રલંબ બીમારી માટે ઘણી દવાઓ મહેતાએ લેવી પડી હતી. ઝોન-૯ના ડીસીપી રાજતિલક રોશને જણાવ્યું હતું કે અમે તપાસ કરી રહ્યા છીએ અને એમાં તમામ પાસાંઓ વિગતે આવરી લેવાયાં છે. પ્રથમદર્શી રીતે આ આત્મહત્યાનો મામલો લાગે છે. પ્રાથમિક તપાસ મુજબ વર્ષોથી છૂટા પડી ગયેલા મહેતા અને જોયસ હમણાં થોડા સમયથી સાથે રહેતાં હતાં અને મહેતાને મલાઇકા માટે ઘણી લાગણી હતી.

દરમિયાન સૂત્રોએ જણાવ્યું હતું કે એ વાત સાચી છે કે મલાઇકાના સાવકા પિતા બુધવારે સવારના મૃત્યુ પામ્યા હતા, પણ તેમણે આત્મહત્યા કરી નથી. તે એક અકસ્માત છે. તેઓ બધા આઘાતમાં છે, કારણ કે તેમને કોઇ બીમારી નહોતી. ■

### કોણ હતા અનિલ મહેતા?

૨૨ ફેબ્રુઆરી, ૧૯૬૨એ જન્મેલા અનિલ મહેતા પંજાબના સરહદી શહેર ફાઝિલ્કાના રહેવાસી હતા અને ધર્મે પંજાબી હિંદુ હતા. તેઓ ભારતીય મર્ચન્ટ નેવીમાં કામ કરતા હતા. મલાઇકાની માતા જોયસ પોલીકાર્પ મલયાલી ખ્રિસ્તી છે. મલાઇકાનાં માતા-પિતા લાઇમલાઇટથી દૂર રહેતાં હતાં. ■



અર્જુન કપૂર પણ ઘટનાસ્થળે પહોંચ્યો હતો.

## ...જ્યારે મલાઇકાએ માતા અને પિતાના છૂટાછેડાની વાત કરી હતી

મુંબઈઃ અભિનેત્રી મલાઇકાએ પોતે જ્યારે માત્ર ૧૧ વર્ષની હતી અને બહેન અમૃતા છ વર્ષની હતી ત્યારે તેનાં માતા-પિતાએ છૂટાછેડા લઇ લેતાં તે કેવી મુશ્કેલીઓમાંથી પસાર થઇ હતી એ વિશે ૨૦૨૨માં વાત કરી હતી.

મલાઇકાએ જણાવ્યું હતું કે મારું બાળપણ ખૂબ સુંદર હતું, પરંતુ તે સરળ નહોતું. વાસ્તવમાં હું તેને વર્ણવવા માટે જે શબ્દોનો ઉપયોગ કરીશ તે તોફાની છે. જોકે મુશ્કેલ સમય તમને મહત્ત્વપૂર્ણ પાઠ પણ ભણાવે છે.

મલાઇકાએ ખુલાસો કર્યો હતો કે છૂટાછેડા બાદ મારી માતા અમે બંને બહેનને લઇ થાણેથી ચેમ્બુર રહેવા માટે આવી હતી. તેણે એ પણ શૅર કર્યું હતું કે કેવી રીતે તેણે એ સમય દરમિયાન પોતાનું સંયમ જાળવી રાખ્યું હતું. તેણે આસપાસના સંજોગોને જોયા, સમજ્યા અને તે મુજબ તેને અનુરૂપ થઇ.

તેણે વધુમાં ઉમેર્યું હતું કે મારાં માતા-પિતાના અલગ થવાથી મેં મારી માતાને નવી દ્રષ્ટિથી જોઇ હતી. શરૂઆતમાં શીખેલા આ બોધ મારા જીવન અને વ્યાવસાયિક સફરનો પાયો છે. ■

### વરુણ ધવન મીડિયા પર તાડૂક્યો

મલાઇકા અરોરાના પિતા અનિલ મહેતાએ બુધવારે છઠ્ઠા માળેથી ઝંપલાવીને આત્મહત્યા કર્યા બાદ વરુણ ધવન મીડિયા પર રીતસરનો રોષે ભરાયો હતો. તેણે પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર લખ્યું હતું કે કોઇ પણ પીડિત વ્યક્તિને કેમેરાની સામે દેખાડવી એ ખરેખર ક્ષોભનીય છે. હું જાણું છું કે કોઇ માટે એ કામ છે, પણ ક્યારેક એ બીજી વ્યક્તિને અસહજતાનો અનુભવ કરાવે છે. વરુણે છેવટે બે હાથ જોડીને ઈમોજીની સાથે હેશટેગ 'માનવતા'ને પણ જોડ્યું હતું. ■



વિદાય...ગણેશોત્સવના પાંચમા દિને પણ બાપ્પાનું ધૂમધામથી વિસર્જન કરવામાં આવ્યું હતું. તસવીરમાં ગેટવે ઓફ ઈન્ડિયા પર ગણરાયાને વિદાય આપતું બાળક નજરે પડે છે. ગઈ કાલે સાંજે છ વાગ્યા સુધી ૧૬ સાર્વજનિક અને ઘરે સ્થપાતિ ૨૫૫૩ મૂર્તિઓનું વિસર્જન કરાયું હતું. (અમય ખરાડે)

# શિક્ષક નહીં નરાધમઃ બે સગીરા, નવ છોકરા સાથે કુકર્મ

નાગપુરઃ નવ છોકરાઓની જાતીય સતામણી તથા બે સગીરાના વિનયભંગ માટે નાગપુરના એક સ્કૂલ શિક્ષકની પોલીસે ધરપકડ કરી હતી. ૪૭ વર્ષીય શિક્ષક દ્વારા વિનયભંગ કરાયા બાદ બન્ને પીડિતાએ પ્રિન્સિપાલને ફરિયાદ કરી હતી. સગીરાઓ સિવાય શિક્ષક દ્વારા નવ છોકરાની જાતીય સતામણી કરવામાં આવી હોવાની પણ ફરિયાદ છે, એમ પોલીસે જણાવ્યું હતું. સ્કૂલના પ્રિન્સિપાલે આ બાબતે તપાસ કરવા માટે સમિતિની રચના કરી હતી. સમિતિના રિપોર્ટમાં જણાવાયું હતું કે સંબંધિત શિક્ષકે વિદ્યાર્થિનીઓનો વિનયભંગ કર્યો હતો તથા અન્ય વિદ્યાર્થીઓની જાતીય સતામણી પણ કરી હતી. ત્યાર બાદ પ્રિન્સિપાલે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. (પીટીઆઇ) ■

# કાંદિવલીના આકુર્લી બ્રિજથી લાખો લોકોને ટ્રાફિક જૅમથી આખરે મળશે રાહત

મુંબઈઃ કાંદિવલીમાં પશ્ચિમ એક્સપ્રેસ હાઇવે પર આવેલા આકુર્લી બ્રિજ પૂર્ણ રીતે શરૂ કરાતા અહીં થતા ટ્રાફિક જૅમની સમસ્યા દૂર થશે તથા હવે વાહનચાલકોનો સમય અને ઇંધણનો બચાવ થવાની આશા છે, એમ કેન્દ્રીય પ્રધાન પીયૂષ ગોયલે બુધવારે જણાવ્યું હતું.

ઘણા વર્ષોથી પ્રલંબિત આ આકુર્લી બ્રિજનું કામ કોમર્સ અને ઇન્ડસ્ટ્રી ખાતાના પ્રધાનના હસ્તક્ષેપને કારણે પાટે ચઢ્યો હતો.

આ રોડનું કામ પૂર્ણ થવાને કારણે લાખો મુંબઈગરાઓને રાહત મળશે, કારણ કે અહીં ટ્રાફિક જૅમની ગંભીર સમસ્યા હતી. હવે વાહનચાલકોનો સમય અને ઇંધણ બન્ને બચશે, એમ ગોયલે કહ્યું હતું.

ગોયલે એમએમઆરડીએ અને ટ્રાફિક પોલીસને આકુર્લી અંડરપાસનું કામ ઓક્ટોબરના પ્રથમ અઠવાડિયા સુધી કોઇ પણ પ્રકારની ટ્રાફિકની સમસ્યા વગર પૂર્ણ કરવાનો નિર્દેશ કર્યો હતો. (પીટીઆઇ) ■


પ્રતીક્ષાનો અંતઃ અંક પ્રગટ થઇ ચૂક્યો છે

જ્યોતિષશાસ્ત્રની સૂક્ષ્મ ગણતરી આપતું ફક્ત એકમાત્ર પંચાંગ

ત્રીજી સદીમાં પ્રવેશી પ્રતિષ્ઠિત પરંપરાને વધુ પ્રાણવાન બનાવતું 'મુંબઈ સમાચાર'નું પ્રગતિ-પ્રેરક પંચાંગ

આરંભઃ ઈ.સ. ૧૮૧૪ ▪ વર્ષઃ ૨૧૧

વેધસિદ્ધ પ્રત્યક્ષ પંચાંગ

મુંબઈ સમાચાર

▪ વિક્રમ સંવત ૨૦૮૧-૮૨
▪ શાલિવાહન શક સંવત ૧૯૪૬-૪૭
▪ ઈ.સ. તા. ૦૨-૧૧-૨૦૨૪ થી તા. ૧૯-૦૩-૨૦૨૬

કિંમતઃ ₹ ૧૦૦/-



સંપૂર્ણ ૧૭ માસનો સરળ, સચોટ, માહિતીસભર ૩૫૨ પૃષ્ઠનો દળદાર અંક

માહિતી માટે સંપર્ક કરોઃ ફોન નં. ૨૨૦૪૫૫૩૧-૩૩

મુંબઈ સમાચાર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, હોર્નિમન સર્કલ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.

ધ દાંગટ ન્યૂઝપેપર એજન્સી ગ્રાઉન્ડ ફ્લોર, દાંગટ સદન, ૬૩, મોદી સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧. ફોનઃ (૦૨૨) ૪૩૪૪૭૭૭૭, ફેક્સઃ (૦૨૨) ૨૨૬૯૧૨૩૬

# ‘ઑલિમ્પિક કે લિયે લાયક તો બનો’...આવું સાઇના નેહવાલે કોને કેમ સંભળાવી દીધું?



હૈદરાબાદઃ થોડો સમય થાય એટલે સોશિયલ મીડિયામાં બૅડમિન્ટન-સ્ટાર સાઇના નેહવાલે કેટલાક સ્પોર્ટ્સપ્રેમીઓ સાથે પંગો લેવો પડે છે. સાઇનાએ તાજેતરમાં મીડિયામાં વિનેશ ફોગાટ વિશે ટિપ્પણી કરીને વિવાદ વહોરી લેવો પડ્યો હતો ત્યાં હવે ખુદ સાઇનાના ઑલિમ્પિક મેડલ પર સામાસામી થઈ જેમાં સાઇનાનો પતિ પારુપલ્લી કશ્યપ પણ પિક્ચરમાં આવ્યો હતો.

બન્યું એવું કે એક પૉડકાસ્ટ પરના ઇન્ટરવ્યૂ દરમ્યાન સાઇનાના ઐતિહાસિક ઑલિમ્પિક મેડલ વિશે ચર્ચા થઈ રહી હતી જેમાં કશ્યપે કહ્યું કે ‘૨૦૧૨ની ઑલિમ્પિક્સમાં સાઇના જે બ્રૉન્ઝ મેડલ જીતી હતી એ તેને ગિફ્ટમાં મળ્યો હતો એવું સોશિયલ મીડિયામાં ઘણાએ વારંવાર કહ્યું છે.’ પતિ કશ્યપે આ મુદ્દો કાઢ્યો એટલે સાઇના તરત જ તેના સપોર્ટમાં (પોતાના ટીકાકારોને સંભળાવતા) બોલી, ‘ઑલિમ્પિક લેવલ કે લાયક તો બનો આપ. પહેલે ઑલિમ્પિક્સ કે લિયે ક્વૉલિફાય તો કરકે દિખાઓ.’

૨૦૧૨ની લંડન ઑલિમ્પિક્સમાં સાઇનાની બ્રૉન્ઝ મેડલ માટેની મૅચ દરમ્યાન હરીફ ખેલાડી ચીનની વૉન્ગ શિન ઘૂંટણની ઈજાને કારણે મૅચમાંથી નીકળી ગઈ હતી અને સાઇનાને બ્રૉન્ઝ આસાનીથી મળી ગયો હતો.

એ ઘટનાને પગલે સોશિયલ મીડિયામાં વારંવાર એવી ટિપ્પણી થઈ છે કે સાઇનાને તો એ મેડલ બક્ષિસ મળ્યો હતો.

દરમ્યાન, તાજેતરની પૅરિસ ઑલિમ્પિક્સમાં કુસ્તીબાજ વિનેશ ફોગાટ પોતાના ૧૦૦ ગ્રામ વધુ વજનને કારણે ફાઇનલમાંથી ડિસ્ક્વૉલિફાય થઈ ત્યારે સાઇના નેહવાલે મીડિયામાં કમેન્ટ કરી હતી કે ‘સામાન્ય રીતે આટલા ઊંચા સ્તરે ઍથ્લીટોથી આવી ભૂલ નથી થતી હોતી. આવું કેમ બન્યું એ જ નથી સમજાતું. તેની પાસે મોટી ટીમ હતી જેમાં કેટલા બધા કોચ, ફિઝિયો, ટ્રેઇનર હતા. તે (વિનેશ ફોગાટ) કંઈ પહેલી વાર ઑલિમ્પિક્સમાં ભાગ નહોતી લઈ રહી. આ તેની ત્રીજી ઑલિમ્પિક ગેમ્સ હતી. ઍથ્લીટની જાણમાં બધા નિયમો હોવા જ જોઈએ. વધુ પડતા વજનને કારણે કોઈ કુસ્તીબાજને ડિસ્ક્વૉલિફાય કરવાનો નિર્ણય લેવાયો હોય એવું અગાઉ મેં તો ક્યારેય સાંભળ્યું જ નહોતું. આ કિસ્સામાં વિનેશની પણ થોડી ભૂલ કહેવાય.’

સાઇનાએ વિનેશ વિશે જ્યારે મીડિયામાં આ ટિપ્પણીઓ કરી હતી ત્યારે તે ટ્રૉલ થઈ હતી. ■

# બીસીસીઆઈની ઓફર ઠુકરાવીને હવે અફઘાનિસ્તાનને જરૂર પસ્તાવો થતો હશે

## નોઇડામાં કિવીઓ સામેની ટેસ્ટનો ત્રીજો દિવસ પણ ધોવાયોઃ કાનપુર, બેન્ગલૂરુમાં રમવાની ઓફર હતી





ગ્રેટર નોઇડામાં ઘાસ ભરવા ઉપરાંત મેદાન સૂકું કરવા પંખાની મદદ લેવાઈ હતી. ટેસ્ટને હવે એક ઇનિંગ્સની મૅચમાં ફેરવવાનો વિકલ્પ અપનાવાય એવી ચર્ચા છે. (પીટીઆઇ)

ગ્રેટર નોઇડાઃ અફઘાનિસ્તાન અને ન્યૂ ઝીલૅન્ડની ટેસ્ટ ટીમ પહેલી જ વાર ટેસ્ટમાં આમને-સામને આવ્યા અને ઐતિહાસિક ટેસ્ટ રમવા ભારત આવી, પરંતુ હવે તેમણે ખેલાડીઓએ સતત ત્રણ દિવસથી નિરાશ થવું પડી રહ્યું છે. ઉત્તર પ્રદેશના ગ્રેટર નોઇડા શહેરમાં ત્રણ દિવસથી વરસાદ પડવાને કારણે બન્ને દેશ વચ્ચેની એકમાત્ર ટેસ્ટ શરૂ જ નથી થઈ શકી. બુધવારના ત્રીજા દિવસે પણ વરસાદને લીધે અને પિચ તથા આઉટફીલ્ડ ભીના હોવાને કારણે સવારે જ રમત રદ કરવામાં આવી હતી. ખરેખર તો બીસીસીઆઇએ અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડને કાનપુર કે બેન્ગલૂરુમાં આ ટેસ્ટ રમવાની ઓફર કરી હતી, પણ એણે નહોતી સ્વીકારી અને ગ્રેટર નોઇડા પસંદ કર્યું હતું અને હવે અફઘાન બોર્ડને જરૂર પસ્તાવો થતો હશે.

કાબુલથી ગ્રેટર નોઇડા નજીક હોવાથી અફઘાનના ક્રિકેટ બોર્ડે હળવા વરસાદ છતાં ગ્રેટર નોઇડા પસંદ કર્યું હતું, પરંતુ મુશળધાર વરસાદને લીધે હજી રમત જ શરૂ નથી થઈ શકી. નવાઈની વાત એ છે કે ગ્રેટર નોઇડાના સ્ટેડિયમ અને મેદાન બીસીસીઆઇ કે ઉત્તર પ્રદેશ ક્રિકેટ અસોસિયેશનના અંકુશ હેઠળ નથી, પરંતુ સ્થાનિક વહીવટના નિયંત્રણ હેઠળ છે.

ગ્રેટર નોઇડામાં અગાઉ ૧૨ આંતરરાષ્ટ્રીય મૅચ રમાઈ છે, પરંતુ ચાર વર્ષથી (માર્ચ, ૨૦૨૦ની અફઘાનિસ્તાન-આયરલૅન્ડની ટી-૨૦ બાદ) એક પણ ઇન્ટરનૅશનલ મૅચ નથી રમાઈ. ભારતની આ સ્થળે એકેય મૅચ નથી રમાઈ. ફક્ત અફઘાનિસ્તાનની જ મૅચો આ સ્થળે રમાઈ છે અને અફઘાનિસ્તાન માટે આ હોમ-ગ્રાઉન્ડ જેવું છે. જોકે આ ગ્રાઉન્ડમાં માટીનું પ્રમાણ ખૂબ જ ઓછું હોવાથી વરસાદનું પાણી સૂકાતાં કે દૂર કરાતાં ખાસ્સો સમય લાગી જાય છે.

આખા મેદાન પર ફેલાવી શકાય એટલા કવર જ અહીં નથી એટલે બીસીસીઆઇએ મંગળવારે મદદ કરવા દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ (અગાઉનું નામ ફિરોજશા કોટલા)ના પિચ ક્યુરેટર અંકિત દત્તાને ગ્રેટર નોઇડા મોકલ્યા હતા. આઉટફીલ્ડ સૂકવવા સુપર સૉપર પણ મોકલવામાં આવ્યું હતું.

ટિમ સાઉધી ન્યૂ ઝીલૅન્ડનો અને હશમતુલ્લા શાહિદી અફઘાનિસ્તાનનો કૅપ્ટન છે. જાવાગલ શ્રીનાથ આ ટેસ્ટના મૅચ-રેફરી છે. આ ટેસ્ટ વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપનો હિસ્સો નથી.

અફઘાનિસ્તાનનો ઇબ્રાહિમ ઝદ્રાનને નોઇડામાં ટેસ્ટ પહેલાંની પ્રૅક્ટિસ દરમ્યાન પગની ઘૂંટીમાં ગંભીર ઈજા થઈ હતી અને ટેસ્ટ-ઇલેવનમાંથી તેના નામની બાદબાકી કરવી પડી હતી. આ ઘટના બાદ ન્યૂ ઝીલૅન્ડના ખેલાડીઓએ કાળજી રાખવી પડી હતી.■

# ભારત હૉકીમાં મલેશિયાને ૮-૧થી હરાવીને સેમિ ફાઇનલમાં

## રાજકુમારના ત્રણ અને હુંડલના બે ગોલ



હુલનબુઇર (ચીન): ભારતીય મેન્સ હૉકી ટીમે એશિયન ચૅમ્પિયન્સ ટ્રોફીમાં રાજકુમાર પાલ નામના યુવાન ખેલાડીના હૅટ-ટ્રિક ગોલની મદદથી હૅટ-ટ્રિક વિજય મેળવ્યો છે.

બુધવારે અહીં ભારત અને મલેશિયા વચ્ચે રાઉન્ડ-રૉબિન ફૉર્મેટની મૅચ રમાઈ હતી જેમાં ભારતે મલેશિયાને ૮-૧થી પરાજિત કર્યું હતું.

ભારત આ ટૂર્નામેન્ટમાં ડિફેન્ડિંગ ચૅમ્પિયન છે અને પહેલી ત્રણેય મૅચ જીતી ચૂક્યું છે. હવે સેમિ ફાઇનલમાં પહોંચેલું ભારત ફરી એકવાર ટાઇટલ જીતી શકે એમ છે.

ભારત વતી રાજ કુમારે (ત્રીજી, પચીસમી, ૩૩મી મિનિટમાં) ત્રણ ગોલ કર્યા હતા, જ્યારે અરાઇજીત હુંડલ (છઠ્ઠી, ૩૯મી મિનિટમાં)એ બે ગોલ કર્યા હતા. એક-એક ગોલ જુગરાજ સિંહે (સાતમી મિનિટ), કૅપ્ટન હરમનપ્રીત સિંહે (બાવીસમી મિનિટમાં) અને ઉત્તમ સિંહે (૪૦મી મિનિટમાં) કર્યો હતો.

મલેશિયા વતી એકમાત્ર ગોલ અકીમુલ્લા અનુઆરે ૩૪મી મિનિટમાં કર્યો હતો.

ભારત ત્રણેય મુકાબલાના વિજય બાદ કુલ નવ પૉઇન્ટ સાથે પૉઇન્ટ્સ-ટેબલમાં મોખરે છે. મલેશિયાને કચડી નાખતાં પહેલાં ભારતે ચીનને ૩-૦થી અને જાપાનને ૫-૧થી હરાવ્યું હતું.

કુલ છ ટીમ આ સ્પર્ધામાં ભાગ લઈ રહી છે અને ટોચની ચાર ટીમ ૧૬ સપ્ટેમ્બરની સેમિ ફાઇનલમાં જશે.

પાકિસ્તાને જાપાનને ૨-૧થી હરાવીને સેમિ ફાઇનલની આશા જીવંત રાખી હતી. ■

# બ્રાઝિલને પારાગ્વેનો આંચકો, આર્જેન્ટિનાનો કોલમ્બિયા સામે પરાજય

## વર્લ્ડ ચૅમ્પિયન બનેલા બે દેશ વર્લ્ડ કપની ક્વૉલિફાઇંગમાં હારી ગયા!



કોલમ્બિયાના જેમ્સ રૉડ્રિગેઝ (ડાબે)ના ગોલને કારણે આર્જેન્ટિના હાર્યું. ડિયેગો ગોમેઝે (જમણે) પારાગ્વેને બ્રાઝિલ સામે જિતાડ્યું.

ઍસન્સિયનઃ ૨૦૨૬ના ફિફા વર્લ્ડ કપની ક્વૉલિફાઇંગ મૅચમાં મંગળવારે ભૂતપૂર્વ વિશ્વવિજેતા બ્રાઝિલનો પારાગ્વે સામે અને બીજી મૅચમાં ૨૦૨૨ના વિજેતા આર્જેન્ટિનાનો કોલમ્બિયા સામે પરાજય થયો હતો. વધુ બે નવાઈની વાત એ છે કે બ્રાઝિલની પાંચ ક્વૉલિફાઇંગ મૅચમાં આ ચોથી હાર હતી અને પારાગ્વેની ટીમ બ્રાઝિલને હરાવવામાં સફળ થયું હોય એવી આ ૧૬ વર્ષ પછીની પહેલી ઘટના હતી.

વર્લ્ડ નંબર-ફાઇવ બ્રાઝિલને ૬૨મા નંબરના પારાગ્વેએ ૧-૦થી હરાવ્યું હતું. પારાગ્વેએ છેલ્લે બ્રાઝિલને જૂન, ૨૦૦૮માં હરાવ્યું હતું.

પારાગ્વેની મજબૂત ડિફેન્સને કારણે પાંચ વખત વર્લ્ડ ચૅમ્પિયન બનનાર બ્રાઝિલ વતી એકેય ગોલ નહોતો થઈ શક્યો, જ્યારે પારાગ્વેના ડિયેગો ગૉમેઝે ૨૦મી મિનિટમાં જે ગોલ કર્યો એની મદદથી જ પારાગ્વેએ બ્રાઝિલને ૧-૦થી હરાવ્યું હતું. ગોમેઝનો પારાગ્વે વતી થયેલો આ પહેલો જ ગોલ હતો.

બ્રાઝિલ પૉઇન્ટ્સ-ટેબલમાં હવે છેક પાંચમા સ્થાને છે.

વર્લ્ડ નંબર-વન અને ડિફેન્ડિંગ ચૅમ્પિયન આર્જેન્ટિનાનો નવમી રૅન્કના કોલમ્બિયા સામે ૧-૨થી પરાજય થયો હતો.

લિયોનેલ મેસી આ મૅચમાં નહોતો અને તેની ગેરહાજરીમાં કોલમ્બિયાએ ૩૩ વર્ષની ઉંમરના જેમ્સ રૉડ્રિગેઝના ૬૦મી મિનિટના ગોલ સાથે વિજય મેળવ્યો હતો. એ પહેલાં કોલમ્બિયા વતી યેર્સન મૉસ્કેરાએ પચીસમી મિનિટમાં અને આર્જેન્ટિના વતી નિકોલસ ગૉન્ઝાલેઝે ૨૮મી મિનિટમાં ગોલ કરીને સ્કોર ૧-૧થી લેવલ કર્યો હતો. જોકે કૅપ્ટન રૉડ્રિગેઝનો ગોલ નિર્ણાયક બન્યો હતો. ઑસ્ટ્રેલિયા પૉઇન્ટ્સ-ટેબલમાં મોખરે છે અને કોલમ્બિયા બીજા નંબરે છે.

અન્ય એક મૅચમાં બોલિવિયાએ ૩૧ વર્ષમાં પહેલી વાર વિદેશી ધરતી પર વર્લ્ડ કપ ક્વૉલિફાઇંગ મૅચ જીત્યું હતું. એણે સૅન્ટિયેગોમાં ચિલીને ૨-૧થી હરાવ્યું હતું.

એશિયાની વર્લ્ડ કપ ક્વૉલિફાયર્સમાં ઑસ્ટ્રેલિયાએ ઇન્ડોનેશિયા સામેની મૅચ ૦-૦થી ડ્રૉમાં લઈ જવી પડી હતી. ■

# સંજુ સૅમસનનો મહત્ત્વનો નિર્ણય, બની ગયો ટીમનો માલિક



રાજસ્થાન રૉયલ્સનો કૅપ્ટન સંજુ સૅમસન. (બીસીસીઆઇ)

કોચીઃ સંજુ સૅમસન ભારતીય ક્રિકેટનો જાણીતો સ્ટાર છે. હવે તેણે ફૂટબૉલમાં પ્રવેશ કર્યો છે. આ સમાચાર વાંચીને અગર તમે એમ વિચારતા હો કે સંજુએ ક્રિકેટ રમવાનું છોડી દીધું કે શું, તો અમે તમને જણાવી દઇએ કે ના, સંજુએ ક્રિકેટ રમવાનું છોડ્યું નથી. તેણે કેરળમાં એક ફૂટબૉલ ફ્રૅન્ચાઇઝીમાં હિસ્સો ખરીદ્યો છે. રાજસ્થાન રોયલ્સના કેપ્ટન સંજુ સૅમસને એક ટીમ ખરીદી છે. સૅમસન કેરળનો રહેવાસી છે. તેના રાજ્યમાં સુપર લીગ કેરળ નામની ફૂટબૉલ લીગ શરૂ થઈ છે. તેણે આ લીગની મલપ્પુરમ ફૂટબૉલ ક્લબમાં હિસ્સો ખરીદ્યો છે. આ સાથે તે હવે તેનો કો-ઓનર બની ગયો છે. મલપ્પુરમ એફસીએ સોમવારે ૯ સપ્ટેમ્બરે સોશિયલ મીડિયા પર તેની સત્તાવાર માહિતી આપી હતી. આ લીગમાં કુલ ૬ ટીમો ભાગ લઈ રહી છે.

ટીમ ઈન્ડિયા સિવાય સંજુ સૅમસન હવે દુલીપ ટ્રોફીમાં રમતો જોવા મળશે. સંજુ સૅમસનને શ્રીલંકા સામેની વન-ડે શ્રેણીમાં નજરઅંદાજ કરવામાં આવ્યો ત્યારે ચાહકો બીસીસીઆઈ અને મુખ્ય કોચ ગૌતમ ગંભીર પર ખૂબ ગુસ્સે થયા હતા.

કેરળ ફૂટબૉલ અસોસિએશન દ્વારા આયોજિત કેરળ સુપર લીગ (કેએસએલ) સીઝન ૭ સપ્ટેમ્બરના રોજ શરૂ થઈ હતી, જેમાં મલપ્પુરમે પ્રારંભિક મેચમાં ફોર્કા કોચીને ૨-૦ થી હરાવ્યું હતું. આ ટૂર્નામેન્ટમાં કુલ છ ટીમ ભાગ લઈ રહી છે. તેમાં મલપ્પુરમ એફસી, ફોર્કા કોચી, કન્નુર વૉરિયર્સ, કાલિકટ એફસી, તિરુવનંતપુરમ કોમ્બન્સ અને થ્રિસુર મેજિકનો સમાવેશ થાય છે. આ લીગ ૧૦ નવેમ્બર સુધી ચાલશે અને મૅચો કેરળમાં ચાર અલગ-અલગ સ્થળોએ રમાશે. લીગ મૅચ બાદ આમાંથી ચાર ટીમો નૉકઆઉટમાં જશે. લીગની પ્રથમ મૅચ મલપ્પુરમ અને કોચી વચ્ચે ૭ સપ્ટેમ્બરના રોજ રમાઈ હતી. જેમાં સૅમસનની ટીમનો ૨-૦થી વિજય થયો હતો.

નોંધનીય છે કે સંજુ સૅમસનની અગાઉ ઘણા ભારતીય ક્રિકેટરો ફૂટબૉલ ટીમના માલિક બની ચૂક્યા છે. તેમનો ફૂટબોલ ફ્રેન્ચાઈઝીમાં હિસ્સો છે. ભારતીય ક્રિકેટર સૌરવ ગાંગુલી પ્રખ્યાત ફૂટબોલ ફ્રૅન્ચાઇઝી મોહન બગાનના સહ-માલિક છે. જ્યારે મહેન્દ્ર સિંહ ધોની ચેન્નઈ એફસીમાં હિસ્સો ધરાવે છે. આ સિવાય વિરાટ કોહલી ગોવા એફસીમાં માલિકી હક્ક ધરાવે છે. ■

# ૨૦૨૩ના વર્લ્ડ કપથી ભારતને ૧૧,૬૩૭ કરોડ રૂપિયાનો આર્થિક લાભ થયો

દુબઈઃ બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ) ક્રિકેટ જગતનું સૌથી શ્રીમંત ક્રિકેટ બોર્ડ છે અને ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)ને પોતાની ઇવેન્ટ્સમાં લગભગ ૭૦ ટકા કમાણી ભારત થકી થતી હોય છે. આ સ્થિતિમાં જો ભારતમાં મોટી ટૂર્નામેન્ટ યોજાય તો અબજોમાં આર્થિક લાભ થયા વિના રહે નહીં. ૨૦૨૩ના મેન્સ વન-ડે વર્લ્ડ કપ બાબતમાં આવું બન્યું. ભારતને ૧.૩૯ બિલ્યન ડૉલર (અંદાજે ૧૧,૬૩૭ કરોડ રૂપિયા)નો આર્થિક લાભ થયો.

પીટીઆઇના અહેવાલમાં જણાવાયું હતું કે આઇસીસી માટે નિલ્સેન નામની એજન્સી દ્વારા ‘આર્થિક અસરની આકારણી’ હાથ ધરવામાં આવી હતી જે મુજબ ભારતને ૧૧૬ અબજ રૂપિયાથી પણ વધુ આર્થિક લાભ થયો છે. જોકે એમાં ખરેખરી કમાણી કેટલી હતી એ નહોતું જણાવાયું.

ભારતમાં આ વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩ના ઑક્ટોબર-નવેમ્બરમાં યોજાયો હતો. ભારતે તમામ મૅચ જીત્યા બાદ ફાઇનલમાં ઑસ્ટ્રેલિયા સામે હાર જોવી પડી હતી. આખા વર્લ્ડ કપમાં વિક્રમજનક કુલ ૧૨.૫૦ લાખ પ્રેક્ષકો મૅચ જોવા આવ્યા હતા. એમાંથી ૭૫ ટકા લોકોએ પહેલી વાર વન-ડે મૅચ સ્ટેડિયમમાં જોઈ હતી.

વિશ્વ કપ દરમ્યાન દેશ-વિદેશથી લાખો લોકો ભારતમાં મૅચ જોવા ઉપરાંત ઘણા પર્યટન સ્થળે પણ ગયા હતા જેને પગલે ભારતને ૨૮૧.૨ મિલ્યન ડૉલરનો આર્થિક લાભ થયો હતો. ૬૮ ટકા આંતરરાષ્ટ્રીય પર્યટકોએ કહ્યું હતું કે તેઓ ભવિષ્યમાં પોતાના મિત્રો અને પરિવારજનોને ભારતનો પ્રવાસ કરવાનું સૂચન કરશે. વર્લ્ડ કપ દરમ્યાન ૪૮,૦૦૦થી પણ વધુ ફુલ અથવા પાર્ટ-ટાઇમ જૉબ ઊભા થયા હતા. ■

# ભારતના ફૂટબોલર અનવર સસ્પેન્ડ

કોલકાતાઃ ઑલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન એ મંગળવારે ભારતનો આંતરરાષ્ટ્રીય ખેલાડી અનવર અલીને મોહન બાગાન સાથેનો ચાર વર્ષનો કરાર ગેરકાયદેસર રીતે સમાપ્ત કરવા બદલ ‘દોષિત’ માનતા ક્લબ ફૂટબોલમાંથી ચાર મહિના માટે સસ્પેન્ડ કર્યો હતો. મોહન બાગાન આ કેસમાં ૧૨.૯૦ કરોડ રૂપિયાના વળતર માટે હકદાર છે. તેના નિર્ણયમાં પ્લેયર્સ સ્ટેટસ કમિટીએ અનવરની પેરેન્ટ ક્લબ દિલ્હી એફસી અને ઈસ્ટ બંગાળ પર ૨૦૨૪-૨૫ના વિન્ટર અને ૨૦૨૫-૨૬ સમરની બે ટ્રાન્સફર વિન્ડો માટે ખેલાડીઓની નોંધણી કરવા પર પ્રતિબંધ મૂક્યો છે.■

## ગાંગુલીની પાકિસ્તાન ક્રિકેટ વિશે મહત્ત્વની કમેન્ટ



ગઈ કાલે પટનાની એક ઇવેન્ટમાં મંચ પર સ્વાગત વખતે સૌરવ ગાંગુલી. તેણે સ્પીચમાં કહ્યું, ‘પાકિસ્તાન અનેક મહાન ક્રિકેટર આપી ચૂક્યું છે, પણ વર્તમાન સ્ક્વૉડમાં એવો કોઈ પ્લેયર નથી દેખાતો કે જે એ સ્તર સુધી પહોંચી શકે.’ (પીટીઆઇ)

# ફક્ત ૧૧૫ રૂપિયામાં જોવા મળશે મહિલા વર્લ્ડ કપની મૅચ! જાણી લો ક્યાં....

## ટી-૨૦ વર્લ્ડ કપ ત્રીજી ઑક્ટોબરથી યુએઇમાં રમાશે

દુબઈઃ આગામી ત્રીજી ઑક્ટોબરથી મહિલા ક્રિકેટર્સનો ટી-૨૦ વર્લ્ડ કપ યોજાવાનો છે અને એ બાબતમાં આઇસીસીએ કેટલાંક આકર્ષણો જાહેર કર્યા છે. સૌથી મોટું અટ્રૅક્શન એ છે કે આ ટૂર્નામેન્ટમાં ટિકિટનો સૌથી ઓછો દર માત્ર ૧૧૫ રૂપિયા છે.

વાત એમ છે કે આ વર્લ્ડ કપ બાંગ્લાદેશમાં રમાવાનો હતો, પણ ત્યાં રાજકીય ઊથલપાથલ થવાની સાથે તોફાનો અને અરાજકતાની સ્થિતિ સર્જાઈ એટલે આઇસીસીએ આ વર્લ્ડ કપ યુએઇમાં રાખ્યો છે.

૧૮ દિવસ દરમ્યાન ૧૦ ટીમ વચ્ચેના આ વિશ્વ કપની કુલ ૨૩ મૅચ રમાશે. સ્પર્ધાની મૅચો દુબઈ અને શારજાહમાં રમાશે.

આઇસીસીએ જાહેરાત કરી છે કે ૧૮ વર્ષથી ઓછી ઉંમરના કોઈને પણ આ વર્લ્ડ કપની મૅચ જોવા સ્ટેડિયમમાં આવવા દેવાશે અને ટિકિટના દર પાંચ દિરહામ (અંદાજે ૧૧૫ રૂપિયા)થી શરૂ થશે.

ગ્રૂપ-એમાં છ વખત ચૅમ્પિયન બનેલા ઑસ્ટ્રેલિયા તેમ જ ભારત, પાકિસ્તાન, ન્યૂ ઝીલૅન્ડ અને શ્રીલંકાનો સમાવેશ છે. ગ્રૂપ-બીમાં બાંગ્લાદેશ, ઇંગ્લૅન્ડ, સાઉથ આફ્રિકા, વેસ્ટ ઇન્ડિઝ અને સ્કૉટલૅન્ડ છે. ■

## સ્પેશિયલ મેડલિસ્ટનું સન્માન



મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે ગઈ કાલે દિલ્હીમાં પૅરાલિમ્પિક્સની બ્રૉન્ઝ મેડલિસ્ટ શીતલ દેવીનું બહુમાન કર્યું હતું. શીતલને બન્ને હાથ નથી અને તેણે પગથી તીર નિશાના પર છોડીને કાંસ્ય જીતી લીધો હતો. (પીટીઆઇ)

# બે સત્રની તેજીને બ્રેકઃ ટાટા મોટર્સ અને રિલાયન્સના પોફિટ બુકિંગ વચ્ચે નિફ્ટીએ ફરી ૨૫,૦૦૦ની સપાટી ગુમાવી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ વિશ્વબજારના નબળા સંકેત સાથે સ્થાનિક સ્તરે ટાટા મોટર્સ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ અને લાર્સન એન્ડ ટૂબ્રો જેવી ઇન્ડેક્સ હેવીવેઇટ સ્ક્રીપ્સમાં પ્રોફિટ બુકિંગનું પ્રમાણ વધી જતાં સ્થાનિક શેરબજારમાં બે સત્રની તેજીને બ્રેક લાગી હતી, સેન્સેક્સ ૪૦૦ પોઈન્ટ જેવો ગબડ્યો હતો જ્યારે નિફ્ટીએ ફરી ૨૫,૦૦૦ની સપાટી ગુમાવી દીધી હતી.

અફડાતફડીમાંથી પસાર થયેલો ત્રીસ શેરો ધરાવતો બીએસઇ બેન્ચમાર્ક સેન્સેક્સ સત્રને અંતે ૩૯૮.૧૩ પોઈન્ટ અથવા ૦.૪૯ ટકા ઘટીને ૮૧,૫૨૩.૧૬ પોઇન્ટ પર સેટલ થયો હતો. બેન્ચમાર્ક ઊંચી સપાટીએ ખૂલ્યો હતો અને મધ્યસત્રમાં ૮૨,૧૩૪.૯૫ પોઇન્ટની સપાટીને અથડાયો હતો, પરંતુ સત્રના પાછલા ભાગમાં વેચવાલીનું દબાણ વધતા તે ૪૯૮.૧૫ પોઈન્ટ અથવા ૦.૬૦ ટકા ઘટીને ૮૧,૪૨૩.૧૪ પર પહોંચ્યો હતો. એનએસઇનો બેન્ચમાર્ક નિફ્ટી ઇન્ડેક્સ ૧૨૨.૬૫ પોઈન્ટ અથવા ૦.૪૯ ટકા ઘટીને ૨૪,૯૧૮.૪૫ પર આવી ગયો.

ટાટા મોટર્સ, એનટીપીસી, અદાણી પોર્ટ, લાર્સન એન્ડ ટૂબ્રો, સ્ટેટ બેન્ક, જેએસડબલ્યુ સ્ટીલ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ઇન્ડસઇન્ડ બેન્ક અને ટાઇટન ટોપ લુઝર શેરોમાં સામેલ હતા જ્યારે એશિયન પેઇન્ટ, બજાજ ફાઇનાન્સ, હિંદુસ્તાન યુનિલીવર અને બજાજ ફિનસર્વ ટોપ ગેઇનરમાં સામેલ હતા.

ટાટા મોટર્સે ઇવીના ભાવમાં ઘટાડો કર્યો હોવાથી તેના શેરમાં છ ટકા સુધીનો કડાકો જોવા મળ્યો હતો. ક્રોસનું ભરણું ત્રીજા દિવસે બપોર સુધીમાં ચાર ગણો ભરાયો હતો. નોર્ધન આર્ક કેપિટલનો રૂ. ૭૭૭ કરોડનો આઇપીઓ ૧૬ સપ્ટેમ્બરે સબસ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૯ સપ્ટેમ્બરે બંધ થશે. પ્રાઇસ બેન્ડ પ્રતિ શેર રૂ.૨૪૯થી રૂ.૨૬૩ નક્કી થઇ છે. શેરની ફાળવણી ૨૦ સપ્ટેમ્બરે ફાઈનલ થવાની અપેક્ષા છે. કામચલાઉ લિસ્ટિંગની તારીખ ૨૪ સપ્ટેમ્બર છે.

રીગ્રીન એક્સેલ ઇપીસી ઇન્ડિયા લિમિટેડે સેબી પાસે ડીઆરએચપીના દસ્તાવેજો જમા કરાવ્યા છે. ગ્લોબલ વેન્ચર કેપિટલ ફર્મ એક્સેલે તેના પ્રી-સીડ સ્કેલિંગ પ્રોગ્રામની ચોથી એડિશન, એક્સેલ એટમ્સ ૪.૦ની જાહેરાત કરી છે અને તેના મારફત તે પ્રી-સીડ્સ સ્ટાર્ટ અપ એઆઇ અને ભારતમાં ૧૦ લાખ ડોલરનું રોકાણ કરશે. આર્કેડ ડેવલપર્સ લિમિટેડ રૂ. ૪૧૦ કરોડના જાહેર ભરણાં સાથે ૧૬મી સપ્ટેમ્બરે મૂડીબજારમાં પ્રવેશી રહી છે. વેન્ટિવ હોસ્પિટાલિટીએ ડીઆરએચપી ફાઇલ કર્યું છે.

વોડા આઇડિયાના શેરમાં એક મહિનામાં ૧૬ ટકાનો કડાકો નોંધાયો છે. વેસ્ટર્ન કેરિઅર્સ રૂ. ૫૦૦ કરોડના જાહેર ભરણાં સાથે ૧૩મી સપ્ટેમ્બરે મૂડીબજારમાં પ્રવેશી રહી છે. એન્જિનિયરિંગ અને કન્સ્ટ્રક્શન ક્ષેત્રની પોપ્યુલર ફાઉન્ડેશન લિમિટેડ ૫૩,૭૦ લાખ ઇક્વિટી શેરના જાહેર ભરણાં સાથે ૧૩મી સપ્ટેમ્બરે મૂડીબજારમાં પ્રવેશી રહી છે. શેરનો ભાવ રૂ. ૨૭ના પ્રીમિયમ સહિત રૂ. ૩૭ નક્કી કરવામાં આવ્યો છે અને લઘુત્તમ શેર લોટ ત્રણ હજાર શેરનો છે. માર્સ ગ્રોથ કેપિટલ પાસેથી ઇનમોબીએ ૧૦ કરોડ ડોલર ઉઘરાવ્યાં છે.

બુધવારના ટ્રેડિંગ સેશનમાં બપોર પછી રોકાણકારો દ્વારા વેચવાલીને કારણે બજારમાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો. દિવસની સર્વોચ્ચ સપાટીથી સેન્સેક્સ ૭૦૦ પોઈન્ટ અને નિફ્ટી ૨૩૦ પોઈન્ટ તૂટ્યો હતો. એનર્જી, ઓઈલ એન્ડ ગેસ અને બેન્કિંગ શેરોમાં વેચવાલીથી બજારમાં આ ઘટાડો જોવા મળ્યો હતો.

પ્રારંભિક ગણતરી અનુસાર બુધવારની પીછેહઠથી રોકાણકારોને રૂ. બે લાખ કરોડથી વધુનું નુકસાન થયું છે. બીએસઇ પર લિસ્ટેડ શેરોનું માર્કેટ કેપ રૂ. ૪૬૩.૪૯ લાખ કરોડ પર બંધ થયું હતું, જે છેલ્લા ટ્રેડિંગ સેશનમાં રૂ. ૪૬૧.૨૩ કરોડ હતું. આ ગણતરી આ સત્રમાં માર્કેટ કેપમાં રૂ. ૨.૨૬ લાખ કરોડનો ઘટાડો થયો છે.

બજારનો અંડરટોન નબળો રહ્યો હતો. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી માત્ર ૧૦ શેરો જ ઉછાળા સાથે બંધ થયા હતા, જ્યારે ૨૦ નુકસાન સાથે બંધ થયા હતા. નિફ્ટીના ૫૦ શેરોમાંથી માત્ર ૧૩ શેરો ઉછાળા સાથે બંધ થયા હતા જ્યારે ૩૭ શેરો નુકસાન સાથે બંધ થયા હતા.

સૌથી વધુ વધનારા શેરોમાં એશિયન પેઇન્ટ્સ ૨.૧૮ ટકા, બજાજ ફાઇનાન્સ ૧.૫૭ ટકા, સન ફાર્મા ૦.૮૮ ટકા, ઇંઅક ૦.૫૮ ટકા, ઇંઈક ટેક ૦.૩૯ ટકા, બજાજ ફિનસર્વ ૦.૩૭ ટકા, ઈંઝઈ ૦.૧૯ ટકા, એક્સિસ બેન્ક ૦.૦૮ ટકા, ભારતી ૦.૦૮ ટકા વધ્યો છે, જ્યારે સૌથી વધુ ઘટનારા શેરોમાં ટાટા મોટર્સ ૫.૭૭ ટકા, ગઝઙ્ઈ ૧.૫૬ ટકા, અદાણી પોર્ટ્સ ૧.૫૩ ટકા, ક્ઝ ૧.૫૧ ટકા, એસબીઆઇ ૧.૪૫ ટકા, જેએસડબલ્યુ સ્ટીલ ૧.૪૨ ટકાના ઘટાડા સાથે બંધ થયો હતો.

ડોલર, યુએસ બોન્ડ યિલ્ડ અને ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડા છતાં ખાસ કરીને વિશ્વના સૌથી મોટા અર્થતંત્ર અમેરિકામાં મંદીના સંકેત મળવાને કારણે વૈશ્વિક બજારો પાછળ સ્થાનિક બજારમાં પણ વેચવાલીનું દબાણ વધ્યું હતું. અર્થશાસ્ત્રીઓ માને છે કે, અમેરિકામાં જાહેર થનારા નોન-ફાર્મ ડેટા અને અનએમ્પ્લોયમેન્ટ ડેટાની અસર, ફેડરલ રિઝર્વના વ્યાજદરમાં ઘટાડાનું કદ અને ઝડપ નક્કી કરી શકે છે. ■

# અમેરિકાના ફુગાવાની જાહેરાત પૂર્વે વિશ્વ બજાર પાછળ સોનામાં ₹ ૪૦૪નો અને ચાંદીમાં ₹ ૧૨૦૦નો ચમકારો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આજે મોડી સાંજે અમેરિકાના કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સની થનારી જાહેરાત પૂર્વે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવમાં સુધારો આગળ ધપ્યો હતો. તેમ જ ચાંદીના ભાવ પણ વધી આવ્યાના અહેવાલ હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં બન્ને કિંમતી ધાતુઓના ભાવમાં સુધારો આગળ વધ્યો હતો, જેમાં સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૦૩થી ૪૦૪ વધી આવ્યા હતા. તેમ જ ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૨૦૦નો ચમકારો આવ્યો હતો.

આજે સ્થાનિકમાં ખાસ કરીને .૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૨૦૦ના ચમકારા સાથે રૂ.૮૩,૦૦૦ની સપાટી કુદાવીને રૂ. ૮૩,૪૦૭ના મથાળે રહ્યા હતા. તેમ જ સોનામાં પણ સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગને ટેકે ૯૯.૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૦૩ વધીને રૂ. ૭૧,૭૦૬ અને ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૪૦૪ વધીને રૂ. ૭૧,૯૯૪ના મથાળે રહ્યા હતા.

અમેરિકાના કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સની આજે મોડી સાંજે થનારી જાહેરાત ઉપરાંત આવતીકાલે પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સની જાહેરાત પૂર્વે આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા વધીને ઔંસદીઠ ૨૫૨૧.૨૦ ડૉલર અને વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩ ટકા વધીને ૨૫૫૦.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા અને હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩૬ ટકા વધીને ઔંસદીઠ ૨૮.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે આજે અમેરિકા ખાતેની પ્રેસિડેન્શિયલ ડિબેટ અને ત્યાર બાદ ફુગાવાની જાહેરાત પર રોકાણકારોની નજર હોવાથી સોનાના ભાવમાં સાંકડી વધઘટ સાથે મક્કમ અન્ડરટોન જોવા મળ્યો હોવાનું ટીડી સિક્યોરિટીઝનાં કૉમૉડિટી સ્ટ્રેટેજિસ્ટ ડેનિયલ ઘલીએ જણાવતાં ઉમેર્યું હતું કે ફુગાવા અને ઉત્પાદનના ડેટાને ધ્યાનમાં લેતા ફેડરલ રિઝર્વ આગામી ૧૭-૧૮ સપ્ટેમ્બરની બેઠકમાં વ્યાજદરમાં કેટલી માત્રામાં કાપ મૂકવો તે અંગે નિર્ણય લે તેમ હોવાથી રોકાણકારોએ સાવચેતીનો અભિગમ અપનાવ્યો છે.

રૉઈટર્સના સર્વેક્ષણ અનુસાર અમેરિકા ખાતે જાહેર થનારા ફુગાવામાં માસાનુમાસ ધોરણે ૦.૨ ટકા વૃદ્ધિ થવાની ધારણા મૂકવામાં આવી છે. જોકે, એક્સિનિટી જૂથના ચીફ માર્કેટ એનાલિસ્ટ હેન ટેનના મતાનુસાર હાલ સોનામાં ૨૫૦૦ ડૉલરની મનોવૈજ્ઞાનિક સપાટી આસપાસ ટેકો મળી રહ્યો છે. જો ફુગાવામાં અપેક્ષા કરતાં વધુ ઘટાડો જોવા મળ્યો તો ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં મોટી માત્રામાં ઘટાડો કરવામાં આવે તેવી શક્યતા પ્રબળ બનતા સોનામાં તેજીનું વલણ જોવા મળી શકે છે, એમ તેમણે ઉમેર્યું હતું. અત્રે નોંધનીય બાબત એ છે કે આ વર્ષમાં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં ૨૧ ટકા જેટલો વધારો થયો છે અને એક તબક્કે ભાવ વધીને ઔંસદીઠ ૨૫૩૧ ડૉલરની વિક્રમ સપાટી સુધી પહોંચ્યા હતા. ■

# ડૉલર સામે રૂપિયામાં સાંકડી વધઘટે ટકેલું વલણ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ઘટાડાતરફી વલણ રહ્યું હતું. તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં ચોખ્ખી લેવાલી જળવાઈ રહી હોવા છતાં આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બૅન્ચમાર્ક ઈન્ડેક્સમાં ઘટાડાતરફી વલણ રહ્યું હોવાથી અને સંભવિતપણે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાનો નીચલા મથાળેથી બજારમાં હસ્તક્ષેપ રહેતાં આજે ડૉલર સામે રૂપિયો સાંકડી વધઘટે અથડાઈને ગઈકાલની ૮૩.૯૮ની સપાટીએ ટકેલા ધોરણે બંધ રહ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૩.૯૮ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૮૩.૯૭ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૩.૯૮ અને ઉપરમાં ૮૩.૯૩ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલની જ ૮૩.૯૮ની સપાટીએ બંધ રહ્યો હતો.

એકંદરે આજે રિઝર્વ બૅન્કના બજારમાં હસ્તક્ષેપ, ડૉલર અને બ્રેન્ટ ક્રૂડતેલની નરમાઈને ટેકે રૂપિયામાં સાંકડી વધઘટે ટકેલું વલણ જોવા મળ્યું હોવાનું આનંદ રાઠી શૅર્સ ઍન્ડ સ્ટોક બ્રોકર્સનાં કૉમૉડિટી તથા કરન્સી વિભાગના આસિસ્ટન્ટ વાઈસ પ્રેસિડૅન્ટ મનીષ શર્માએ જણાવતાં ઉમેર્યું હતું કે હાલની સ્થાનિક તેમ જ વૈશ્વિક સ્થિતિને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૮૩.૯૦થી ૮૪.૧૦ આસપાસની રેન્જમાં અથડાતો રહે તેવી શક્યતા જણાય છે.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૨૩ ટકા ઘટીને ૧૦૧.૩૯ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ઘટ્યા મથાળેથી ૨.૪૪ ટકા વધીને બેરલદીઠ ૭૦.૮૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૨૨૦૮.૨૩ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાથી રૂપિયાને અમુક અંશે ટેકો મળ્યો હોવા છતાં આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૩૯૮.૧૩ પૉઈન્ટનો અને ૧૨૨.૬૫ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી રૂપિયામાં સુધારો અટક્યો હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું. ■

# ખપપૂરતા કામકાજે ખાંડમાં ધીમો ઘટાડો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર મહારાષ્ટ્રની સ્થાનિક માગ ઉપરાંત દેશાવરોની છૂટીછવાઈ માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૮૦થી ૩૬૩૦ના મથાળે ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેવાની સાથે અમુક માલની ગુણવત્તા પણ નબળી હોવાથી સ્મોલ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. આઠનો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી રૂ. છનો ઘટાડો આવ્યો હતો. જોકે, નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૯થી ૩૦ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ રહ્યો હતો અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતા ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે માગ અને માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. આઠના ઘટાડા સાથે રૂ. ૩૭૨૨થી ૩૮૦૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બેના સાધારણ ઘટાડા સાથે રૂ. ૩૮૦૨થી ૩૯૬૦માં થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર અનુક્રમે ક્વિન્ટલે રૂ. ૩૬૪૦થી ૩૬૮૦માં અને રૂ. ૩૭૪૦થી ૩૭૮૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.


# દેશી-આયાતી તેલમાં જળવાતો સુધારો, વેપાર નિરસ

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૯૨ સેન્ટનો ઘટાડો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ હતા, જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૩૧ રિંગિટનો સુધારો આવ્યો હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં પણ આયાતી આરબીડી પામોલિન અને સન રિફાઈન્ડના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ અને સોયા રિફાઈન્ડના ભાવમાં રૂ. પાંચનો સુધારો આવ્યો હતો. વધુમાં આજે સૌરાષ્ટ્રનાં મથકો પાછળ દેશી તેલમાં સિંગતેલના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ અને કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૨૦નો ઉછાળો આવ્યો હતો. જોકે, આજે હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે વેપાર અત્યંત પાંખાં રહ્યા હતા.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે આરબીડી પામોલિનના ૧૦ કિલોદીઠ ભાવમાં રૂચીના રૂ. ૧૦૧૫, ગોલ્ડન એગ્રીના રૂ. ૧૦૧૫, એએનએના રૂ. ૧૦૧૭ અને રિલાયન્સ રિટેલના ૧૮થી ૩૦ સપ્ટેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૦૧૨ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે અલાનાના સોયા અને સન રિફાઈન્ડના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૧૦૧૫ ક્વૉટ થઈ રહ્યા હતા. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં દેશી-આયાતી તેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૦૦૦, સન રિફાઈન્ડના રૂ. ૧૦૧૦, સિંગતેલના રૂ. ૧૫૬૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૦૮૦ અને સરસવના રૂ. ૧૨૯૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૪૩૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૨૫ અને કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૦૫૦થી ૧૦૫૫ના મથાળે થયા હતા.

આજે મધ્ય પ્રદેશનાં મથકો પર અંદાજે ૫૫,૦૦૦ ગૂણી સોયા સીડની આવકોના તથા ઈન્દોર ખાતે હાજરમાં સોયા રિફાઈન્ડના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૦૦૦માં થયાના અહેવાલ હતા. તેમ જ આજે રાજસ્થાનમાં સરસવની ૧.૩૫ લાખ ગૂણીની આવક સામે જયપુરની મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૬૭૦૦થી ૬૭૨૫માં થયા હતા. આ સિવાય સરસવ એક્સ્પેલરના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૪૨માં અને કચ્ચી ઘાણીના રૂ. ૧૩૫૨માં થયા હતા. ■

# ટીન અને નિકલની આગેવાની હેઠળ ચોક્કસ ધાતુઓમાં સુધારો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે ખાસ કરીને ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. એકથી પાંચનો સુધારો આવ્યો હતો. તેમ જ તેની આગેવાની હેઠળ કોપર, બ્રાસ અને એલ્યુમિનિયમની અમુક વેરાઈટીઓ, લીડ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબમાં વપરાશકાર ઉદ્યોગ તથા સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી પાંચનો સુધારો આવ્યો હતો. જોકે, આજે નિરસ માગે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને કોપર કેબલ સ્ક્રેપમાં નિરસ માગે ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. બે અને રૂ. એકનો ઘટાડો આવ્યો હતો, જ્યારે અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં મુખ્યત્વે ટીન, નિકલ અને બ્રાસ શીટ કટિંગ્સમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૯ વધીને રૂ. ૨૭૦૦, રૂ. પાંચ વધીને રૂ. ૧૩૬૦ અને રૂ. પાંચ વધીને રૂ. ૫૫૫ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં ઔદ્યોગિક વપરાશકારો અને સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૨૬૨, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૨૨૭ અને કોપર સ્ક્રેપ હેવી, કોપર આર્મિચર, કોપર વાયરબાર અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૭૭૮, રૂ. ૭૬૭, રૂ. ૮૧૮ અને રૂ. ૧૯૧ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે માત્ર બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને કોપર કેબલ સ્ક્રેપમાં છૂટીછવાઈ સ્ટોકિસ્ટોની વેચવાલી અને નિરસ માગે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૫૧૮ અને રૂ. એક ઘટીને રૂ. ૭૮૪ના મથાળે રહ્યા હતા, જ્યારે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ખપપૂરતી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૭૨૦ અને રૂ. ૧૯૪ના મથાળે રહ્યા હતા. ■

# ઑગસ્ટમાં પાવર ક્ષેત્રને કોલસાની રવાનગી ઘટી

નવી દિલ્હીઃ ગત ઑગસ્ટ મહિનામાં પાવર ક્ષેત્રને કોલસાની રવાનગીઓ ઑગસ્ટ, ૨૦૨૩ના ૬.૧૪૩ કરોડ ટન સામે ૫.૪ ટકા ઘટીને ૫.૮૦૭ કરોડ ટનના સ્તરે રહી હોવાનું એક અધિકૃત યાદીમાં જણાવાયું છે.

ગત ઑગસ્ટ મહિનામાં પાવર ક્ષેત્રે કોલસાની રવાનગી ગત સાલના સમાનગાળાના ૬.૧૪૩ કરોડ ટન સામે સાધારણ ઘટીને ૫.૮૦૭ કરોડની સપાટીએ રહી હોવાનું કોલસા મંત્રાલયે એક યાદીમાં જણાવતાં ઉમેર્યું હતું કે પાવર ક્ષેત્રને કોલસાની રવાનગીને અગ્રતાક્રમ આપવામાં આવી રહ્યો છે.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર વર્તમાન નાણાકીય વર્ષમાં ગત એપ્રિલથી ઑગસ્ટ દરમિયાન પાવર ક્ષેત્રને કોલસાની રવાનગી ગત સાલના સમાનગાળાના ૩૨.૫૩૩ કરોડ ટન સામે ૪.૧૩ ટકા વધીને ૩૩.૮૭૫ કરોડ ટનની સપાટીએ રહી હતી. જોકે, ગત ઑગસ્ટ મહિનામાં કોલસાની કુલ રવાનગીઓ પણ ઑગસ્ટ, ૨૦૨૩ના ૭.૫૧૯ કરોડ ટન સામે સાધારણ ઘટીને ૬.૯૯૪ કરોડ ટનના સ્તરે રહી હતી.

એકંદરે ગત ઑગસ્ટ મહિનામાં ખનન અને રવાનગીઓ પર થયેલી માઠી અસર જોવા મળી હોવા છતાં એપ્રિલથી ઑગસ્ટ દરમિયાન કોલસાનું ઉત્પાદન અને રવાનગીમાં સકારાત્મક વલણ જોવા મળ્યું હોવાનું યાદીમાં ઉમેર્યું હતું.

કોલસા મંત્રાલય દેશમાં એનર્જીની માગને પહોંચી વળવા માટે પાવર ક્ષેત્રને કોલસાનો પર્યાપ્ત પુરવઠો પૂરો પાડવા માટે પ્રતિબદ્ધ હોવાનું યાદીમાં જણાવતાં ઉમેર્યું હતું કે ગત ઑગસ્ટ મહિનામાં દેશમાં કોલસાનું ઉત્પાદન સાધારણ ઘટીને ૬.૨૬૭ કરોડ ટન (૬.૭૭૬ કરોડ ટન)ના સ્તરે રહ્યું છે. ■

# બીએસઇના માર્કેટ કેપમાં ₹ ૨.૭૩ લાખ કરોડનો ઘટાડો

મુંબઇઃ શેરબજારમાં બે સત્રની આગેકૂચને બ્રેક લાગી હતી અને બુધવારના સત્રમાં માત્ર બીએસઈ કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને એફએમસીજી ઈન્ડેક્સ વધ્યા હતા અને બીએસઇના માર્કેટ કેપમાં રૂ.૨.૭૩ લાખ કરોડનો ઘટાડો નોંધાયો હતો. માર્કેટ કેપ રૂ.૨.૭૩ લાખ કરોડ ઘટીને રૂ.૪૬૦.૭૬ લાખ કરોડ રહ્યું હતું. સેન્સેક્સની સાત સ્ક્રિપ્સ વધી હતી અને ૨૩ સ્ક્રિપ્સ ઘટી હતી.

એક્સચેન્જમાં ૪,૦૭૦ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૬૦૩ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૩૬૮ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૯૯ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૩૦૩ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૩૫ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૫૨ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૫૭ ટકા ઘટ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૧૪ ટકા વધ્યો અને એસએમઈ આઈપીઓ ૦.૪૪ ટકા ઘટ્યો હતો.

સેક્ટરલ ઈન્ડાયસીસમાં માત્ર બીએસઈ કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૧૬ ટકા અને એફએમસીજી ૦.૧૫ ટકા વધ્યા હતા, જ્યારે ઓઈલ એન્ડ ગેસ ૨.૨૫ ટકા, એનર્જી ૧.૭૭ ટકા, મેટલ ૧.૩૫ ટકા, યુટિલિટીઝ ૧.૨૯ ટકા, રિયલ્ટી ૧.૨૨ ટકા, ઓટો ૧.૧૭ ટકા, કોમોડિટીઝ ૧.૧૪ ટકા, ટેલિકોમ ૦.૮૪ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૪૮ ટકા, સર્વિસીસ ૦.૪૮ ટકા, બેન્કેક્સ ૦.૪૨ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૩૮ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૩૭ ટકા, ટેક ૦.૩૨ ટકા, આઈટી ૦.૨૯ ટકા, પાવર ૦.૨૪ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૧૭ ટકા અને હેલ્થકેર ૦.૦૭ ટકા ઘટ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં એશિયન પેઈન્ટ્સ ૨.૧૮ ટકા, બજાજ ફાઈનાન્સ ૧.૫૭ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૦.૫૮ ટકા, સન ફાર્મા ૦.૫૨ ટકા, બજાજ ફિનસર્વ ૦.૪૧ ટકા, આઈટીસી ૦.૧૬ ટકા અને ભારતી એરટેલ ૦.૦૫ ટકા વધ્યા હતા. જ્યારે મુખ્યત્વે ટાટા મોટર્સ ૫.૭૪ ટકા, સ્ટેટ બેન્ક ૧.૮૩ ટકા, એનટીપીસી ૧.૭૬ ટકા, અદાણી પોર્ટ્સ ૧.૫૮ ટકા, લાર્સન ૧.૫૧ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૧.૪૫ ટકા, જેએસડબ્લ્યુ સ્ટીલ ૧.૪૨ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક ૧.૦૭ ટકા અને તાતા સ્ટીલ ૦.૮૭ ટકા ઘટ્યા હતા. બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં સોમવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૮૧.૩૦ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૪૭૮ સોદામાં ૯૯૩ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ■

# તંગ પુરવઠાને કારણે દિલ્હીમાં કાંદાના સરેરાશ ભાવ કિલોદીઠ ₹ ૫૮ની સપાટીએ

નવી દિલ્હીઃ હાલ દેશમાં કાંદાની પુરવઠા સ્થિતિ તંગ હોવાથી રાજધાની દિલ્હી ખાતે કાંદાના સરેરાશ ભાવ કિલોદીઠ રૂ. ૫૮ની ઊંચી સપાટી આસપાસ પ્રવર્તી રહ્યા હોવાનું એક સરકારી આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.

ગ્રાહક બાબતોના ખાતા તરફથી પ્રાપ્ત થયેલી આંકડાકીય માહિતી અનુસાર ગત મંગળવારે દેશભરમાં કાંદાના સરેરાશ ભાવ કિલોદીઠ રૂ. ૪૯.૯૮ આસપાસના મથાળે રહ્યા હતા, જેમાં મહત્તમ ભાવ કિલોદીઠ રૂ. ૮૦ અને ન્યૂનતમ ભાવ કિલોદીઠ રૂ. ૨૭ રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગત પાંચમી સપ્ટેમ્બરે કેન્દ્ર સરકારે પ્રથમ તબક્કામાં નવી દિલ્હી-એનસીઆર અને મુંબઈ ખાતે ગ્રાહકોને રાહત આપવા માટે કાંદાનું કિલોદીઠ રૂ. ૩૫ના રાહતના દરે વેચાણ શરૂ કર્યું હતું.

એનસીસીએફ અને નાફેડ સરકાર વતી ૪.૭ લાખ ટન કાંદાનો સ્ટોક ધરાવે છે અને આ સ્ટોકમાંથી તેના સ્ટોર તથા મોબાઈલ વાન મારફતે રિટેલ વેચાણની શરૂઆત કરવામાં આવી છે. ગત સપ્તાહે ગ્રાહક બાબતોના સચિવ નિધિ ખરેએ નોંધ્યું હતું કે ગયા મહિના સુધીમાં ખરીફ કાંદાનો વાવેતર વિસ્તાર જે ગત સાલના સમાનગાળામાં ૧.૯૪ લાખ હેક્ટર હતો તે વધીને ૨.૯ લાખ હેક્ટર રહ્યો હોવાથી આગામી મહિનાઓમાં કાંદાના પુરવઠા અને ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળશે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે હજુ સ્ટોરેજમાં, ખેડૂતો અને ટ્રેડરો પાસે અંદાજે ૩૮ લાખ ટન કાંદાનો સ્ટોક રહ્યો છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u



**ગણપતિ મૂર્તિ વિસર્જન**
જૂનાગઢમાં શ્રીગણશે મહોત્સવની ઉજવણી ચાલી રહી છે. સાર્વજનિક ગણેશ સ્થાપન બાદ શ્રી ગણેશજીની મૂર્તિનું વિસર્જન અનંત ચતુર્દશીને દિવસે થશે પરંતુ ઘરે સ્થાપેલા ગણેશ સ્થાપન બાદ પાંચમા દિવસે મૂર્તિ વિસર્જન કરવામાં આવ્યું હતું. (તસવીરઃહરેશ સોની, જૂનાગઢ.)

# પાટણની સરસ્વતી નદીમાં ડૂબતાં ચારનાં મોત, ગણેશ વિસર્જન વખતે બનાવ બન્યોઃ ત્રણનો બચાવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પાટણ શહેરની સરસ્વતી નદીમાં ગણેશ વિસર્જન માટે આવેલા પાટણ શહેરના વેરાઈ ચકલા વિસ્તારમાં રહેતા પ્રજાપતિ પરિવારના ચાર સભ્યો અને અન્ય પરિવારના ત્રણ સભ્યો સહિત કુલ ૭ લોકો પાણીમાં ડૂબ્યા હતા. ગણેશ વિસર્જન દરમિયાન દુર્ઘટના સર્જાઈ હતી. તરવૈયાઓએ ત્રણને બચાવી લીધા હતા. એક યુવકનો મૃતદેહ હાથ લાગ્યો છે. જ્યારે અન્યની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન અન્ય ત્રણ લોકોની પણ લાશ મળી આવતા આ ઘટનામાં ૪ લોકોનાં મોત થયા છે. બચાવવામાં આવેલા ત્રણ લોકોને હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં છે.

પાટણની સરસ્વતી નદી પર પ્રજાપતિ સમાજના લોકો ગણેશ વિસર્જન માટે આવ્યા હતા. પહેલાં એક બાળક ડૂબતા એક પછી એક સાત લોકો એને બચાવવા પડ્યા હતા. સ્થાનિકોએ સાડી સહિતની વસ્તુઓ નાખીને બચાવવાનો પ્રયત્ન કર્યો હતો જેમાં ત્રણ જણા બહાર નીકળી ગયા હતા, પણ એક જ પરિવારના ચાર લોકો ડૂબી ગયા છે. જેમાં એકનો મૃતદેહ બહાર કઢાયો છે. પાટણ શહેરના વેરાઈ ચકલા વિસ્તારમાં રહેતા નીતિશભાઈ પ્રજાપતિના પત્ની પોતાના બે બાળકો અને પોતાના ભાઈ સાથે સરસ્વતી ડેમ પર ગણેશ વિસર્જન માટે આવ્યા હતા. આ દરમિયાન પાણીનો પ્રવાહ વધુ હોવાના કારણે તેઓ વહેણમાં તણાયા હતા. તેઓની સાથે બે પંડિત યુવાનો અને અન્ય એક શખ્સ પણ તણાતા ડેમ ઉપર હાજર અન્ય લોકોએ બુમાબુમ કરી અને સાતે લોકોને બચાવવાનો પ્રયાસ હાથ ધર્યો હતો. બનાવની જાણ થતા તંત્ર પણ ઘટનાસ્થળે દોડી આવ્યું હતું, તરવૈયાની મદદથી ત્રણ લોકોને નદીમાંથી તણાતા બચાવી લેવામાં આવ્યા હતા. જ્યારે પ્રજાપતિ પરિવારના જીમિતની શોધખોળ બાદ લાશ મળી આવી હતી. મેહુલભાઈ પંડિત અને બંટીભાઈ પંડિત સહિત અન્ય એક શખ્સને બચાવી લેવામાં આવ્યાં હતા. ■

# વિવાદાસ્પદ રણજિત બિલ્ડકોન કંપનીએ અંજાર ખનિજ કચેરીના નામે બોગસ દસ્તાવેજો બનાવ્યા!

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગુજરાતમાં અવારનવાર વિવાદમાં આવતી રહેતી રણજિત બિલ્ડકોન નામની જાણીતી પેઢીએ પૂર્વ કચ્છના અંજારની સરકારી કચેરીના નામે બોગસ દસ્તાવેજો બનાવ્યાની ફરિયાદ નોંધાતાં ભારે ચકચાર પ્રસરી જવા પામી છે.

આ અંગે જાણવા મળતી વિગતો મુજબ, પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝને રણજિત બિલ્ડકોનને કચ્છના સામખિયાળી અને રાપરના કિડીયાનગર વચ્ચે રેલવે ટ્રેકના ડબલીંગ કાર્ય અંતર્ગત કોન્ટ્રાક્ટ આપ્યો હતો. નિર્માણ કામગીરી અંતર્ગત રણજિત બિલ્ડકોન દ્વારા જે રેતી અને કપચી જેવા ખનિજનો ઉપયોગ થાય તે ખનિજની રોયલ્ટી ભરી હોવા અંગે ભૂસ્તરશાસ્ત્રી કચેરીના નો-ડ્યુ સર્ટિફિકેટ તથા એનઓસી સાથે રણજિત બિલ્ડકોને રેલ વિકાસ નિગમ લિમિટેડને બિલો રજૂ કરવાના રહેતા હતા.

કોન્ટ્રાક્ટરે અંજાર ભૂસ્તરશાસ્ત્રીની કચેરીમાં નો ડ્યુ પ્રમાણપત્ર માટે અરજી કરી હતી અને ખનિજના જથ્થામાં વિસંગતતા હોઈ ખૂટતાં ખનિજ જથ્થા અંગે પેનલ્ટી સહિતની રકમ ભરીને નો ડ્યુ સર્ટીફિકેટ મેળવ્યું હતું. આ સમયે કચેરી અને પેઢી વચ્ચે પત્ર વ્યવહાર થયો હતો. જે પૈકી ૨૮-૦૯-૨૦૨૨ના રોજ અંજાર કચેરીએ પાઠવેલા પત્રના જાવક નંબર ૨૮૧૦ના આધારે રણજિત બિલ્ડકોને અંજાર કચેરીના નામના અન્ય ત્રણ બનાવટી પત્રો, પ્રમાણપત્રો તૈયાર કરી તેમાં ભૂસ્તરશાસ્ત્રી પ્રણવસિંહની જાલી સહીઓ અને ખોટા સિક્કા કર્યા હતા. ત્રણે બોગસ દસ્તાવેજો કોન્ટ્રાક્ટરે રેલ વિકાસ નિગમ લિમિટેડની કચેરીમાં રજૂ કર્યા હતા. જો કે, ૧૭ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ રેલ વિકાસ નિગમે અંજારની કચેરીને કોન્ટ્રાક્ટરે બીડેલા તમામ પ્રમાણપત્રો વેરિફાઈ કરવા મોકલતાંપેઢી દ્વારા આચરવામાં આવેલું કૌભાંડ બહાર આવ્યું હતું.

દરમ્યાન, અંજારની કચેરીએ ઈસ્યૂ કરેલા પત્રમાં ખનિજના જથ્થાવાળી કોલમમાં જોવા મળેલી વિસંગતતાના મુદ્દે અંજાર કચેરીએ કોન્ટ્રાક્ટર પેઢીને નોટિસ મોકલી રૂબરૂ ખુલાસો માંગતા આ પેઢીનો રાકેશ બાલા નામનો પ્રતિનિધિ કચેરીમાં હાજર થયો હતો. આ પ્રતિનિધિએ ના વાંધા પ્રમાણપત્રમાં દર્શાવેલા ખનિજના જથ્થાની વિસંગતતા મુદ્દે પેનલ્ટી ભરવાની લેખિત અને મૌખિક તૈયારી બતાવી હતી, જો કે, બનાવટી દસ્તાવેજ રજૂ કરવા અંગે રાકેશે ખુલાસો નહોતો આપ્યો.

આ ઘટનાને ગંભીર ગણીને સરકારી કચેરીએ ૨૪-૦૫-૨૦૨૩ના રોજ અંજાર પોલીસ મથકે રણજિત બિલ્ડકોનની ઠગાઈ અંગે તપાસ કરી ગુનો દાખલ કરવા અરજી આપવા છતાં અગમ્ય કારણોસર ગુનો દાખલ કરવામાં રસ ન બતાડનાર પોલીસને આખરે રણજિત બિલ્ડકોનના કાંડનો પર્દાફાશ થયાં બાદ વિધિવત્ ફરિયાદ નોંધવી પડી હતી.

અંજારની ખાણ ખનિજ અને ભૂસ્તરશાસ્ત્રી કચેરીના સિનિયર ક્લાર્ક જુવાનસિંહ ડાભીએ રણજિત બિલ્ડકોનના જવાબદારો ઉપરાંત દિપેશ બાબુલાલ સોરઠીયા તથા તપાસમાં જેની સંડોવણી બહાર આવે તેમની વિરુધ્ધ અંજાર પોલીસ મથકે દંડ સંહિતાની કલમ ૧૨૦-બી, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧ અને ૪૭૨ હેઠળ ફરિયાદ નોંધાવી છે. ■

# વઢવાણની સોસાયટીમાં તસ્કરોનો તરખાટઃ ₹૫.૭૫ લાખની મતાની ચોરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વઢવાણ લીંબડી રોડ પર આવેલી વિશ્વકર્મા ટાઉનશીપમાં બંધ બે રહેણાંક મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યા હતાં અને બંન્ને બંધ રહેણાંક મકાનમાંથી રોકડ રૂપિયા તેમજ સોના ચાંદીના દાગીના સહીત કુલ રૂ.૫.૭૫ લાખની મત્તાની ચોરી કરી તસ્કરો ફરાર થઇ ગયાં હતાં. આ મામલે ભોગ બનનાર મકાન માલિકે વઢવાણ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

વઢવાણ લીંબડી રોડ પર આવેલી વિશ્વકર્મા સોસાયટીમાં બંધ બે રહેણાંક મકાનમાંથી લાખો રૂપિયાની મત્તાની ચોરી કરી તસ્કરોએ પોલીસને ખુલ્લો પડકાર ફેંક્યો છે. પોલીસ સુત્રો પાસેથી મળતી મુજબ વઢવાણ લીંબડી રોડ પર આવેલી વિશ્વકર્મા સોસાયટીમાં રહતા કમલેશભાઇ પરમાર અને તેમના પત્નિ વ્યારા તાલુકાના અણુમાલા ગામે રહેતા તેમના દિકરાના ઘરે ગયા હતાં અને ઘરની ચાવી તેમના કુટુંબી ભરતભાઇ પરમારને આપીને ગયાં હતાં.

ભરતભાઇ તેમના દાદા કમલેશભાઇને ઘરે આંટો મારવા ગયાં હતા તો રસોડાની બહાર રોડ સાઇડમાં આવેલું દરવાજાનું તાળુ તુટેલી હાલતમાં જોવા મળ્યું હતું. ભરતભાઇએ ઘરમાં તપાસ કરતા ઘરમાં સેન્ટરલોકનો દરવાજો તોડી કબાટમાંથી રોકડા રૂા.૪,૫૦,૦૦૦ તેમજ ૬ તોલાનો સોનાનો હાર તેમજ ચાંદીના છડા કિંમત રૂપિયા પાંચ હજાર સહીત કુલ રૂા.૪,૮૫,૦૦૦ની મત્તાની ચોરી થયા અંગે ભરતભાઇએ વઢવાણ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી. જ્યારે બીજા બનાવમાં વિશ્વકર્મા ટાઉનશીપમાં જ રહેતા કાંતીભાઇ કણઝરીયા પરિવારજનો સાથે થાન ગયાં હતા તે દરમિયાન તસ્કરોએ તેમના બંધ મકાનને નિશાન બનાવ્યું હતું અને ઘરનો તમામ સામાન અસ્તવ્યસ્ત કરી ઘરની તીજોરીમાં રહેલા રોકડા રૂ.૫૦ હજાર તેમજ ચાંદીના છડા, જુડો, ચાંદીનો હાર, માછલી સહિત કુલ રૂા.૭૦ હજારની મત્તાની ચોરી કરી ફરાર થઇ ગયાં હતાં. આ બનાવ અંગે ભોગ બનનાર કાંતિભાઇ કણઝરીયાએ વઢવાણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. ■

# રાજકોટ સિવિલ હૉસ્પિટલમાં વૃદ્ધાની સારવાર ન કરનાર બે ડોક્ટર સામે કડક પગલાં લેવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ સિવિલ હૉસ્પિટલની બેદરકારીના કેસમાં વૃદ્ધાને સારવાર ન આપનાર બે ડોક્ટરને સસ્પેન્ડ કરાશે. ડૉક્ટરે વૃદ્ધાને સારવાર આપવાના બદલે રેઢી મુકી હતી. સમગ્ર મામલે સાત સભ્યોની ટીમે રિપોર્ટ તૈયાર કર્યો છે. રિપોર્ટ મેડિકલ સુપરિટેનડન્ટને સોંપવામાં આવ્યો છે. હવે વૃદ્ધાને રેઢી મૂકી દેનાર બે ડોક્ટર સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

વૃદ્ધાને સારવાર ન આપીને રેઢી મુકનાર બે ડોક્ટરને સસ્પેન્શન લેટર અપાશે. ભવિષ્યમાં સિવિલ હૉસ્પિટલમાં આવો બનાવ ન બંને તે માટે મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. ૭૦ વર્ષીય વર્ષાબેન સાથે સિવિલ હૉસ્પિટલમાં અમાનવીય વ્યવહાર થયો હતો. સારવાર આપ્યા વગર વૃદ્ધાને પીએમ રૂમની બહાર મૂકી દેવામાં આવ્યા હતા. બનાવની ગંભીરતાને ધ્યાને લઈને તપાસ માટે સાત સભ્યોની ટીમની રચના કરાઇ હતી.

શહેરની સિવિલ હૉસ્પિટલમાં ગુરુવારની રાત્રે ૧૦ વાગ્યાની આસપાસ ૧૦૮ દ્વારા મવડી વિસ્તારમાં રહેતી ૭૦ વર્ષીય વર્ષાબેન ભાસ્કર નામની વૃદ્ધાને સારવાર અર્થે સિવિલ હૉસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. તેમની સાથે કોઈપણ સગા સંબંધી ન હોવાથી સિવિલ હૉસ્પિટલ ખાતે કાર્યરત હેલ્પ ડેસ્ક દ્વારા તેમને સિવિલ હૉસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા. પ્રથમ ઇમરજન્સી વોર્ડ અને ત્યારબાદ તેમને અન્ય વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા હતા. શુક્રવારના રોજ વહેલી સવારે છ વાગ્યા આસપાસ હેલ્પ ડેસ્કની ટીમ દ્વારા વૃદ્ધા બાબતે તપાસ કરવામાં આવતા વૃદ્ધા તેમના બેડ પર જોવા નહોતા મળ્યા. સીસીટીવી કેમેરા ચેક કરતા વૃદ્ધા પીએમ રૂમ પાસે સ્ટ્રેચરમાં પડેલા જોવા મળ્યા હતા. આ મામલે સિવિલ હૉસ્પિટલના આરએમઓ દ્વારા તપાસ કરવામાં આવતા રેસીડેન્ટ ડોક્ટર દ્વારા વૃદ્ધાની સારવાર ન કરવી પડે તે માટે પીએમ રૂમ પાસે સ્ટ્રેચરમાં લઈ જવામાં આવ્યા હતા. વૃદ્ધાને હાથમાં સડો થઈ ગયો હોવાથી સર્જિકલ વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા હતા. ■

# રાજકોટ જિલ્લાનાં ભાદર-૨, કરમાળ અને ન્યારી- ૧ ડેમ ફરી ઓવરફલો થયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકા પાસે આવેલા ભાદર-૨ જળાશયમાં પાણીનું લેવલ ૫૩ મીટર નોંધાયું હતું અને આ ડેમના ૩ દરવાજા ૦.૪૫ મીટર ખોલવામાં આવ્યા હતા.

ધોરાજી તાલુકાના ભોલા, ભોલગામડા, છાડવાવદર, સુપેડી, ઉપલેટા તાલુકાના ચીખલા, સમઢીયાળા, ગણોદ, ભીમોરા, ગાઢા, ગન્ડોળ, હડફોડી, ઇશ્રા, કુંઢેચ, લાઠ, મેલી (મજેઠી), નીલખા, તાલાગણા, ઉપલેટા, પોરબંદર તાલુકાના કુતિયાણા, ભોગસર, બિલડી, ચૌટા, છાત્રાવા, કાતવાણા, કુતિયાણા, પસવારી, રોઘડા, સેગરસ, થાપડા, માણાવદર તાલુકાના ચીલોદરા, રોઘડા, વાડાસડા, વેકરી, ચીકાસા, ગરેજ, મિત્રાળા, નવી બંદર ગામોના લોકોને નદીના પટમાં અવરજવર ન કરવા ફ્લડ કંટ્રોલ સેલની યાદીમાં ચેતવણી આપવામાં આવી છે.

જ્યારે કોટડાસાંગાણી તાલુકાના વાદીપરા ગામ પાસે આવેલા કરમાળ ડેમનો ૧ દરવાજો ૦.૧૫ મીટર અને લોધિકા તાલુકા પાસે આવેલા ન્યારી-૧ ડેમનો ૧ દરવાજો ૦.૦૭૬ મીટર ખોલવામાં આવ્યો છે. આથી ડેમની હેઠવાસમાં આવેલા કોટડાસાંગાણી તાલુકાના બગદાળીયા, કરમાળ કોટડા, પીપળીયા, વાદીપરા, દેતડીયા તથા ન્યારી-૧ના હેઠવાસમાં આવેલા ઈશ્વરિયા, હરિપર પાળ, વડવાળી વાજડી, ખંભાળા, ન્યારા, પડધરી, રામપુર, રંગપુર, તરઘડી, ગઢીવાળી વજેલી, વેજાગામ, વેજાગામ-વાજડી, વાજડી-વિરડાવાળી ગામના લોકોને નદીના પટમાં અવરજવર ન કરવા અને સાવચેત રહેવા મામલતદાર ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલની યાદીમાં જણાવાયું છે. ■

# જૂનાગઢ-ખડીયા-મેંદરડા-સાસણ અને તાલાલા- સાસણ રોડનું ₹૪૩.૫૦ કરોડના ખર્ચે મજબૂતીકરણ થશે

અમદાવાદઃ સિંહદર્શન માટે દેશવિદેશમાં પ્રખ્યાત અને એશિયાટિક લાયનના એક માત્ર રહેઠાણ એવા જૂનાગઢ જિલ્લાના સાસણ ગીરમાં સિંહદર્શન માટે પ્રવાસીઓ વધુ સરળતાથી સાસણ ગીર પહોંચી શકશે.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે પર્યટન-પ્રવાસનની દ્રષ્ટિએ આગવું મહત્ત્વ ધરાવતા જૂનાગઢ-ખડીયા-મેંદરડા-સાસણ રોડ અને તાલાલા-સાસણ રોડ એમ ૪૨ કિલોમીટર લંબાઈના રસ્તાના મજબૂતીકરણ માટે ૪૩.૫૦ કરોડ રૂપિયા ફાળવવાની મંજૂરી આપી છે.

ગીર અભયારણ્યમાં તેમ જ દેવળિયા પાર્કમાં સિંહદર્શન માટે આવનારા પ્રવાસીઓ સાસણ ગીર જવા માટે આ માર્ગનો ઉપયોગ કરે છે. એટલું જ નહીં, જૂનાગઢથી ગીર સોમનાથને જોડતો આ માર્ગ પ્રવાસીઓને બાર જ્યોતિર્લિંગમાંના પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથના દર્શને જવા માટેનો પણ મહત્ત્વપૂર્ણ રસ્તો છે.

મુખ્ય પ્રધાને વર્ષ દરમ્યાન સિંહદર્શન માટે સાસણ ગીર આવતા વિશ્વભરના લાખો પ્રવાસીઓ ભગવાન સોમનાથના દર્શને પણ આ માર્ગેથી સરળતાપૂર્વક જઈ શકે તેવા પ્રવાસન-પર્યટન વિકાસ ધ્યેય સાથે ૪૨ કિલોમીટરના આ માર્ગના મજબૂતીકરણના કામો માટે આ રૂપિયા ૪૩.૫૦ કરોડની ફાળવણી કરી છે. ■

# સુરેન્દ્રનગરના રામનગરમાં રામદેવપીર મંદિર પાસે ગટરનાં પાણી ઊભરાતા રોષ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરેન્દ્રનગર રામનગર નવા જંક્શનથી પૂર્વ રામદેવપીરનું મંદિર આવેલું છે. આ મંદિર અને શેરીમાં થોડા દિવસોથી ગટરના પાણી ઊભરાતા ભક્તોમાં રોષની લાગણી ફેલાઇ છે. અહીં રામદેવપીર મંદિરે નવરાત્રિ પાટોત્સવ ચાલી રહ્યો છે ત્યારે આ ગટરનું પાણી બંધ થાય તેવી ભક્તોની માગ છે.

સુરેન્દ્રનગર-વઢવાણ શહેરી તેમજ છેવાડાના વિસ્તારોમાં ગટરોના પાણી લીકેજ થઇને રસ્તાઓ ઉપર ફરી વળવાની ફરિયાદ ઊઠી છે. સુરેન્દ્રનગરના રામનગરમાં છેલ્લા દોઢ માસથી રોડ નીચા અને ભૂગર્ભ ગટરો ઊંચી હોવાના કારણે ગટરોની ટાંકીઓ લીકેજ થતી હોવાથી અંદાજે ૨૦૦૦ની વસ્તી ધરાવતા આ વિસ્તારના લોકોમાં રોષની લાગણી ફેલાઇ છે. બીજી તરફ સુરેન્દ્રનગર- વઢવાણમાં ગણેશઉત્સવ, રામદેવપીરની નવરાત્રિ સહિતના મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે રામનગરમાં નવા જંક્શનથી પૂર્વ રામદેવપીરનું મંદિર આવેલું છે. આ મંદિરમાં ૧૪ સપ્ટેમ્બર સુધી નવરાત્રિ પાટોત્સવ ચાલી રહ્યો છે. આ મંદિરમાં રોજ ધાર્મિક પ્રસંગોની ઉજવણી કરવામાં આવે છે. પરંતુ ગટરના પાણી પ્રશ્ને તંત્રને અગાઉ પણ લેખિતમાં રજૂઆત કરી હતી. રામાપીરના મંદિર પાસે રસ્તો રિપેર કરવા અને ભૂગર્ભ ગટરના પાણીનો નિકાલ કરવા માંગણી કરી હતી. પરંતુ હજુ સુધી કોઇ કાર્યવાહી ન થતાં ભક્તોમાં રોષની લાગણી ફેલાઇ છે. ■

# લખપતના બેખડા ગામની મુલાકાત લઈને મૃતકોના પરિવારજનોને આરોગ્ય પ્રધાને સાંત્વના પાઠવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કચ્છ જિલ્લામાં લખપત અને અબડાસા તાલુકામાં શંકાસ્પદ તાવની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને બુધવારે આરોગ્ય પ્રધાન ઋષિકેશભાઈ પટેલ અને પ્રભારી પ્રધાન પ્રફૂલભાઈ પાનશેરિયાએ લખપત તાલુકાના બેખડા ગામની મુલાકાત લીધી હતી.

આરોગ્ય પ્રધાન અને પ્રભારી પ્રધાને ગામના સરપંચ રમઝાન ઓઝાત અને જત સમુદાય અગ્રણી ઝકરીયા હાજી નુર મોહમ્મદ તેમજ ગ્રામજનો સાથે સંવાદ કરીને આરોગ્યની પ્રવર્તમાન સ્થિતિનો તાગ મેળવ્યો હતો.

બંનેએ મૃતકોના પરિવારજનોની મુલાકાત લઈને સાંત્વના પાઠવી હતી. ઋષિકેશભાઈ પટેલે મૃતકોના પરિવારજનોને દિલાસો આપીને જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર આ દુઃખની ઘડીમાં તેમની પડખે ઊભી છે. બીમારીનું મૂળ કારણ શોધીને હવે કોઈ જ નાગરિકે જીવ ગુમાવવા ના પડે એ રાજ્ય સરકારશ્રીની પ્રાથમિકતા છે. પ્રભારી પ્રધાને ગ્રામજનોને સરકારની આરોગ્ય ટીમને સહકાર આપી શરદી, ઉધરસ, તાવ કે નબળાઈ જેવાં કોઈપણ લક્ષણો દેખાય તો તાત્કાલિક નજીકના સરકારી દવાખાનાનો સંપર્ક કરીને પૂરતી સારવાર લેવા અનુરોધ કર્યો હતો. સમયસર સારવાર લેવાથી જીવ બચી શકે છે એ બાબત ઉપર ભાર મૂકીને પ્રભારી પ્રધાને આરોગ્ય ટીમને સહયોગ આપવા અપીલ કરી હતી.

રાજ્યના આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ધનંજય દ્વિવેદીએ ગામના યુવાનોને આગેવાની લઈને સામાન્ય બીમારીમાં પણ કોઈપણ બેદરકારી દાખવ્યા વગર નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સરકારી હૉસ્પિટલનો સંપર્ક કરવા અનુરોધ કર્યો હતો. ■

# તળાજામાં કિન્નરો વચ્ચે વર્ચસ્વની લડાઇઃ બે કિન્નર પર હુમલો



ભાવનગરઃ જિલ્લાના તળાજાના વેપારીઓએ કિન્નરોની દબંગગીરીની ફરિયાદ બાદ આજે ભિક્ષાવૃત્તિના વિસ્તારના વર્ચસ્વની લડાઈ જામી હતી. તળાજાના બે કિન્નરો ઉપર ઠાડચ ખાતે રહેતા કિન્નરે પોતાના યુવાન પુરુષ સાગરિતો સાથે લાવી મૂઢમાર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી ફરાર થઇ ગયા હતા.

જર, જમીન અને જોરું આ કહેવત તળાજા વિસ્તારના કિન્નરને પણ લાગુપાડતી ઘટના પાલિતાણા રોડ પર આવેલી સુંદરવન ગૌશાળા નજીક બનવા પામી છે. તળાજા હૉસ્પિટલ ખાતે પોતાના ચેલાઓ પર થયેલા હુમલા બાદ સારવાર અર્થે દોડી આવેલા દીપિકામાસીએ આરોપ મૂક્યો હતો કે, આજે સાંજના સમયે પોતાના અહીં રહેતા સાત ચેલા પૈકીના રિયામાસી અને જાગૃતિમાસી પાલિતાણા હાઇવે પર ભિક્ષાવૃત્તિ કરી રહ્યા હતા. આ સમયે ઠાડચ ખાતે રહેતા મુક્તામાસીએ પોતાના સાગરીત જે એ વિસ્તારના પુરુષ છે તેને સાથે રાખી લાકડી, પથ્થર અને સળિયા વડે હુમલો કરી મૂઢ માર માર્યો હતો. આ લોકોએ જતા જતા ધમકી આપી હતીકે હવે અહીંયા ભિક્ષાવૃત્તિ કરશો તો જાનથી મારી નાખીશું. ■

# જામનગરમાં ₹૮૦ લાખના ખર્ચે બનાવેલો કોઝ-વે પાણીમાં ધોવાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગરના મોટા થાવરીયા ગામે રૂ.૮૦ લાખના ખર્ચે બનાવેલો કોઝ-વે પાણીના વહેણમાં ધોવાઈ જતા તંત્ર સામે અનેક સવાલો ઉઠ્યા છે. ગત જાન્યુઆરી મહિનામાં કોઝ-વેનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. થોડા જ મહિનામાં ભારે વરસાદમાં કોઝ-વે ધોવાઈ જતા આ કામમાં ભ્રષ્ટાચારનો આક્ષેપ ગ્રામજનોએ કર્યો છે. બીજી તરફ કોઝવેના કારણે ૩ ગામને જોડતો રસ્તો બંધ થતા છેલ્લા ૧૧ દિવસથી ગ્રામજનો પરેશાન થઈ રહ્યા છે.

જામનગર જિલ્લામાં ભારે વરસાદ પડતા અનેક જગ્યાએ તંત્રની પોલ ખુલી છે. ગ્રામ્ય વિસ્તારમાં અનેક જગ્યાએ રસ્તા, કોઝવે અને પુલ ધોવાયા હોવાની ઘટનાઓ બની છે. જામનગર જિલ્લાના મોટા થાવરીયા અને ખીમરાણા ગામને જોડતો કોઝ-વે માત્ર આઠ મહિના પહેલા બનાવવામાં આવ્યો હતો. આ કોઝ-વે ધોવાઈ જતા ગ્રામજનોએ ગંભીર આક્ષેપો કર્યા છે. ગત જાન્યુઆરી મહિનામાં પ્રધાન રાઘવજી પટેલના હસ્તે આ કોઝવેનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. પરંતુ માત્ર આઠ માસમાં કોઝ-વે ધોવાઈ જતા અધિકારીઓ અને તંત્ર સામે અનેક સવાલો ઉઠી રહ્યા છે. જિલ્લામાં રાજાશાહી વખતના અનેક કોઝ-વે હજુ પણ અડીખમ ઊભા છે. પરંતુ તંત્રએ માત્ર આઠ મહિના પહેલા બનાવેલો કોઝ-વે ધોવાતા ગ્રામજનોએ જણાવ્યું કે કામગીરી નબળી થઈ હોવાથી કોઝ-વે ધોવાયો છે.

પહેલા વરસાદે કોઝ વેનો એક ભાગ ધોવાતા લોકોને હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. ૮૦ લાખનો ખર્ચ કરવા છતાં સ્થિતિ ઠેરની ઠેર જોવા મળી રહી છે અને લોકો નદીમાંથી ચાલવા મજબૂર બન્યા છે. આ કોઝ-વે પરથી રોજ ૧૫૦ જેટલા પરિવારો અવરજવર કરે છે તેમજ વિદ્યાર્થીઓ પણ આ રસ્તા પરથી ચાલતા હોવાથી છેલ્લા ૨૦ દિવસથી સ્કૂલે જઈ ન શકતા હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું. ગ્રામજનો માગ કરી રહ્યા છે કે તાત્કાલિકકોઝ-વેનું રિનોવેશન કામ શરૂ કરવામાં આવે જેથી વાડી વિસ્તારમાં અવરજવર કરવા અને ત્રણ ગામના લોકોને અવરજવર કરવા માટે હાલાકી ન પડે. ■

# ગીર સોમનાથમાં સિંહ રહેણાંક વિસ્તારમાં ઘૂસતા અફરાતફરીનો માહોલ સર્જાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગીર સોમનાથમાં સિંહ રહેણાંક વિસ્તારમાં પ્રવેશ્યો હતો. ગીર ગઢડામાં એક સિંહ ટોળાથી વિખૂટો પડ્યો હતો. પટેલપરા વિસ્તારના મકાનમાં સિંહ ઘૂસતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. વહેલી સવારે વન વિભાગે સિંહનું રેસ્ક્યૂ કર્યું હતું.

મળતી માહિતી મુજબ ગીર ગઢડા શહેરમાં સિંહ પરિવાર ઘૂસ્યો હતો અને જેમાંથી એક નાની વયનો સિંહ વિખૂટો પડી એક ઘરમાં આવી ગયો હતો. પટેલપરા વિસ્તારના એક મકાનમાં ઘૂસતા વન વિભાગને જાણ કરતા રેસ્ક્યૂ હાથ ધરાયુ હતું. જોકે સિંહના રેસ્ક્યૂ દરમ્યાન અફરાતફરીના દ્રશ્યો જોવા મળ્યા હતા. ■